(દરજીએ) વિચિત્ર રંગવાળા સુંદર વસ્ત્રો પ્રભુને તૈયાર કરી આપ્યાં. આ પ્રમાણે ભકતે આપેલા અલંકારો ભક્તિપૂર્વક અર્પણ કરેલા હોવાથી અધિકાધિક શોભાને પુરુષોત્તમ પ્રકટ કરી પોતાનું રસસ્વરૂપ દર્શાવે છે. જે રસિક છે તેજ રસને પોષે છે. જ્યારે ભગવાન ગોપીજનોના મધ્યમાં બિરાજ્યા તે સમયનું વર્ણન કરતાં શુકદેવજી કહે છે કે-ગોપીજનોના મધ્યમાં બિરાજેલા ભગવાન સુવર્ણમણિના મધ્યમાં મરકટમણિ બિરાજતો હોય એમ શોભે છે. પુરુષ જેમ પોતાની શક્તિવડે શોભે છે તેમ આ ભગવાન શોભવા લાગ્યા. અનેક પ્રકારના સુંદર વેશને ધારણ કરનાર આ ભગવાન જ્યારે મથુરામાં પધાર્યા ત્યારે શણગારેલા શ્વેતકૃષ્ણ બાલગજ હોયને એમ શોભવા લાગ્યા. આ પ્રમાણે શ્રીમદ્ભાગવતની અંદર ભગવાનની નિરતિશય શોભાનું વર્ણન છે. ભગવાન્‌ને અંગરાગ જ્યારે મથુરાજીમાં કુબ્જાએ આપ્યો ત્યારે તે અંગ મેઘશ્યામ વર્ણ કરતાં જુદોજ વર્ણરૂપે શોભા આપતો હતો. આ પ્રમાણે અનેક રીતે અલંકૃત થઇ શ્રીરામ અને શ્રીકૃષ્ણ પોતાના અનુચરો સાથે મથુરામાં પ્રણામ કરનાર શરણાગત ભક્તને વરદાન આપતા ચાલતા હતા. આ સર્વ શુકવચનોથી સમજાશે કે ભકતે કરેલા શૃંગારથી શોભાને પ્રકટ કરી રસસ્વરૂપ ભગવાન્ ભકતોના હૃદયમાં રસ પોષે છે.

ભગવાન્ નિત્ય ઉત્સવરૂપ છે.

ભગવાન્ સ્વયં વ્યાપિવૈકુણ્ઠ વિગેરેમાં નિત્ય ઉત્સવરૂપ છે, "ગોપીજનોએ શું તપ કર્યું હશે કે આ નરલોકના મહોત્સવરૂપ ભગવાન્ રામકૃષ્ણને નિરખે છે. આ ભાગવતવાકયથી સિદ્ધ થાય છે. નિત્યોત્સવ, નિત્યસખ્ય, નિત્યશ્રી, નિત્યમંગળ શ્રીકૃષ્ણચન્દ્ર છે. અખણ્ડોત્સવરૂપ ભગવાન્ સ્વલોકમાં પધાર્યા. જ્યાં ભગવાનના મખ વિગેરે મહોત્સવરૂપ હોય ત્યાં સાક્ષાત્ પુરુષોત્તમ મહોત્સવરૂપ હોય એમાં કહેવું જ શું ? આવા કલ્યાણરૂપ-પુરુષોત્તમના ધ્યાન-જપ પાઠ કરતા જીવને શું નથી! સર્વ કંઇ છે. એમ વૈશમ્પાયન કહે છે, અને વિષ્ણુપુરાણના "**સ્મૃતે**"**ત્યાદિ** વચનથી પણ ભગવાનન્‌ને ઉત્સવરૂપ કહ્યા છે.

ઉત્સવના ગુણઃ—ઉત્સવથી લૌકિક-ઇતર-રસ ભૂલી જવાય છે ભગવદ્ગુણગાન કરનારને ભગવાન્ પરમાન્દનું દાન કરે છે. અને તેનાથી પણ દેહાધ્યાસાદિ દૂર થઇ જાય છે. આ ગુણ ભકતોમાં સ્વાભાવિક હોય છે. "ભગવાન્ વ્રજમાં રહ્યા ત્યારે વ્રજકતોએ તેટલા દિવસો ભગવત્સંબંધિની વાર્તાથી ક્ષણની માફક દિવસો ગાળ્યા. "ઉદ્ધવજી પણ શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં વ્રજભકતોના મધ્યમાં રમ્યા" "વિશ્વમૂર્તિ ભગવાન્‌ના ગુણગાનરૂપી અમૃતથી પરિપ્લુત થઇને (**મૈત્રેય**) શ્રીયુમનાના તટ ઉપર રહી પછી ગયા." આ પ્રમાણે ઘણા ભાગવતવાકયો સાર્થક થાય છે.

ભગવાન્‌ની કથા અને ભગવાન્ એક જ સ્વરૂપ છે. ઐશ્વર્યાદિ છ ધર્મ ભગવાન્‌માં છે એવાજ કથામાં પણ છે. એવું ગોપીગીતમાં " **तव कथामृतम्** " શ્લોકમાં કહ્યું છે.

ભક્તો કહે છે. ભગવાન્ મેઘસમાન છે—જેમ મેઘ બહુ ગંભીર છે. ઉદાર છે. જીવન આપનાર છે. ભાગવતમાં " ઘનમેઘસમાન, " " મેઘચક્રમાં તડિત્‌ની માફક વ્રજભક્તો શોભે છે " મેઘશ્યામ વિગેરે ઘણાં વિશેષણોથી ભગવાન્‌ને મેઘશ્યામ વર્ણવ્યા છે.

ભગવાન્ શ્યામ શાથી ? શું તમોગુણનું એ શ્યામપણું છે ? ના ? ભગવાન્‌નો શ્યામવર્ણ કોઇ-ઉપાધિથી હોય તો એવી શંકા થાય, પરન્તુ જ્ઞાનાનન્દમય આ લોક છે. લૌકિક-પ્રાકૃત નથી. ભાગવતમાં આ પ્રસંગ કહ્યો છે. " પહેલાં પ્રાકૃત પ્રલય થયો અવ્યક્તમાં વ્યક્ત સમાઇ ગયું. ત્યારે કાલમાયાથી અતીત ચિન્માત્ર બ્રહ્મ બાકી રહ્યું વ્યાપિવૈકુણ્ઠનામનો બ્રહ્માનન્દમય લોક નિર્ગુણ અનાદિ અન્ત છે. તે કેવળ અક્ષરમાં જ છે. " " શ્રુતિઓને પણ તેમની ઇચ્છાથી પ્રકૃતિપર પોતાનો લોક દર્શાવ્યો. તેમાં અનુભવાનન્દ અક્ષરના મધ્યમાં રહેલ કામદુઘ વૃક્ષોથી ભરેલું વૃન્દાવન દર્શાવ્યું. જ્યાં તમથી પર સત્ય-જ્ઞાન-અનન્ત સનાતન બ્રહ્મજ્યોતિરૂપ પોતાનો લોક ગોપોને દર્શાવ્યો. " " જે તે સમાધિસ્થ નિર્ગુણ મૂર્તિઓ જોઇ શકે છે. " " **विश्वतः पृष्ठे** " ઇત્યાદિ શ્રુતિ પણ ભગવદધિષ્ઠાનભૂત વ્યાપિવૈકુણ્ઠ વૃન્દાવનને ત્રિગુણાતીત સચ્ચિદાનન્દરૂપ કહે છે. ભગવાનનું ધામ આવું નિર્ગુણ છે, તો ભગવત્સ્વરૂપ ગુણાણીત નિરુપધિક અજન્ય હોય જ.

બ્રહ્મમાં પ્રાકૃત આકાર નથી, અલૌકિક આકાર છે.

સઘળા કાર્યધર્મો કારણમાં હોય જ એવો નિયમ નથી. ઘડાનો કંબુગ્રીવાદિ આકાર માટીમાં રહેતો નથી. કારણતા ધર્મો કાર્યમાં આવે છે, જેમકે—ઘડામાં માટી છે. આ પ્રમાણે જડ જીવને ભગવાનના સદંશ અને ચિદંશરૂપ વર્ણવામાં શ્રુતિસૂત્રોનો વિરોધ આવતો નથી. " **अस्थूलम्** " ઈત્યાદિ શ્રુતિથી અને **प्राकृतैतावत्त्वम्** ૩-૨-૨૩ બ્રહ્મસૂત્રથી પણ બ્રહ્મમાં પ્રાકૃતગુણો નિષેધ કરી અપ્રાકૃતગુણોનું પ્રતિપાદન કરે છે માટે કેવલ નિર્ધર્મક-નિરાકાર બ્રહ્મનું સ્વરૂપ વેદને સંમત નથી. પણ અલૌકિક ધર્મ, અલૌકિક આકારવાળું બ્રહ્મનું સ્વરૂપ છે. એમ માનવું એજ શ્રુતિ સમંત છે. " ભાગવત સર્વ વેદતરુનું ફલ છે. " " ભાગવત સર્વવેદઇતિહાસના સારરૂપ છે. સર્વ વેદાન્તના સારરૂપ છે. " આવા ભાગવતથી સર્વવેદનું રહસ્ય કહેનાર શ્રીભાગવતગુરુ શંકરાવતાર શુકદેવે " **श्यामं हिरण्यनिधिम्** " ભગવાન્‌ને શ્યામહિરણ્ય નિધિરૂપ કહ્યા છે. " આ સાક્ષાત્ બ્રહ્મરૂપ ભગવાન્ અધોક્ષજને મનુષ્યબુદ્ધિથી મનુષ્ય જાણી શકતા નથી. "

શ્રીમદ્‌ભાગવતમિષ્યતે શ્રીમદ્‌ભાગવત વેદકલ્પવૃક્ષનું ગળેલું ફલ છે. સર્વવેદ અને ઇતિહાસોમાંથી ઉદ્ધાર કરેલો સારનો સાર–તત્ત્વનું તત્ત્વ છે. સર્વવેદાન્તન સારનેજ ભાગવત કહે છે. એ શ્રીભાગવતના પરમગુરુ શ્રીશુકદેવજી છે. એમણે "श्यामं हिरण्यपरिधिम्" શ્યામસુંદર સુવર્ણની પરિધિવાળું શુદ્ધ બ્રહ્મનું સ્વરૂપ નિશ્ચય કર્યું છે. "तद्ब्रह्म परमं साक्षात्" તેજ અધોક્ષજ સર્વોત્તમ ભગવાન્ સાક્ષાત્ પર બ્રહ્મ છે. દુષ્ટ બુદ્ધિના મરણધર્મવાન્ મનુષ્યો તેમને મનુષ્ય બુદ્ધિથી જુવે છે. તેઓ પ્રભુને જાણતા નથી" એમ કહ્યું છે. દીનબંધુ શ્રીમદ્વિઠ્ઠલેશ્વરજીએ વિદ્વન્મંડનમાં "धर्मिग्राहकप्रमाणैर्विग्रहस्य ब्रह्मत्वम्" ધર્મીને પ્રતિપાદન કરનારાં પ્રમાણોથી તથા અનુમાનોથી પ્રભુનાં શરીરનું પણ ભગવદ્રૂપતા દર્શાવી છે. જે જે વિરુદ્ધ ધર્મ–આવવું, જવું વિગેરે જોવામાં આવે છે. તે દુર્જનોને દેખાડવા પુરતાજ–અસુરોને મોહ કરવા માટેજ છે. "अमोहाय गुणा विष्णोराकारश्चिच्छरीरता० अज्ञत्वं पारवश्यं च० ભગવાનના ગુણો, આકાર, ચિત્ શરીર વિગેરે મોહ ન થાય માટે જ છે. નિર્દોષ છે. મુક્ત જીવોને નિદોષપણું કહે છે, તો પ્રભુને સર્વ રીતે દોષ ન હોય એ સ્વાભાવિક છે." એમ બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે. અજ્ઞાનતા, પરવશતા, દ્વૈત, ભેદ, પ્રાકૃત દેહ તથા દેહત્યાગ વિગેરે જે કંઇ જોવામાં આવે છે. તે સર્વ અસુરોને મોહ ઉત્પન્ન કરવા માટે છે. ભગવાન્ તો સદાયે નિર્દોષ–કંઇપણ દોષરહિત પૂર્ણગુણ છે." એમ બ્રહ્મપુરાણમાં પણ કહે છે.

ભગવાન્ શૃંગારરસરૂપ છે

બ્રહ્મવાદમાં સાંખ્યની પેઠે પ્રકૃતિ અને ગુણનું કારણપણું નથી.

સર્વ ભવનસમર્થ બ્રહ્મ જ સર્વનું કારણ છે. સહજ અનંત શક્તિમાન્ પુરુષોત્તમ પોતાની કૃપાથી પ્રકટ થયેલી પ્રકૃતિને આધીન નથી. પોતાના જ સત્ ચિત્ અને આનંદમય ગુણોથી સત્તાદિ ગુણોને પ્રકટ કરે છે. સત્‌માંથી સત્ત્વગુણ, ચિત્‌માંથી રજોગુણ અને આનંદમાંથી તમોગુણ. એમ દ્વિતીય સ્કંધના શ્રીસુબોધિનીમાં વ્યાસમતરૂપ કમળના સૂર્ય શ્રીવલ્લભાચાર્યે વ્યવસ્થા કરી છે. તમોગુણરૂપ લૌકિક પદાર્થોમાં શ્યામરૂપ પ્રકટ કરવાની શક્તિપણ ભગવાનના પ્રવેશબલથી જ આવી છે. પુરુષ અને કાલાદિમાં ભગવાનનો પ્રવેશ નહિ હોવાથી તેઓમાં તેવી શક્તિ હોતી નથી. केवलात्मानुभावेन स्वमायां त्रिगुणात्मिकां संक्षोभयन् सृजति કેવળ આત્માના નિશ્ચયથી ત્રિગુણાત્મિકા પોતાની માયાને ક્ષોભ કરતા થકા સૃષ્ટિ કરે છે." એટલે બ્રહ્મ જ સર્વનું કારણ છે એમ નિશ્ચય થાય છે. જેમ જેમ શંકા કરવામાં આવે છે. તેમ તેમ સર્વનું અત્યંત કારણ બ્રહ્મ જ સિદ્ધ થાય છે.

આનંદ એ શૃંગાર રસસ્વરૂપ હોવાથી "श्यामो हि शृंगाररसः" એ ન્યાયે ભગવાન્ શ્યામસુંદર છે. પુષ્ટિભક્તિરૂપ ચાતકના મેઘરાજસમાન શ્રીઆચાર્યચરણે શ્રીસુબોધિનીમાં ' श्यामे पृथावुरसि शोभितया श्रिया–વિશાળ શ્યામ વક્ષઃસ્થલમાં શોભતાં લક્ષ્મી વડે" એમ લક્ષ્મી વિના કયાંયે પણ શોભા નથી એમ કહે છે. તે લક્ષ્મી ચંચલ છે, તેના રમણ માટે શ્યામ શૃંગારરૂપ વિશાળ–આલિંગનયોગ્ય વપુ ધારણ કર્યું. લક્ષ્મીને તેમાં પોતાનો આનંદ છે, તેથી તેમના વક્ષઃસ્થલમાં–હૃદયમાં પોતાનું આસન કર્યું. હૃદયમાં જ સર્વને સુખ થાય છે. ભગવાનનાં હૃદયમાં સર્વ સુખ–સર્વ આનંદ રહેલો છે. ત્યાંથી જ પ્રભુ સર્વને સુખ ઉત્પન્ન કરે છે. આ પણ એક કથન માત્ર જ છે. ખરૂં જોતાં બ્રહ્માંડમાં ભગવદ્રૂપ આનંદ જ સ્પષ્ટ રહેલો

છે. તેથી જ સર્વ સુખ થાય છે. શ્યામ કમલના દલના જેવા શ્યામ, નીલ-શ્યામ કમલ સુંદર, કોમલ, અને આનંદદાયક છે. પ્રભુ પણ તેવા જ સુંદર કોમલ અને આનંદમય-રસરૂપ છે. તેથી જ વિદ્વન્મંડનમાં "युग्यो योग्यो० યોજવાને યોગ્ય, સર્વમાં યોગ્ય શ્યામમેઘ સમાન શ્યામ શ્રીકૃષ્ણ, વીજળી જેવા શ્રીવ્રજવનિતાઓને સંયોગલાયક, સમાનશીલ અને વ્યસનવાળા સખા છે. એટલે જ ભાગવતરૂપ સમુદ્રના ચંદ્ર શ્રીશુકદેવજીએ "तडित इव ता मेघचक्रे विरेजुः-મેઘના સમૂહમાં વીજળીઓની પેઠે શોભતાં હતાં" એમ કહ્યું છે. ભક્તરૂપ ચાતકોનું આકર્ષણ કરવા માટે ભગવાન નીલ મેઘ સમાન શ્યામસુંદર થયા છે. શ્રીભાગવતસમુદ્રને મંથન કરવામાં સમર્થ આચાર્યચરણે "सान्द्रपयोदसौभगम्" એ વાક્યનાં શ્રીસુબોધિનીમાં જણાવ્યું કે. "सान्द्र એટલે ગાઢ-શ્યામ, पयोद એટલે મેઘ, જેમ મેઘ વર્ષા સમયમાં સર્વને આનંદ આપે છે. તાપને શાંત કરે છે. તથા ધાન્યને ઉત્પન્ન કરે છે. તે જ પ્રમાણે શ્યામસુંદર પ્રભુ પણ પૃથ્વીને, સ્વર્ગને, ધર્મને અને ભક્તોને સર્વ દુઃખ દૂર કરી સર્વ ઇષ્ટ સુખ-આનંદ આપે છે. "सर्वत्र पूर्णगुणकोऽपि बहूपमोऽभूतत-સર્વ સ્થાનમાં પરિપૂર્ણ ગુણયુક્ત છતાં બહુ ઉપમાવાન્ ભગવાન્ છે. એમને પ્રાકૃત-લૌકિક ઉપમા આપવી દોષરૂપ છે અને કંઈપણ ઉપમા-તુલના ન આપે તો સુંદર રીતે બોધ ન થાય; જેથી સુંદર વર્ષાકાલના મેઘ સમાન શ્યામ એમ અલૌકિક મેઘની ઉપમા આપે છે.

ભગવાનનું પીતાંબર ધારણ પણ શૃંગારરસનો પ્રકાશ કરવા માટે છે. આગળ શ્રીસુબોધિનીમાં "बर्हापीडम्०" એ શ્લોકમાં "नटवरवपु" એવું વિશેષ્ય છે. તેમાં રહેલું 'बिभृत्' પદ **બર્હાપીડ-કર્ણિકારવાસ અને માલા.** એ પદોની સાથે સંબંધ ધરાવે છે. રસ ધર્મસહિત અને કેવળ એમ બે પ્રકારનો છે. કેવળ રસ નાટ્યમાં પ્રસિદ્ધ છે અને ધર્મસહિત રસ સંભોગમાં છે. આ પ્રકરણમાં સ્વામિનીઓનાં મુખારવિંદોમાં પ્રભુએ આગળનું પ્રયોજન સિદ્ધ થવા સ્વઅધર સુધાનો સંબંધ અવશ્ય કરવાનો છે. એ રસ વર્ણન કરવાથી જ સિદ્ધ થાય. સુધાયુક્ત નાદનો અંતઃપ્રવેશ થયા વિના સુધાસંબંધ થઈ શકે નહિ, માટે વેણુનાદ પ્રકટ કરે છે.

વર એટલે પ્રથમ ભોક્તા, કર્ણિકાર પુષ્પ શૃંગાર રસને ઉદ્દીપન કરનાર છે. શૃંગારરસ સંયોગ અને વિપ્રયોગરૂપ હોઈ બે પ્રકારે છે. બન્ને કાનમાં કર્ણિકાર પુષ્પ શૃંગારરસનું ઉત્થાન કરે છે. તે રસ ગુપ્ત હોય, તો જ તેનું રસત્વ સિદ્ધ થતું હોવાથી પીતાંબરનું વર્ણન કરે છે. રસ જાગ્રત થતાં ગોપિકાઓ વસ્ત્રને નગણે, માટે વ્યામોહ કરનાર કનક તુલ્ય-સુવર્ણ સમાન પીળું વસ્ત્ર છે. તે વસ્ત્ર જ માયા છે. એટલે જ્યાં વસ્ત્રની આકૃતિ જ સ્પષ્ટ ન જોઈ શકાય, ત્યાં વસ્ત્રથી ઢંકાયલો રસ કેમ જ પ્રકટ થાય, તેથી વસ્ત્રરૂપ માયા રસને આચ્છાદન કરનાર ઢાંકનાર કીર્તિમયી વનમાલા અને નિશ્ચય વિજયને પ્રકાશ કરનારી વૈજયંતીમાલા એ બન્ને બન્ને પ્રકારના રસનો ઉદ્બોધ થવામાં આચ્છાદનરૂપ અને વિક્ષેપ કરનાર અન્તરાયરૂપ બને છે. "मालां बिभृत् वैजयन्तीम्" (अ. २९) એ શ્લોકમાં નવરત્નથી જડેલી, સ્વાભાવિક ઐશ્વર્યને દર્શાવનારી કીર્તિમયી વૈજયન્તીમાલાને ધારણ કરનાર નટવર વનને જ શૃંગારરૂપ કરતા-શોભાવતા લીલાપૂર્વક ગતિ કરે છે. આ ગતિપણ વ્રજાઙ્ગનાઓના કામને ઉદ્દીપન કરનાર હોવાથી સર્વ કામને પૂર્ણ કરનાર શ્રી નટવર પધારે છે. એમ વિવેચન કર્યું છે.

આથી પીતાંબર અને વૈજયંતી માલાથી અલંકૃત-શોભતા ચિહ્નવાળું અને ગોપીજનોને વલ્લભ-પ્રિય એવું બ્રહ્મનું સ્વરૂપ નિરૂપણ કર્યું.

"तडित इव ता मेघचक्रे विरेजुः" એ શ્લોકમાં શ્રી શુકદેવજીએ મેઘ-શ્યામ સુંદર પ્રભુનું વીજળી જેવાં દિવ્ય કાંતિમાન ગોપીજનના પ્રાણનાથપણું પણ મુખ્ય છે, એમ નિશ્ચય કરવાથી વિજળીના સંબંધથી મેઘની શોભા અત્યંત થાય તેમ શ્રીગોપીના પતિ જ **પૂર્ણ પુરુષોત્તમ છે. વરાહ-વામનાદિ અવતારો** અંશ કલાકાર છે. "एते चांशकलाः प्रोक्ताः कृष्णस्तु भगवान् स्वयम्" એ વચનથી પ્રભુની અંશ કલાઓ છે, અને શ્રી કૃષ્ણ તો પોતે ભગવાન્ જ છે. એટલે ગોપીપતિ પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ જ છે. આ સંબંધમાં આગળના દર્શનમાં વિશેષ સ્પષ્ટ કરીશું. આ પ્રકરણમાં ઘનશ્યામરૂપ, શૃંગારરૂપ, પીતાંબર, ગોપી અને લક્ષ્મીથી વીંટાયેલા, વનમાલા અને વૈજયંતી માલાથી વિશેષ શોભાયમાન નિત્યસિદ્ધ એવા ભગવાનના મુખ્ય લક્ષણનો નિશ્ચય કર્યો. જેમ લક્ષ્મી અને ગોપીજનોનું વીજળી સાથે સમાનપણું કહીને તેની સાથે ઘનશ્યામરૂપનો સંબંધ છે. તેવો જ પીતાંબરનો શ્યામસુંદર વ્રજવર સાથે સંબંધ છે 'अपीच्य-दर्शनं श्यामं, सितातपत्रव्यजनैरुपस्कृतः० (ભા. ૧-૧૧-૨૭) અત્યંત સુંદર દેખાવ, શ્યામ, વીજળી જેવા પીતાંબરધર અચ્યુત શ્રીકૃષ્ણને નિરખ્યા. ધોળું છત્ર, રત્નમય વીજણાથી વાયુ ઢોળાતા, માર્ગમાં પુષ્પના વરસાદથી વધાવાતા, પીળાં વસ્ત્રને ધરતા, રંગબેરંગી વનમાલાથી એકીસમયે મેઘ-સૂર્ય-ચંદ્ર-ઈન્દ્ર ધનુષ અને વીજળીઓથી યુક્ત હોય તેમ ભગવાન્ શ્રીકૃષ્ણ શોભ્યા." એમ કહ્યું છે. પહેલાં પુરમાં રહેતા ભક્તોનું નિરૂપણ કર્યું. પરંતુ વિશેષ રીતે પ્રભુનું વર્ણન કર્યું નહિ. કારણકે પ્રભુનું વર્ણન શું થઈ શકે? એ અવર્ણનીય છે અને અનુપમ છે. ભગવાનને કોઈની ઉપમા જ ઘટી શકતી નથી. માટે કોઈ સમય પણ જેવો સંયોગ થાય જ નહિ એવી અભૂતોપમા આપીને ઉપરના શ્લોકમાં પ્રભુનાં સ્વરૂપને વર્ણવ્યું છે. જ્યારે મધ્યમાં શ્યામ મેઘ હોય, તેના ઉપર સૂર્ય હોય, ચારે તરફ લટકતા એ ચંદ્ર હોય, કટિમાં સ્થિર વીજળી હોય, બે ઈન્દ્ર ધનુષ બન્ને તરફ મળેલાં હોય, આ સર્વ એકીસમય એકત્ર થાય, ત્યારે ભગવાનની સમાનતા થઈ શકે. માટે એમને "अपीच्यदर्शनम्"-અત્યંત સુંદર જેમનું દર્શન છે. સ્ત્રીઓને જે અત્યંત પ્રિય હોય તેને શ્રુતિમાં અપીચ્ય એટલે સુંદર કહેવાય છે. સુંદરતામાં સ્ત્રીઓ કસોટીરૂપ છે. સ્ત્રીઓને પ્રિય લાગે એવા અત્યંત સુંદર-સર્વ સૌન્દર્ય માત્રથી પણ અતિસુંદર છે. આવું સૌન્દર્ય લક્ષ્મીના આશ્રયરૂપ જ હોય, પ્રભુનું શ્યામપણું વૈષ્ણવ સિદ્ધાન્તથી સિદ્ધ જ થયું છે. એથી ભક્તજનના આશ્રયરૂપ પણ તે છે. સ્થિર વીજળી સમાન વસ્ત્ર, એમ કહી પૂર્વ વિશેષણ સહિત સર્વ કામોને વર્ષાવનાર પ્રભુ છે, એમ સૂચવ્યું.

પુરુષોત્તમના પીતાંબરનું લક્ષણ—દ્વિતીય સ્કંધ શ્રીસુબોધિનીમાં "कदम्बकिञ्जल्कपिशङ्गवाससम् (ભા. ૨-૨-૯) કદંબ પુષ્પના પરાગસમું પીળા લાલ રંગનું વસ્ત્ર, છેડામાં મોતી ભરેલાં એવું, રેખા રેખાવાળું, તેવા જ સુવર્ણના દંડાકારના સૂત્રથી બાંધેલું, મોતીઓથી ભરપૂર, બધા કૃતાર્થ જીવોથી યુક્ત વેદરૂપ, એવું ભગવાનનું પીતાંબર છે, તેમ પ્રથમસ્કંધ શ્રીસુબોધિનીમાં પીતાંબરને સૌન્દર્ય ઢાંકનાર કહ્યું છે. સુખથી સેવન કરવા યોગ્ય શ્રીમહાચાર્ય ચરણે "त्रिभुवनकमनम्०" (ભા. ૧-૧૧) તમાલસમ રંગનું સૂર્યકિરણના જેવા ગૌર અને શ્રેષ્ઠ વસ્ત્રવાળું, કેશોથી વીંટાયેલા મુખકમલવાળું, ત્રણે ભુવનમાં પરમ સુંદર, શરીર ધારણ કરનાર, અર્જુનના સખા ભગવાન શ્રીકૃષ્ણમાં મારી શુદ્ધ રતિ-નિર્મળ પ્રીતિ હો." એ શ્લોકમાં ભીષ્મે અન્તર્યામી સ્વરૂપમાં નહિ, પરંતુ બહાર પ્રકટ ધારી-પ્રાકૃત પુરુષોને જેમનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. એવા સ્વરૂપમાં રતિની પ્રાર્થના કરી છે. પ્રમાણ બલની અપેક્ષા રાખ્યા વિના કેવળ પ્રમેય બલથી ય મારું કાર્ય થાઓ. પોતેએમ માન્ય કરે છે તેનો જ અનુવાદ

અહિં કરે છે. સ્વરૂપની અત્યંત સુંદરતાથી ચિત્ત તેમાં પ્રવેશ પામે છે, એમ સમજીને સ્વરૂપ વર્ણન કરે છે. ત્રણે ભુવનમાં એ જ એક સુંદર છે. સર્વ લોકની દૃષ્ટિએ સુંદરતર છે. શાસ્ત્રના સંસ્કારથી પ્રીતિ ઉત્પન્ન થતાં તેવી રતિ–સ્નેહ થાય, એમ નહિ. કેમકે શાસ્ત્રદૃષ્ટિએ ઉત્પન્ન થતું ફલ અલ્પ છે અને વસ્તુની શક્તિથી ઉત્પન્ન થતું ફલ મહાન્ છે–શ્રેષ્ઠ છે. તમાલ જેવો વર્ણ–રંગ જેમનો છે, તમાલમાં જે શ્યામ રંગ છે. તે ઉત્પત્તિ સાથે જ થયેલો, અને અતિશય સદ્રૂપ, એક જ પ્રકારનો છે. એટલે સર્વ રીતે પરતું હિત કરનાર થાય છે. સૂર્યના કિરણ સમાન ગૌર અને શ્રેષ્ઠ અંબર–વસ્ત્ર જેમનું છે. એ સર્વની મુક્તિ માટે પ્રકટ થયેલા પ્રભુનું પીતાંબર આચ્છાદન–ઢાંકણરૂપ બને છે. જેમ સૂર્યનાં કિરણો ઘડાઓમાં પડતાં પ્રકાશ કરે છે. આચ્છાદન કરતા થતા નથી, તેમ **પીતાંબર** પરમાનંદને પ્રકાશ કરનારૂં છે. તેને આચ્છાદન કરનાર–ઢાંકી દેનાર નથી. વેદ અર્થને જ પ્રકાશ કરે છે. અહિં જે ગૌર કહ્યું, એટલે કંઇક પીળું અને રાતું મિશ્ર કેસરી રંગનું સમજવું. શ્યામ રંગ બીજા રંગોને પ્રકાશ આપે છે. પીતાંબર વેદરૂપ હોવાથી તે વેદોની પ્રાર્થનાથી અમારા વડે વિંટાતા પ્રભુ વિરાજો. પીતાંબરપણું પામેલા વેદો ભગવાનનું આચ્છાદન કરીને રહેલા છે. તેથી વરરૂપ અંબર છે, એમ કહી ભગવાનની વ્યાપકતા દર્શાવી, અથવા સૂર્ય કિરણોએ ગૌર–કેસર રંગનું શ્રેષ્ઠ અંબર–આકાશરૂપ શરીરધારી બ્રહ્મ એમ પણ સૂચવ્યું છે. પહેલાનાં બન્ને વિશેષણો આકાશનાં સ્પષ્ટ છે. “अलककुलावृताननम्” અલક એટલે છૂટા કેશના સમૂહથી વીંટાયેલું મુખકમલ. એવું શરીર ધારનાર પ્રભુ ભક્તવત્સલ છે. અર્જુનના સખા, તેમના સખા થઈને પોતાની વત્સલતા પ્રકટ કરે છે. તે પ્રભુમાં પ્રીતિ–નિર્દોષ અલૌકિક–અપ્રાકૃત એકનિષ્ઠાવાળી સર્વને દુર્લભ રતિ–પ્રીતિ પરમભક્ત ભીષ્મ યાચે છે.

આ પ્રમાણે પીતાંબરને કોઇવાર વેદરૂપ, કોઈવાર માયારૂપ, એમ પરસ્પર વિરૂદ્ધ રીતે શ્રીમદાચાર્યચરણ દર્શાવે છે, તેનું શું કારણ? આ શંકાનું સમાધાન કરે છે કે:–એ બન્ને રીતે પીતાંબર છે. કેવલ રસાત્મક લીલામાં સુવર્ણસમ પીળું, વેણુગાનના નાદ સુધારસનો બોધ કરતું પોતાનું માયામય પીતાંબર પ્રકટ કરે છે અને મુકિતદાન સમયે વેદમય પીતાંબર પ્રકટ કરે છે. એમ એઓશ્રીનો સુંદર આશય છે.

વળી વનમાલા કોઈવાર માયામયી અને કોઈવાર કીર્તિમયી જણાવે છે. મૂલમાં જ એમ બે પ્રકારે શા માટે વર્ણવ્યું? તે સંદેહ દૂર કરે છેઃ—ત્રિગુણાત્મિકા માયાને ભગવાન માલારૂપે ધારણ કરતા નથી. કારણ કે ભગવાનનો લોક એ માયાથી પર છે. આ માયા જે નિજ સ્વરૂપના સામર્થ્યરૂપ છે, અને કેવલ આનંદરૂપ જ છે. “स्वमायां वनमालाख्याम्-પોતાની માયા–સ્વસામર્થ્યરૂપ માયા નાના પ્રકારના ગુણરૂપ–ભગવાનના કલ્યાણમય અનંત ગુણરૂપ છે. ત્રિગુણાત્મક પ્રકૃતિ–માયા અનંત ગુણમયી કદાપિ નથી. કીર્તિ પણ ગુણો વડે જ પ્રકટ થાય. એમ બન્ને રીતે કહેવામાં વિરોધ નથી. પ્રકૃતિ–માયા, એ પક્ષ લઈએ તોપણ એ માયા આધિદૈવિકીપણાએ વનમાલા થઈ શકે છે. તેવી જ રીતે પૃથ્વી–જળ–તેજ–વાયુ–આકાશ એ પાંચ મહાભૂતો પણ આધિદૈવિકરૂપે ભગવાનના આયુધો છે. એટલે ત્યાં પણ વિરોધ નથી. કેમકે માયા વિગેરેના આધારરૂપ શુદ્ધ બ્રહ્મ જ છે. આ પ્રમાણે શુદ્ધ માયાને વસ્ત્ર–વનમાલા વિગેરે રૂપે વર્ણવવાથી ભગવાનનું સ્વરૂપ માયામય છે, એમ માનનારાઓના મતનું ખંડન થઈ જાય છે.

ત્યારે શું ભગવાનની મૂર્તિ શું પરમાત્મારૂપ જ છે? હા; એમાં પૂછવાનું જ શું! એટલું જ નહિ પણ તેમના અવતારો પણ આનંદમય આત્મસ્વરૂપ જ છે. તેથી જ “प्रादुर्बभूवामृतभूः–

જન્મમરણ રહિત ભગવાન પ્રકટ થયા.” વિગેરે વચનોની સંગતિ થાય છે. “यत्तद्वपुर्भाति०–(૮–૧૮) અલંકાર અને આયુધોથી અવ્યક્ત, તથા ચિદ્‌ઘન વડે વ્યક્ત સ્વરૂપ ધરનાર શ્રીહરિ પોતાના માતાપિતાના જોતાં જ દિવ્યગતિ નટની પેઠે બટુ વામન બની ગયા.” એ ભાગવતના વચનમાં અવ્યક્ત ચૈતન્ય ઘન એવા શુદ્ધ સ્વરૂપથી જ વામનદેવનું પ્રાકટ્ય નિરૂપણ કર્યું. એમ જ નૃસિંહ વરાહાદિ અવતારોનુ પણ જાણી લેવું. તોપણ ભગવાન શ્રીકૃષ્ણ તો ધર્મિસ્વરૂપ છે. એમ અન્ય દર્શનમાં દર્શાવીશું. આ પ્રકરણમાં ધનશ્યામ સ્વરૂપ શૃંગાર રસરૂપ હોવાથી તે પરમાનંદ રૂપ સિદ્ધ કર્યું છે. “आनन्दमूर्तिमुपगुह्य०—રોમ રોમ જેમને આનંદ થયો છે એવાં શ્રીગોપીજનોએ આનંદમૂર્તિ ભગવાનને દૃષ્ટિ વડે હૃદયમાં સ્થાપન કરી, શત્રુની પેઠે દમતા આધિનો–દુઃખનો ત્યાગ કર્યો, અને એ હાથે વક્ષઃસ્થલમાં દૃઢ આલિંગન કરી તીવ્ર તાપને દૂર કર્યો. એ શુકદેવજીનું વચન પણ શ્યામસુંદર શ્રીકૃષ્ણને પરમાનંદ સ્વરૂપ નિરૂપણ કરે છે. **આથી ગોપીજન વલ્લભ ઘનશ્યામ સ્વરૂપ પરમાનંદરૂપ છે એમ સિદ્ધ થયું.**

ઇન્દ્રમણિ રૂપ ભગવાન “प्रेक्षां क्षिपन्तं हरितोपलाद्रेः—નીલમણિના પર્વતની શોભાને તિરસ્કાર કરતા એવા ભગવાન એમ (ભા. ૩–૮) મૈત્રેયજીના વચનથી ઇન્દ્રનીલ મણિની તુલના પણ ભગવત્સ્વરૂપમાં સિદ્ધ છે. દૈવીજીવોને ઉદ્ધાર કરનાર શ્રીઆચાર્યચરણોએ આ શ્લોકના શ્રીસુબોધિનીમાં વિવેચન કર્યું છે કે,–ક્ષીર સમુદ્રમાં નીલમણિનો કોઈક પર્વત છે. તથા શેષની શય્યા પર ભગવાન વિરાજે છે. તે શેષ કમલ દંડ સમાન શ્વેત છે. “अहोन्द्रतल्पेऽतिशयान एकः–શેષ શય્યા પર પોઢતા તે એક જ ભગવાન્ છે. તેમના શ્વાસમાંથી ઉત્પન્ન થતા વાયુનું પાન કરતા તે શેષ ક્ષણે ક્ષણે ઉંચા અને કોમળ થાય છે. તેથી બહુ સમય તે પર પ્રભુ સુખરૂપે શયન કરે છે. એમ વર્ણવ્યું. ગુણોનું આકર્ષણ કરી શેષ પર શયન કરનાર શેષશાયી ભગવાન પણ યશોદાના ઉત્સંગમાં ખેલ કરનાર શ્રીકૃષ્ણના અંશરૂપ હોવાથી પુષ્ટિ ભક્તોએ આદર કરવા યોગ્ય જ છે. એવું નારાયણનું સ્વરૂપ નંદરાજકુમારે અક્રૂરજીને દર્શાવ્યું તેવાં સર્વ પ્રકારનાં ભગવાનનાં સ્વરૂપો શ્રીકૃષ્ણમાં જ અંતર્હિત રહેલા છે. આથી પુષ્ટિ ભકતોને ભગવાન શ્રીકૃષ્ણ જ પરમ ઉદ્ધારક છે, મત્સ્ય–કૂર્મ–વામન–રામ વિગેરે સ્વરૂપોનું દર્શન શ્રીકૃષ્ણ જ આપે. પણ શ્રીકૃષ્ણ સ્વરૂપનું દર્શન તેઓ આપી શકે નહિ. કારણ કે તે સર્વ અવતારોનું પરમ કારણ અવતારી પરિપૂર્ણ ભગવાન શ્રીકૃષ્ણ જ છે. અક્રૂરજીના સ્તુતિ પ્રસંગમાં શુકદેવજીએ એમ જ નિરૂપણ કર્યું છે. એટલે સર્વ પ્રકારે ભગવાન તો શ્રીકૃષ્ણ જ છે. પ્રથમસ્કંધ સુબોધિનીમાં આચાર્યચરણોએ “यस्यांशाः पुरुषादयः स भगवान् कृष्णः–જેના અંશો પુરુષ વિગેરે અવતારો છે, તે ભગવાન શ્રીકૃષ્ણ જ સર્વોપરિ છે. અહિં ચતુર્વ્યૂહાત્મક અવતારોનું મુખ્ય સ્થાન શ્રીકૃષ્ણ સ્વરૂપ જ છે. નારાયણના અંશરૂપ કેશવ સ્વરૂપનું, સુતપા અને પ્રશ્નિના ઉપર પ્રસન્ન થયેલા પ્રભુનું એ શ્રીકૃષ્ણનું જ બહુરૂપે કથન કર્યું છે. નારાયણના અંશરૂપ **અનિરુદ્ધ**, કેશરૂપી **સંકર્ષણ**, સુતપા અને પ્રશ્નિ ઉપર પ્રસન્ન થનાર **પ્રદ્યુમ્ન** છે. અને ત્રણ વર્ષની વયવાળું શ્રીબાલકૃષ્ણનું સ્વરૂપ કેવલ પુરુષોત્તમ જ છે. એમ સમજવું.

સીત કૃષ્ણ કેશનું રહસ્ય– कट : परमानंदो यदा भूमेरतदैव हि मर्दन : क्लेशहानिः स्यादित्यानन्द : समागतः—(૨–૭૨–૬। જ્યારે ભૂમિમાં પરમાનંદ પ્રકટ થાય, ત્યારે જ દુષ્ટોની અને ક્લેશની હાનિ થાય છે. તેથી ભૂતલ ઉપર પ્રકટ આનંદ પધારે છે. ક્લેશનો વ્યય કરવા માટે કલારૂપ બલભદ્ર સાથે શ્વેત અને કૃષ્ણ–ધોળો અને કાળો એમ બે કેશ જેમને છે તેવા વૈકુંઠવાસી

ભગવાનનું ભૂતલ પર આગમન થયું છે એમ પણ કોઇક કહે છે. વસ્તુતઃ ગોવિંદકલાથી જે ધોળા અને કાળા કેશરૂપ તે સંકર્ષણનું રૂપ છે. સંહારરૂપ તામસશકિત વડે સિત કૃષ્ણરૂપ **સંકર્ષણની કલાથી કૃષ્ણ કેશરૂપ પણ તેજ કહેવાય છે.** જો કૃષ્ણકેશનું અવતરણ થયું હોય તો તેટલા જ માત્રથી દુષ્ટનું દમન અને કલેશ દૂર કરવાનું થાય નહિ. "ताविमौ वै भगवतो हरेरंशाविहागतौ.-તે બન્ને ભગવાનના અંશો અહિં આવ્યા, ત્યારે આ શરીરથી તમારા બન્ને ઉપર હું પ્રસન્ન થયો હતો. એ ઉપરનાં વચનોનો વિરોધ આવે. માટે દુષ્ટના દમન કરવા અને કલેશનું નિવારણ કરવા સાક્ષાત આનંદમય ભગવાન પ્રકટ થયા છે.

વ્યૂહરહસ્ય—પુત્રપણે વંશ ઉત્પન્ન કરવા **પ્રદ્યુમ્ન,** ધર્મનું રક્ષણ કરવા નારાયણના અંશ રૂપ **અનિરુદ્ધ**, ભૂમિના ભારને દૂર કરવા શ્વેત-કૃષ્ણ કેશ **સંકર્ષણ** મનુષ્યોના આશ્રયરૂપ થશે, માટે **પ્રદ્યુમ્નવંશ** કરનાર છે. અનેક પ્રકારે કર્મ કરશે માટે **અનિરુદ્ધ** છે. ચારેનાં ચાર કાર્ય ભાર દૂર કરવા સારૂં છે, એમ સૂચન **કર્યું.** એક **વાસુદેવ** સ્વરૂપથી ચારેમૂર્તિના ચરિત્ર નિરૂપણ કરે છે. એક જ ચરિત્ર ભકિત અને મુકિત આપે છે. એમ જણાવે છે. ભૂમિના ભારનું હરણ, વસુદેવ અને દેવકીની કામનાઓને પૂર્ણ કરવી, અને ધર્મની રક્ષા કરવી, એટલા માટે **ચતુર્મૂર્તિ** ભગવાન પ્રકટ થયા છે. આથી સર્વ વાકયોનું સમર્થન કર્યું છે. આ સર્ગ-વિસર્ગ વિગેરે દશ પ્રકારની લીલા શ્રીકૃષ્ણની જ છે. અવતાર પણ તેમનો અને અવતારી પણ પોતે જ છે, અને પોતે જ સ્વયંપૂર્ણ પુરુષોત્તમ છે. આ પ્રમાણે શ્રીઅચાર્યચરણોએ સિદ્ધાંતનો નિશ્ચય કરેલો હોવાથી શ્રીકૃષ્ણ અંશાવતાર છે. એવા અભિપ્રાયનું ખંડન થઇ જાય છે.

અંશશબ્દ રહસ્ય "तत्रांशेनावतीर्णस्य-અંશ વડે અવતાર પામેલા શ્રીવિષ્ણુનાં વીર્ય મને કહો કહો એ ભાગવતના (૧૦-૧) વચનની શી ગતિ થશે? એ સંશયનો નાશ કરવા શ્રીકૃષ્ણના જ્ઞાનનું દાન કરનાર આચાર્યશ્રીએ શ્રીસુબોધિનીમાં દર્શાવ્યું છે કે, સર્વવ્યાપક-વિષ્ણુ-શ્રીકૃષ્ણનું સર્વ સ્થાનમાં પ્રાકટ્ય નહિ, પણ તેટલા જ પ્રદેશમાં-**શ્રીદેવકીજીના ઘરના એક દેશ માત્રમાં પ્રાકટ્ય** છે; સર્વત્ર પ્રાકટ્ય હોય તો પ્રલય થવાનો પ્રસંગ આવે, માટે તેટલા જ સ્થાનમાં માયાને દૂર કરી, પ્રકટ પરમાનંદનો પ્રાદુર્ભાવ છે. તેટલા અંશની માયા દૂર કરવાથી અંશ વડે પ્રાકટ્ય કર્યું. એ અંશ વડે પ્રકટ થયા એમ નહિં. अदीनलीलाहसितेक्षणोल्लसत्. એ શ્લોકના સુબોધિનીમાં દર્શાવ્યું, કેઃ—"સર્વ યાચકોને સર્વ ફળનું દાન કરવામાં જેમને જરાપણ સંકોચ ન થાય તેને **અદીન** કહેવાય છે. એવા અદીન લીલાપૂર્વક હાસ્યથી યુકત જેમનું ઈક્ષણ છે—અવલોકન-જોવું છે તે વડે શોભાયમાન બન્ને ભ્રૃકુટિઓ-ભમ્મરોના ભંગથી અત્યંત અનુગ્રહ કૃપા કરનાર એવા, ભકતોની ચિંતાને લીધે પ્રકટ થયેલા રાજાધિરાજ દેવના દેવ મહાન ઈશ્વરનું દર્શન કરવું જોઈએ." અહિં રાજાધિરાજ મહાનમાં મહાન પ્રભુનાં દર્શન કરવાં એ ભગવાનનાં ૨૪ અવતારો પૈકી ૨૪ વિશેષણોમાં આ વિશેષણ પ્રભુના પૂર્ણાવતાર શ્રીકૃષ્ણને ઉદ્દેશીને જ છે. એજ મહાનમાં મહાન રાજરાજેશ્વર છે. અંશરૂપ નથી, એમ સ્પષ્ટ તાત્પર્ય છે. શાસ્ત્રનું જ્ઞાન નહિ હોવાથી **અંશ** અને **ભગવાન** પદથી લોકો ભ્રમિત થાય છે અંશાવતાર એમ પ્રસિદ્ધિને લીધે પ્રશ્નમાં તેમ કહ્યું. કેટલાક અંશથી એટલે પ્રદ્યુમ્નાંશથી એમ જણાવે છે. તે વંશ-સંબંધને લીધે કેટલાક અંશ કહે છે પરંતુ તે તેમ નથી. સાક્ષાત્ પુરુષોત્તમ જ શ્રીકૃષ્ણ છે.

અવતરણ એટલે વૈકુંઠમાંથી આવવું. તે તો તત્ત્વદ્વારા પણ થાય. છતાં અહિં તેમ નથી. સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ એમ કહેવાને સારું જ મૂલમાં **વિષ્ણુ** પદ મૂકેલું છે. "बीर्याणि

तस्याखिलदेहभाजाम्. ૧૦-૧-૭) સર્વ દેહધારીઓનાં અંતરમાં પુરુષરૂપે અને બહાર કાલરૂપે રહેલા, અમૃત અને મૃત્યુને આપનાર માયામનુષ્ય પુરુષોત્તમ તે શ્રીકૃષ્ણનાં વીર્ય-પરાક્રમ અમને કહો.” આ શ્લોકમાં આવનારના બેરૂપ દર્શાવ્યાં એક મૂલરૂપ, અને બીજું અવતારરૂપ, આ મૂલરૂપ અને તેનું માહાત્મ્ય જાણવાને તેમનાં પરાક્રમ કહો, એમ કહ્યું. ‘પ્રાણીમાત્રની હૃદયગુહામાં અને બહારપણ કાલરૂપે રહેલા તે પુરુષોત્તમનાં’ એમ કહી મૂલરૂપનું કાર્ય અને અવતાર કાર્ય, એમ બન્ને કાર્ય કરવાનું આ અવતારમાં જણાવે છે. ખરું જોતાં ‘ कृष्णस्तु भगवान् स्वयम्- **શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાનજ છે ” એ વચનથી શ્રીકૃષ્ણ સર્વ અવતારોના કારણરૂપ મૂલ અવતારીજ મુખ્ય છે. એમ સિદ્ધાંત કર્યો.** તેમનો “પ્રાદુર્ભાવ થયો” એમ કહ્યું, તેનો પ્રસિદ્ધ થવા પૂરતું જ છે. “कृतवान् किल वीर्याणि० (૧-૧-૨૦) કપટથી મનુષ્યભાવ પ્રકટ કરતા બલરામ સહિત ગૂઢ ભગવાને જે જે મનુષ્યથી ન થાય તેવાં પરાક્રમ કર્યાં છે, તે કહો. આ શ્લોકમાં પોતાના આનંદમાં મગ્ન રહેનાર શ્રીઆચાર્યવર્યે સિદ્ધ કર્યું કે-જેમનાથી મર્ત્યધર્મનું ઉલ્લંઘન થયું છે, એવાં ભગવાનનાં વીર્ય એમ કહે છે. આ વીર્યને શ્રવણ કરનાર ફરીથી મર્ત્યશરીર પામતો નથી. હાથ-પગ-મુખ વિગેરે જેમનાં આનંદ માત્ર જ છે, કારણ કે તે સ્વયં ભગવાન જ છે. અવતાર નથી. એમને શરીર જોવામાં આવે છે, એ પોતે ગૂઢ-ગુપ્ત હોઈ કપટથી મનુષ્ય શરીરનો દેખાવ કરતાં મનુષ્યવત્ જણાય છે. ભગવાન્ લોકમાં ગૂઢ હોવાથી પોતાનું સચ્ચિદાનંદમય સ્વરૂપ દર્શાવતા નથી. શ્રીકૃષ્ણ શુદ્ધ બ્રહ્મ જ છે. એમને દેહ કે દેહભાવ નથી. વ્યાસસૂત્રભાષ્યમાં શ્રીઆચાર્યચરણોએ આજ્ઞા કરી કે:—“જ્યાં ભક્તિને માટે પોતે અધિષ્ઠાન કે ભજનની અપેક્ષા વિના સાકાર શુદ્ધ બ્રહ્મરૂપે આવિર્ભાવ પામે, તેજ સ્વયં પૂર્ણ ભગવાન્ કહેવાય. એથી એમની સર્વમાં શ્રેષ્ઠતા છે. સર્વ તરફ હાથ પગ પોતાના સ્વરૂપમાં સ્પષ્ટ છે, એમ જણાવવા બાલભાવથી પ્રકટ થઈ લીલાઓ કરે છે. આથી જે જે લીલા દર્શાવવા બાલ્યપૌગંડ વિગેરે રૂપ ધરે, તે તે સર્વ નિત્ય જ છે. એમ સમજવું.

શ્રીકૃષ્ણમાં ભાર કેમ? “कृष्णस्य गर्भजगतोऽतिभरावसन्नम्-(૧૦-૧૬) આ શ્લોકના શ્રીસુબોધિનીમાં બાળક શ્રીકૃષ્ણમાં ભાર શું? તેમાંયે તે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સ્થૂલ કાર્યને ભાર હોય, પ્રભુને નહિ. તેથી જણાવે છે કે-જેના ગર્ભમાં જગત્ છે, તેથી તે ભારરૂપ છે. કેવલ ભગવાન્ ભારરૂપ નથી. “बबन्ध प्राकृतो यथा०-(૧૦-૯-૧૪+૧૫) જેમ પ્રાકૃત-લૌકિક હોય તેમ બંધાયા” દેહાકારે ભાસતા ભગવાન્ સચ્ચિદાનંદરૂપજ. છે. ભ્રમિત દૃષ્ટિથી ભગવાન્ બ્રહ્મરૂપ હોવા છતાં મનુષ્યવત જોવાયા છે. સ્વરૂપ-ગુણ અને ક્રિયા જેમને નિત્ય છે. અને ક્રમે કરીને સર્વથી પર એવા પ્રભુને પુરુષોએ પોતાની દૃષ્ટિથી જોયા. જેવી દૃષ્ટિ તેવા ધર્મો તેમમાં યોજ્યા. બ્રહ્મ પને પ્રાકૃત સંબંધથીજ ત્યાં ત્યાં તેવી દૃષ્ટિ કરતાં તેવી કલ્પના થાય, માટે ભગવાન્માં તેવા પ્રાકૃત ધર્મો છે એમ માનવું યોગ્ય નથી. પોતાના ભ્રમથીજ સચ્ચિદાનંદ સ્વરૂપમાં પ્રાકૃત બુદ્ધિ થઈ છે. એમ ટિપ્પણીમાં શ્રીમત્પ્રભુચરણે વ્યાખ્યાન કર્યું છે. ક્રીડાને માટે જ પુત્રત્વ વિગેરે ધર્મ પ્રભુએ સ્વીકાર્યો છે. ભગવાન્માં પ્રાકૃત ધર્મ-પ્રાકૃત ગુણો સર્વથા નિષેદ્ધ છે. જે વસ્તુ હોતી જ નથી, તેનો સ્વીકાર સર્વથા થઈ શકે જ નહિ. છતાંયે ભગવત્સ્વરૂપની પેઠે તેમના પુત્રત્વાદિ ધર્મ અને તેમની લીલાઓ નિત્યજ છે. એમ જાણવું. ભગવદ્ધર્મમાં લૌકિકપણું નથી, એમ જણાવવા પૂરતું જ “न माता न पिता”-જેમને માતા નથી, પિતા નથી, વિગેરે કહ્યું છે. પ્રાકૃત-લૌકિક ગુણોનો નિષેધ કરીને પુત્રત્વ વિગેરે ધર્મોનું સચ્ચિદાનંદપણું કહ્યું છે. “यथेति०”-એ શ્લોકમાં

પુત્રત્વાદિભાવો પણ સચ્ચિદાનંદરૂપજ છે. તેમાં પોતાના ધર્મનો આરોપ કરવાથી પ્રાકૃતપણાની સ્ફુર્તિ થાય છે. એમ ભ્રાન્તિ દૃષ્ટાન્તથી સમર્થન કર્યું. અન્તર અને બહાર એમ બે ભેદથી, પુત્રત્વાદિ ધર્મો સ્વરૂપમાંજ અન્તર્ગત છે ત્યાં પહેલું દૃષ્ટાંત, અને સ્વરૂપ બહાર પ્રકટયું ત્યાં બીજું દૃષ્ટાંત. એમ સમજવું. આ ધર્મો પોતાની દૃષ્ટિથી આરોપિત થયા છે. દોષરૂપ ધર્મો ભગવાન્માં નથી, તે વિનાના સ્વભાવિક અપ્રાકૃત–અલૌકિક શરીર વિગેરે અને તેમાં રહેલા સર્વ ધર્મો તો નિત્યજ છે, એમ નિરૂપણ કરવાથી લીલા નિત્ય છે. એમ સિદ્ધ થયું.

ભગવાનનો ગોપવેશ આગન્તુક છે, નિત્ય નથી. એમ કહેવું ન જોઈએ. “ गोपवेंशः पुरुषः स पुरस्तान्म आविर्बभूव–તે ગોપવેશ ધારી પુરુષ મારા આગળ પ્રકટ થયા.” એમ ગોપાલતાપની ઉપનિષદ્માં બ્રહ્માના વચનથી બ્રહ્માને સૃષ્ટિસામર્થ્યનું દાન કરતાં પ્રભુએ ગોપસ્વરૂપ પ્રકટ કર્યું હતું.” એમ સ્પષ્ટ છે, સ્કંદપુરાણના ભાગવત માહાત્મ્યના અ–૧–શ્લોક–૨૩ “ नित्याः सर्वे विहाराद्याः आप्तकामस्ततः स्वयम्–ભગવાનના સર્વ વિહારો નિત્ય છે તેથી પોતે આપ્ત કામ કહેવાય છે.” એમ શાંડિલ્ય મુનિના વચનથી પણ પ્રભુના સર્વ ગોપસ્વરૂપના વિહારો નિત્ય છે એમ સિદ્ધ થાય છે.

વૃન્દાવનનું નિત્ય સ્વરૂપ. ગો. તા. ઉ. માં બ્રહ્માએ સનકાદિકોના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું કેઃ—“ गोपवेशमभ्राभं कल्पद्रुमाश्रितम्–કલ્પદ્રુમનો આશ્રય કરનાર ગોપવેશ મેઘશ્યામ ભગવાન્ છે.” એમ પ્રભુએ બ્રહ્માને ગોપકુમાર સ્વરૂપ દર્શાવ્યું છે. “ सपद्येवाभितः पश्यन् (૧૦–૧૩)–બ્રહ્માએ એકદમ ચારે દિશાને જોતાં પોતાનાં આગળ પ્રાણીઓનાં જીવનરૂપ, વૃક્ષોથી વીંટાયેલું, નિરંતર પ્રિય લાગતું, જ્યાં સ્વાભાવિક વૈરવાળાં મૃગ–વિગેરે પશુઓ વૈરનો ત્યાગ કરી સાથે સાથે વસતાં હતાં તેવું, ભગવાનના નિવાસથી ભૂખ તરસ વિગેરે દુઃખો જ્યાં દૂર થયાં છે, તેવું વૃન્દાવન જોયું. ૧૪ અધ્યાયમાં “ अहोभाग्यमहोभाग्यम् ” ૧–૩૨ શ્લોકોમાં બ્રહ્માએ ગોપકુમાર શ્રીકૃષ્ણની પુરુષોત્તમપૂર્ણ બ્રહ્મસ્વરૂપે સ્તુતિ કરીને ગોકુલવાસીઓનું પરમાનંદ પરબ્રહ્મ સાથેના મિત્ર સંબંધથી પરમભાગ્ય છે, એમ જણાવ્યું. દેવાધિદેવો અને શ્રુતિઓ પણ જેમનાં ચરણરજને શોધી રહી છે. એવા પરબ્રહ્મના નિવાસરૂપ ગોકુલમાં–વૃન્દાવનમાં જન્મ પામવો એ પણ અહોભાગ્ય છે. એમ ગોપીજનવલ્લભ પ્રભુને પુરુષોત્તમ જ સમજીને જણાવે છે. મારાથી જરાપણ ન્યૂન નથી એમ જેને માટે ભગવાન્ પણ આગ્રહ રાખે છે તેવા ઉદ્ધવજી “ आसामहं चरणरेंणुजुषाम् ” (૧૦–૬૧–૬૩)–વૃન્દાવનમાં લતાઔષધિરૂપે પ્રકટ થઈ શ્રીગોપાંગનાઓનાં ચરણરજની ઇચ્છા પ્રકટ કરે છે. “ तत्तात गच्छ भद्रं ते (સ્કં. ૪–૮–૪૨) વૃન્દાવનપ્રાકૃત–અનિત્ય હોય તો બ્રહ્મા ઉદ્ધવ વિ. જન્મ કેમ માગે–હે વત્સ ધ્રુવ ! યમુના તટપર પવિત્ર શુદ્ધ મધુવન છે ત્યાં જા, જ્યાં પ્રભુનું નિરંતર સાન્નિધ્ય–નિવાસસ્થાન છે.” એમ નારદજીના વચનથી ધ્રુવજી શ્રીહરિનાં ચરણારવિંદથી ચર્ચાયેલા સુંદર મધુવનમાં ગયા. અવતાર થતાં પહેલાં પણ મધુવન પ્રભુનાં ચરણથી ચર્ચાયેલું હતું. એમ નારદજીએ તેનું નિત્યપણું દર્શાવ્યું. તેમ વ્યાપિવૈકુંઠમાં રહેલી શ્રુતિઓને ભગવાને પોતાની પ્રકૃતિથી પર કેવલ અનુભવથી જ જાણી શકાય તેવું, આનંદમાત્ર અક્ષરધામનાં મધ્યમાં રહેલું, કામદુધવૃક્ષોથી વ્યાપેલું વૃંદાવન નામનું વન જણાવ્યું, ઇત્યાદિ અનેક વચનોનાં પ્રમાણોથી ભગવાનના આશ્રયરૂપ વૃન્દાવન વિગેરે બધાંયે ભગવદ્ધામો નિત્યજ છે. કારણકે ભગવાન સ્વયં સાક્ષત્ નિત્ય વિરાજે છે. (વિ. સં. મં. ૩૧૦) सान्निध्यं नित्यदा हरेः ” એવું નારદ વચન છે. (બ્ર. સંહિતામાં

ભગવાન્‌ની લીલા નિત્ય અને અખંડ છે. ભગવાન્‌નું વચન છે કેઃ—“ निर्गुणायाश्च लीलाया० જો કે નિર્ગુણ લીલાનો અન્ત નથી, તોપણ તેના આવિર્ભાવ અને તિરોભાવ થયા કરે છે. ગોલોકમાં ગોકુલમાં ઉદ્‌ભવેલી શ્વેતદ્વીપલીલાની પેઠે તે નિત્ય જ છે. આગળ એજ પ્રકરણમાં “ नित्यं सुसूक्ष्मरूपेण० એ શ્લોકથી આરંભી नित्यलीलारसोत्सवम् ” એ શ્લોક સુધીમાં ભગવાને જણાવ્યું છે કેઃ—“ હે દેવ શ્રેષ્ઠ ! વિષ્ણુભગવાને જે જીવો પર કૃપાદષ્ટિ કરી છે, તેઓ કલ્પનો અન્ત થાય, તોપણ નિત્ય સૂક્ષ્મરૂપે રહેલા છે. નિત્યલીલાની ઇચ્છા રાખનારા તે જીવો રસમાર્ગના કહેવાય છે. તેમની કામના પૂર્ણ કરવા કોટિકામના મનને મથન કરનાર, અતિ સુંદર, ભોગ ભોગવવા યોગ્ય સ્વરૂપ ધરીને હું રહ્યો છું. રસમાર્ગની રીતે જે પ્રભુને સેવન કરવા ઇચ્છે છે. તેમને સેવા માટે ભૂમિમાં મેં પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું છે. મહામાયાને નિવારણ કરનાર સુદર્શન મહાચક્ર ત્યાં છે. અને પ્રેમામૃતરૂપ ઔષધ વિના બીજા સાધનોથી પ્રત્યક્ષ ન કરી શકાય તેવું તે વૃન્દાવન સ્થાન છે. શ્રીકૃષ્ણકાંતના પ્રેમમાં પોતાના ચિત્તને ચોદનાર ભક્તજનને નિવાસ કરવા સારું કિશોર અવસ્થાના, નિત્ય નવયૌવાન સંપન્ન, નિરંતર રાસ રસમાં લીન રહેનાર, બંસીધર, મોરમુકુટધર, કોટિકંદર્પ સુંદર, નિત્યમુક્ત, ગોપાંગનાઓએ ગવાતા, પ્રસન્ન, ચરણામૃતના સારથી સેવન કરાતા, સતત આનંદગુણના સાગર એવો હું મારી સાથે વિનોદ કરવાના જેમને મનોરથ છે, તેમના હિતને માટે મારો નિવાસ સદા સર્વદા વૃન્દાવનમાં જ રાખું છું. પોતાના સર્વ અવયવો સહિત એ પરાર્ધનો **કાલ પણ મારા નિત્ય લીલામય રાસ મહોત્સવનો પરાભવ કરવાને શક્તિમાન નથી. ’ આ પ્રમાણે** વૃન્દાવનમાં નિત્યસિદ્ધ લીલાઓ પ્રકટ થાય છે. ભગવાને ક્રમે ક્રમે તે લીલાઓ દર્શાવી છે. શ્રીનંદરાયજી “ મારો આ પુત્ર પ્રકટ થયો ” એવું જ્ઞાન તે પણ અનાદિ છે. “ जयति जननिवास० ૧૦-૯૦) એ શ્લોકમાં અખિલ પ્રાણીમાત્રના નિવાસરૂપ ભગવાન્ જય પામે છે. ” ત્યાં વર્તમાન કાળનો પ્રયોગ શુકદેવજીએ કર્યો છે, તે વ્રજમાં-મથુરામાં-દ્વારકામાં એમ ત્રણે સ્થાનમાં થયેલી ભગવલ્લીલાઓ નિત્ય છે. એમ સૂચવે છે. “ तां वा वास्तुनीति ” એ શ્રુતિનું વિવેચન કરતાં વિદ્વન્મંડનમાં યુક્તિ સહિત લીલાઓનું નિત્યપણું ભક્તબંધુ શ્રીમત્પ્રભુચરણે સિદ્ધ કર્યું હોવાથી વિશેષ લખવું ઠીક નથી.

મધુવન ? કેટલાક મધુવન એ મથુરા પ્રદેશ છે, વૃન્દાવન નથી. એમ કદાચ શંકા કરે તો તાપિનીઉપનિષદ્‌માં પ્રભુનાં સ્થાનરૂપ ૧૨ વનો જણાવ્યાં છે. ત્યાં મથુરાસ્થાનને જુદું ગણાવ્યું છે. મધુવન એજ વૃન્દાવન છે. વૃન્દા એ મધુનામના દૈત્યની પુત્રી હતી, તેના પિતાના નામથી એ વન મધુવન કહેવાય છે, સ્કંદપુરાણમાં દર્શાવ્યા પ્રમાણે વૃન્દાના આખ્યાનવાળું એ સ્થાન હોવાથી તે વૃન્દાવન પણ કહેવાય છે. અથવા “ व्रजे विक्रीडितोरेवं० (૧૦-૧૮-૨)-વ્રજમાં શ્રીકૃષ્ણ અને બલરામ ગોપવેશમાં કપટ માયાથી ખેલતા તેવામાં પ્રાણીઓને અત્યંત પ્રિય નહિ તેવો ગ્રીષ્મઋતુ પ્રકટ થયો, છતાં વૃન્દાવનમાં ગુણોથી તે વસંત સમાન લાગે છે. “ मधुपतिरवगाह्य० ”-એ શ્લોકમાં ભગવાનને મધુપતિ કહ્યા. “ अहो अलं श्लाघ्यतमं मधोर्वनम्०- અહો !! મધુવન અત્યંત વખાણવા યોગ્ય છે ” એમ કહ્યું, વિગેરે વિગેરે શ્રીશુકદેવનાં વચનો **મધુવન એજ વૃન્દાવન છે,** અને તેથી તેની શ્રેષ્ઠતા છે એમ સૂચવે છે. ભગવાન્ લક્ષ્મીપતિ જ્યાં મંદમંદ ગતિ કરે-પદસંચાર કરે, તેથી સર્વથી શ્રેષ્ઠ જ હોય. પ્રભુના પધારવાથી જ એ વન અત્યંત સુંદર બન્યું છે. પ્રભુ પધારતાં લક્ષ્મી પણ ત્યાં જ સ્થિર થઈ, એટલે લૌકિક અને અલૌકિક શોભા પ્રાપ્ત થઈ. અહિં શ્રીલક્ષ્મીપતિ કહેતાં શ્રીગોપીજનથી ક્રીડાઓનું પણ સૂચન થાય છે.

“मथुरा भगवान् यत्र नित्यं संनिहितो हरिः, नित्यं सनिहिंतस्तत्र भगवान् मधुसूदनः-ભગવાન્ જ્યાં નિરંતર વિરાજે છે, એવી મથુરા મધુસૂદન ભગવાન્ જ્યાં નિત્ય છે.” **એવાં શ્રીભાગવતનાં વચનોથી દ્વારકાલીલા અને મથુરાલીલાનું નિત્યપણું સિદ્ધજ છે.** લીલામાં રહેનાર ભક્તજન પ્રભુની કૃપા પામીને એક પ્રકારથી વા બીજા પ્રકારથી “स एकधा च भवति द्विधा भवति–તે એક પ્રકારે થાય છે, બે પ્રકારે થાય છે. એમ શ્રુતિ રીતિથી બહુરૂપધારી ભગવાન્ વેદ અને ભાગવતના પ્રમાણોથી અને તેમાં દર્શાવેલી યુક્તિઓની પરિકર અને તેમની સર્વ લીલાઓ નિત્યજ છે. એમાં વિરોધ છેજ નહિ. **એમ પ્રસંગને અનુસરી લીલાઓનું નિત્યપણું સિદ્ધ કરી ઘનશ્યામપણારૂપ પ્રભુનાં લક્ષણ સબંધી ચાલુ પ્રકરણને અનુસરે છે.** ભગવાન્નું ધનસ્યામરૂપ તથા તેને અનુસરતાં પીતાંબર–વૈજયંતીમાલા–લક્ષ્મી–ગોપીઓથી વીંટાવવું એમ સર્વ પૂર્ત પ્રમાણોથી સિદ્ધ થયું છે.

હવે **શ્રીવત્સલાંછન પ્રભુનું ચિહ્ન છે, તે આત્મરૂપ માનવું કે કેમ?** તે સંદેહ દૂર કરે છેઃ—ને ચિહ્ન કાલમાયાથી રહિત અક્ષરબ્રહ્મરૂપ જ, સુવર્ણની રેખાઓના આકારની રોમ પંક્તિવાળું જમણી બાજુના સ્તનની સમિપ આવેલું જાણવું. “श्रीवत्सांकोरसि श्रीमान् रोमजातेन राजते”—વક્ષઃસ્થલમાં રોમરાજીથી શોભાયમાન એવું શ્રીવત્સનું ચિહ્ન શોભે છે.” એમ હરિવંશમાં છે. સુખથી સેવન કરવા શ્રીઆચાર્યમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીમાં એ સંબંધી વિવેચન કર્યું છે કે, શ્રીવત્સ જેમનું ચિહ્ન છે, તે લક્ષ્મીને પ્રકટ કરનાર ભગવચ્ચિહ્ન તરીકે પ્રસિદ્ધ છે. લક્ષ્મી પણ બ્રહ્માનંદરૂપ હોઈ એનું મૂલ પણ ભગવાનજ છે. શ્રીવત્સ–ચિહ્ન પણ ભગવાનનો અસાધારણ ધર્મ છે. સર્વાત્મક પ્રભુનું–જગત્–બ્રહ્મ–કાલ વિગેરે લક્ષણ જેમનાં છે એવા બ્રહ્મનું “श्रीवत्सवक्षसं भ्राजत् कौस्तुभम्”—એ શ્લોકમાં શ્રીવત્સ એટલે જમણી બાજુથી ગોળ વીંટાતી રોમ રેખા જેમના વક્ષઃસ્થલ ઉપર છે. આ પ્રભુના વક્ષઃસ્થલમાં અસાધારણ લક્ષણ છે. ઝગઝગતો પ્રકાશમાન કૌસ્તુભમણિ, એ કંઠમાં રહેલા શુદ્ધ જીવો છે. વનમાલા યુક્ત એટલે તે પ્રભુ કીર્તિ પણ સાથે છે. “दर्शनीयतम श्यामम्” (૧૦–૩)—આ શ્લોકમાં અત્યંત સુંદર, બીજાને આશ્ચર્ય થાય તેમ જોવાતા. પોતાને પણ વારંવાર જોવા યોગ્ય હોય, શ્યામ એટલે રસાત્મકપણું અને પીતાંબર ધરવાથી ભગવાન્ સર્વ વેદ સહિત હોવાનું નિરૂપણ કર્યું. એમ પ્રભુનું ધર્મરૂપ કહાને અર્થરૂપ કહે છેઃ—**વક્ષઃસ્થલમાં શ્રીવત્સ ચિહ્ન** છે. જમણી બાજુથી વળતી રોમરેખા સુવર્ણ રેખાની પેઠે તેજોમય છે. શ્રીવત્સ સ્વરૂપ જીવ પ્રભુની સંનિધાનમાં છે. જમણા સ્તનમાં ધર્મ રહેલો છે. પ્રકાશમાન કૌસ્તુભમણિથી યુક્ત કંઠ કામમય પુરુષ છે. મોક્ષ તો પોતેજ આપે છે, એમ ચારે પુરુષાર્થનું દાન કરવામાં પોતે પરમ ઉદાર છે, એમ દર્શાવતા ચાર બાહુઓ અત્યંત વિશાલ છે. એમ કહે છે. કૃપા કરતાં જ્ઞાન પણ આપે છે. એમ જણાવવા નવાં કંજ—કમલ સમાન અરુણ—કંઈક રાતાં જેમનાં લોચન–નેત્ર છે એમ કહે છે. **નવાં** શબ્દથી કાળથી ન ગળાય તેવાં, **કંજ** શબ્દથી સાત્ત્વિકપણું અને **અરુણ** શબ્દથી રાજસપણું નિરૂપણ કરે છે. તેથી રસમય દયાદૃષ્ટિવડે ભગવદ્‌ભક્તો ભક્તિ મેળવે છે. એમ પાંચમો પુરુષાર્થ કહ્યો.

કૌસ્તુભનું લક્ષણ? કૌસ્તુભમણિના નિમિત્તે પોતાનું જ્યોતિઃસ્વરૂપ ધારણ કરે એમ કહેલું છે, તે આત્મજ્યોતિ ભગવાનના અંશરૂપ જીવને ઉદ્દેશીને છે, એમ જાણવું. गलशोभिकौस्तुभम्—ગળામાં શોભાયુક્ત કૌસ્તુભમણિ એ સર્વ જીવોના સ્વરૂપે છે. “चैत्यस्य तत्त्वममलं मणिमस्य कंठे—ચૈતન્યના તત્ત્વરૂપ મણિ જેમના કંઠમાં છે.” એ વચનથી ક્રિયાશક્તિ

કરતાં જ્ઞાનશક્તિ ઉત્તમ છે. **મુક્ત જીવોને સરસ્વતીનું સ્થાન મેળવવા કૌસ્તુભમણિ કંઠમાં સ્થાપન કર્યો.** જીવો ક્રિયાનિષ્ઠ અને જ્ઞાનનિષ્ઠ એમ બે પ્રકારના છે. એમ દર્શાવવા મધ્યમાં તેને સ્થાપ્યો. ક્રિયા અને જ્ઞાનથી કરાતી શોભા પણ એ બે પ્રકારની છે. જીવ બન્નેથી યુકત હોવાને લીધે તેને બન્ને પ્રકારે શોભાયુકત કહ્યો છે. બ્રહ્મના બન્ને સંબંધ ભગવાન્‌માં નિરૂપણ કરી, જીવોના આવરણરૂપ પ્રભુના કટિભાગને આચ્છાદાન કરનારું માયાત્મક પીતાંબર નિરૂપણ કરે છે. આકાશ–શરીરને સૂર્યકિરણોનો સંબંધજ શોભા આપે છે. એમ શ્રીકૃષ્ણના પ્રેમનું દાન કરનાર શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે. જીવ બ્રહ્મનો અંશ હોવાથી અક્ષરાત્મક છે, એમ જણાવવા બન્ને બ્રહ્મનો સંબંધ ભગવાન્‌માં દર્શાવી, શ્રીવત્સ અને કૌસ્તુભ બન્ને બે બ્રહ્મપણાથી ભગવત્સ્વરૂપમાં રહેલા છે. એમ દર્શાવ્યું. “सुवर्णसूत्रपुटन्यस्त० વિગેરે વચનોથી કૌસ્તુભમણિ પદ્મરાગ નામના રત્નરૂપ છે સુવર્ણના બે સૂત્રમાં સ્થાપન કરેલો ભગવાન્‌ના કંઠમાં વિરાજમાન છે. “रत्नानां पद्मरागोऽस्मि-રત્નોમાં હું પદ્મરાગ રત્ન છું.” कौस्तुभरत्नकन्धरम्—કંઠમાં કૌસ્તુભ રત્ન જેને છે.” વિગેરે વચનોમાં સામાન્ય રત્નપણાથી નિરૂપણ કર્યું છતાં કૌસ્તુભમણિ પદ્મરાગ રત્નજ છે આ અનુમાન કરીને કહેવામાં નથી આવતું, પણ કૌસ્તુભના અભિમાની પુરુષનું વર્ણન કરતાં “पद्मरागाचलाकारं कौंस्तुभं रत्ननायकम्–પદ્મરાગ પર્વતના આકારનું શ્રેષ્ઠરત્ન કૌસ્તુભ છે.” તૃતીય સ્કંધ શ્રીસુબોધિનીમાં આચાર્ય ચંદ્રમાએ “कन्धरगतेन च कौस्तुभेन—(૧૫-૪૧) એ શ્લોકમાં **કંધર=કંઠ** ક=કૌ–પૃથ્વીમાં સ્તોત્રથી જોવામાં આવતા મુકત ભગવદ્‌ભકતો–ચૈતન્ય જીવોનો સમૂહ એ **કૌસ્તુભ**. તે જીવો આનંદમયસ્વરૂપ એવ પ્રભુમાં યોજ્યા. જો ભગવાન્ કૌસ્તુભને ધારણ ન કરેતો, ભકતોને બ્રહ્માનંદ થાય નહિ.

બીજુ પણ કંઠનું આભરણ ગોપિકા વગેરેનાં તત્ત્વરૂપ પ્રભુએ ધર્યું છે. આથી મથુરા પધારતાં ગોપિકાઓને પ્રભુનો વિયોગ નથી. પરંતુ વિપ્રયોગ શૃંગારરસને અનુભવવા સારૂં લીલા વડે વિયોગ દર્શાવ્યો છે. તે પણ કોઈક જ ગોપીજનને આન્તર રમણ સિદ્ધ થવા પુરતો જ થોડા સમયનો જ છે. “ततस्ताः कृष्णसंदेशैः व्यपेत विरहज्वराः (૧૦-૪૭-૫૪)—આત્મારૂપ શ્રીકૃષ્ણ જાણીને ગોપીજનોએ ઉદ્ધવજીનું પૂજન કર્યું. તેમની લાલસા રાખનારાં વ્રજાંગનાઓને પ્રેમાનંદ સ્વરૂપવાન્ કરીને પોતાના જીવોમાં તેમનો સમાવેશ કર્યો. એ ભાગવત તથા માહાત્મ્યના વચનથી તથા “व्रजस्त्रीजनसंभूतश्रुतिभ्यो ब्रह्मसंगतम्”–એ તાપની ઉપનિષદ્‌ના વાકયથી શ્રીમદ્ ગોપિકાઓને નિત્યલીલાની પ્રાપ્તિ તો સિદ્ધ જ છે. વિપ્રયોગ શૃંગારનો અનુભવ નિત્ય લીલાનો અનુભવ થતાં છતાં માન લીલા પ્રસંગે ક્ષણે ક્ષણે થયા જ કરે છે. કારણ કે તે પરમ ફલરૂપ છે. તે ન હોય તો સંયોગરસ પુષ્ટ થાય જ નહિ. એટલા માટે જ “ब्रह्मरात्र उपावृत्ते (૧૦-૩૩-૩૯)—બ્રાહ્મ મુહૂર્ત સવારે થયું ત્યારે ભગવાનની આજ્ઞાથી ઇચ્છા નહિ હોવા છતાં ભગવત્પ્રિયા ગોપિકાઓ પોતાને ઘેર ગયાં.” એ શુકદેવજીના વચનમાં ઘેર જવાની આજ્ઞા અને ઘરમાં સ્થિતિ રસનું પોષણ કરવા પુરતી જ છે. એમ સમજવું. રાસલીલાના તાત્પર્યને જાણનાર આચાર્યશ્રીએ “देवो यथादिपुरुषो भजते मुमुक्षून्० (૧૦-૨૬-૩૧) એ શ્લોકના સુબોધિનીમાં આદિ પુરુષ જેમ મોક્ષ ઇચ્છનારાઓને ભજે તેમ ગોપિકાઓને ભજ્યા. એ રસને પોષવા પુરતા જ છે. “वीक्ष्यालकावृतमुखम्० (૨૬-૩૯) કેશથી વીંટાયેલા મુખને જોઈને” વિગેરે વાકય પણ રસને પોષણ આપવા માટે જ છે. કેમકે અનુભવમાં આવતો રસ તો જુદી સ્થિતિ હોય તો જ થાય. વિપ્રયોગ શૃંગાર પણ આનંદાત્મક હોવાથી ભગવાન પણ

તે રસનો અનુભવ કરે છે. સ્વામિનીઓને તે રસનો અનુભવ થાય છે. એમ ગીતગોવિંદમાં “ विहरति वने राधासाधारणप्रणये हरौ ” એ શ્લોકમાં સ્વામિનીને થયેલા વિપ્રયોગનું વર્ણન કર્યું છે.

કિરીટ કુંડલ — કિરીટ-કુંડલ વિગેરે આભૂષણોની શોભાનું જ્ઞાન થવા સારૂં “ महार्हवैडुर्य० (१०-३-३९) ” परार्ध्यहारवलय० विधुत् क्षिपन्मकरकुण्डल० ध्वान्तागारे धृतमणिगणम्० मणिधरः क्वचिदागणयन् गाः (१०-३५) એ ભાગવતનાં વચનોમાં ભગવાનના આચરણોની શોભા વારંવાર કહેલી છે. તે વિના પણ ગીતગોવિંદ, શૃંગારરસમંડન વિગેરે ગ્રંથોમાં “ મેધસમૂહમાં રહેલા ચંદ્રને નિંદનાર ચંદનનું બિંદુ જેમના લલાટમાં છે, અંધકારમાં ઉદય પામતા ચંદ્રમંડળના જેવા નિર્મલ મલયાગરચંદનનું તિલક જેમણે કર્યું છે, ગોરોચનનું તિલક જેમને છે, કસ્તૂરીનું તિલક જેમણે કર્યું છે; ” વિગેરે પ્રભુની શોભાનું વર્ણન છે. તેમ ભગવાનનું “ શ્યામલ મૃદુલ૦—શ્યામ કોમલ કાયા પર ગૌર વસ્ત્ર ને ફીણયુક્ત શ્રી યમુનાજીના જલનું પૂર હોય તેવું દેખાય છે. ” વિગેરે વચનોથી શ્રી જયદેવ કવિ પણ પ્રભુના મેધશ્યામ પણાનું લક્ષણ જણાવે છે. શુદ્ધ પરબ્રહ્મનું લક્ષણ મેધશ્યામ છે. એમ તંત્રમાં ભગવાન્ પોતે પણ પ્રકટ કરે છે, “ श्यामाः स्युर्बहवो देवा मेघश्यामता तु मे० ઘણા દેવો શ્યામ છે પરંતુ મેધશ્યામ તો હું જ છું તેથી તાપ-સંતાપને હું હરણ કરું છું. હે અર્જુન ! મારો કૃષ્ણ-શ્યામ વર્ણ છે તેથી મને શ્યામસુંદર કહે છે. ભગવાનના પ્રાકટ્ય-સમયે મેધો જલને ધારણ કરનાર-જલધર હતા. જલને વરસાવનાર ન હતા, સાગરે ગર્જના કરી તે ભગવાનના ગંભીરપણાની સરખામણી મારામાં છે એમ દર્શાવે એટલે ધર્મિરૂપ ભગવાન જ ધનશ્યામ છે. અને તેથી જ ભક્તના દુઃખને દૂર કરવાનો તેમનામાં સહજ ધર્મ છે. “ तं विलोक्य घनश्याम्०-તે ધનશ્યામ પ્રભુને નિરખીને, ” ત્યાં કેવળ રસાત્મકતા જણાવે તો દુઃખરહિતપણું હોય, પણ પુરુષાર્થપણું સિદ્ધ થાય નહિ, માટે પ્રભુની ધનશ્યામતા પણ જણાવે છે ધન-મેધશ્યામ એ જ તાપ હરનાર, કર્મના ફળને દેનાર પોતે આનંદ-દાયક છે. આમ ત્રણ ગુણસહિત ભગવાન્ ફળરૂપ કહ્યા. સંસારને દૂર કરતા કર્મને સફળ કરતા. પરમાનંદનું દાન કરનાર પ્રભુ છે. “ ददृशुस्ते घनश्यामम्०-તેઓએ ધનશ્યામ ભગવાનનાં દર્શન કર્યા. ” ત્યાં પણ શુષ્કજનોને પણ આનંદનું દાન કરવા ધનશ્યામ-મેધશ્યામ સુંદર એમ કહ્યું, કેમકે શ્યામ મેધ જ આનંદદાયક હોય છે. એમ કહીને દેહનો ક્લેશ દૂર કર્યો. વિગેરે શ્રીસુબોધિનીમાં આચાર્યશ્રીએ વિવેચન કર્યું તે “ श्यामावदातो० શ્યામસુંદર મકરાકૃતિ કુંડલની કાંતિથી જેમનું મુખ કમલ અતિ સુંદર શોભે છે એવા પુરુષ. ” વિગેરે વચનોથી તથા “ नवाम्बुदानीलमनोहराय०-નવીન મેધ સમાન શ્યામસુંદર મનને હરણ કરનાર ” એમ શ્રીમત્પ્રભુચરણશ્રીવિઠ્ઠલનાથજીના વચનથી ધનશ્યામપણું એ પ્રભુનું મુખ્ય લક્ષણ છે. એ સર્વથા સિદ્ધ છે.

ભગવાનના ધનશ્યામત્વરૂપ નિરૂપણ કરતું પ્રથમદર્શન સમાપ્ત.

◆

દર્શન ૨જું. (ભગવાન્ પુંડરીકાક્ષ છે)

(અનુષ્ટુપ્)

પુરુષેશ પદ્મનેત્ર ગોપીજનમનોહર,
પ્રસન્ન હો નંદપુત્ર ભજનાનન્દદાયક—૧

હવે પદ્મનેત્રરૂપ પરબ્રહ્મનું લક્ષણ દર્શાવે છેઃ—પ્રભુ પોતાના કૃપાકટાક્ષના વિલાસથી ભક્તોનો નિરંતર ઉદ્ધાર કરે છે. એવું કટાક્ષના વિલાસવાળું જોવાનું કામ કમળસમ નયનમાં જ ઘટી શકે, માટે પદ્મનેત્રરૂપ પ્રભુનું મુખ્ય લક્ષણ છે. આદિત્ય વિદ્યામાં (સૂ. ૧૯) સૂત્રકારે એમ જ વ્યવસ્થા કરી છે. “कप्यासं पुण्डरीकमेवमक्षिणी तस्योदिति–કમળ જ બન્ને નેત્રરૂપ તેમને છે” એ શ્રુતિવચનથી કમલનયન એ જ ભક્તના પાપને નાશ કરનાર છે. માટે જ સ્મૃતિમાં ‘यः स्मरेत् पुण्डरीकाक्षम्०” અપવિત્ર હોય કે પવિત્ર હોય ગમે તે અવસ્થામાં હોય તો પણ પુંડરીકાક્ષનું સ્મરણ કરે તે બહાર અને અંતર શુદ્ધ થાય છે. વિષ્ણુપુરાણમાં અક્રૂરજીનું વચન છે કે–“ तत्पुण्डरीकनयनं विष्णोर्द्रक्ष्याम्यहं मुखम्—ભગવાન વિષ્ણુના કમલનયન મુખને હું જોઉં, કે જેના સ્મરણથી પાપ દૂર થાય છે” એમ નયનકમલની શોભાને વિષે મોહ પામ્યા, તેઓ ભગવાનના દૃઢ ભક્ત થયા છે. તેનું મુખ્ય દૃષ્ટાન્ત સ્વામિનીઓ–વ્રજાંગનાઓ છે. “शरदुदाशये सधुजात-सत्सरसिजोदरश्रीमुषा दृशा, आशां धृतां त्वयि चिरादरविन्दनेत्र શરદૃઋતુના નિર્મલ જલાશયમાં સારી રીતે ઉગેલા કમલના મધ્યની શોભાને હરી લે તેવી દૃષ્ટિ વડે. તથા હે અરવિન્દનેત્ર ? આપનામાં ધારેલી આશાનો તમે નાશ ન કરો.” વિગેરે ગોપીજનનાં વચનથી રસાત્મક સૌમ્યસ્વરૂપ શ્રીપુરુષોત્તમનું કમલનયનપણું મુખ્ય છે. વિપ્રયોગ શૃંગારરસનો અનુભવ થતાં શ્રીસ્વામીનીઓ નયન શોભાની જ વિશેષ ભાવના કરે. “ येन नीतो मधुपुरीं कृष्णः कमललोचनः—કંસનો અર્થ સાધનાર અક્રૂર આવ્યો કે શું ! કે જે કમલનયન કૃષ્ણને મથુરા લઈ ગયો હતો” એમ શ્રીગોપિકાઓએ ગાયું છે. “उद्गायतीनामरविन्दलोचनम्—કમલનેત્ર ભગવાનનું ઉંચે સ્વરે ગાન કરતાં ગોપિકાઓને” એ શુકદેવજીનું વચન છે. પૂર્ણાનન્દની પ્રાપ્તિ પણ ભગવાનના નેત્રનાં દર્શનને જ આધીન છે. ગીતગોવિંદવિગેરેમાં “ तरलदृगंचल०, नीलोन्नतभ्रूविलासमदालसविलोचनः, आकर्णरक्तसौन्दर्यलहरीदृष्टि-सुन्दरः, मदविघूर्णितलोचनः, कृष्णः कमलपत्राक्षः—ચંચલ નેત્ર કટાક્ષનાં ચલનવડે મનોહર મુખમાં રતિરાગને પ્રકટ કરતા, શ્યામ અને ઉંચી ભ્રમરના વિલાસથી મદ અને આલસયુક્ત જેમનાં નેત્ર છે, કાન સુધી વિશાળ, રાતી, સૌન્દર્યના તરંગ જેવી, દૃષ્ટિવડે સુંદર; મદથી ઘૂર્ણાયમાન નેત્ર જેમને છે, કમલદલ જેવાં વિશાળ લોચન જેમને છે.” વિગેરે વચનો ભગવાનનાં સુંદર નેત્રનું દર્શન અત્યંત આનંદ કરનાર છે એમ સ્પષ્ટ જણાવે છે.

વ્રજાંગનાઓને ભગવાનનાં વિરહથી ઉત્પન્ન થતું દુઃખ નેત્રના દર્શનથી જ દૂર થાય છે. શ્રીઆચાર્યચરણોએ“कृष्णो व्रजमाव्रजत्”–આ શ્લોકનાં સુબોધિનીમાં વ્રજવાસીઓનાં આનંદનું કારણ નેત્રને દર્શાવ્યું, તેમાં વિરહતાપથી તપતાં વ્રજાંગનાઓને કમલદલ સમાન વિશાલ, નેત્રને તાપનો નાશ કરનાર સંતાપ દૂર કરવાનું કહ્યું છે “ ईक्षयामृतवर्षिण्या स्वनाथान् समजीवयत्, कटाक्षैर्जीवयामास०–અમૃત વર્ષાવનારી દૃષ્ટિ વડે પોતાના ભકતોને સજીવન કર્યા, દેવોને કટાક્ષો વડે જીવતા કર્યા, વિગેરે ભાગવતના વચનો રક્ષા પણ ભગવાનના નેત્રોને આધીન છે. ભગવદ્દૃષ્ટિ જીવન આપનાર છે એમ સૂચવે છે. “ करुणामृतपूर्णाभ्यां लोचनाभ्यां विलोकय–કૃપામૃતથી ભરેલાં લોચનો

વડે જુઓ" વિગેરે વચનોથી ભગવાનની કૃપામય દૃષ્ટિ જ ભકતોને મુખ્ય ફળરૂપ છે. ભકત ઉપર ભગવાનની પ્રીતિ પણ તેમની કૃપા દૃષ્ટિની વૃષ્ટિથી જ જણાય આવે છે. "नेत्राभ्यां पिबन्निव-બે નેત્રથી જાણે પાન કરતા હોય." प्रीतो ह्यमुञ्चत्तद्बन्धून् नेत्राभ्यां पुष्करेक्षण-બન્ને નેત્રથી પ્રસન્ન થતાં કમળનેત્ર ભગવાને એને એના બંધુઓને દુઃખથી મુકત કર્યા" એ ભાગવતના વચનથી ભગવાનના નયનનું દર્શન થતાંમાંજ સર્વ દુઃખ દૂર થઇ જાય છે" नान्यं ततः पद्मपलाशलोचनाद् दुःखच्छिदं ते मृगयामि कञ्चन (૪-૯) કમળપત્ર સમાન વિશાળ નેત્રધારી ભગવાન વિના બીજું તારા દુઃખને નાશ કરનાર હું શોધી શકતી નથી" એમ સુનીતિનાં વચનથી પણ સિદ્ધ છે. ભક્તિથી પ્રપંચવિસ્મૃતિ-સંસારનું વિસ્મરણ (ભૂલવું) પ્રભુનાં નેત્રકમળનાં દર્શનથી જ થાય છે." भृत्यप्रसादाभिमुखं दृगासवम् (૯-૪૫) એ શ્લોકનાં સુબોધિનીજીમાં-દૃષ્ટિ એ જ આસવ માદક છે. ભગવાને દૃષ્ટિકરેલા ભક્તો પોતાના આત્માને પણ ભૂલી જાય છે. એમ જણાવી જ્ઞાનરૂપ દૃષ્ટિનું પ્રપંચને વિસારવાપણું દર્શાવ્યું અથવા ભક્તોમાં પ્રસાદ-કૃપા, અને કામીઓમાં મોહ-વિસ્મરણ એમ બન્ને પણ ભગવાનની દૃષ્ટિમાં છે. "प्रसन्नहासारुणलोचनारुणम् પ્રસન્ન હાસ્યયુક્ત લાલ-સુંદર-મનોહર લોચન જેમને છે. કમળનેત્ર પરમ સૌન્દર્યને સૂચવે છે એટલા માટે જ उद्गायतोनामरविन्दलोचनम्-એ શ્લોકમાં કમળનયન એટલે કરોડો કામના જેવા અત્યંત સુંદર પ્રભુ એમ વિવેચન કર્યું છે ભગવાન કમલસમાન પોતાનાં નયનોમાં સૌભાગ્યથી જ રમા-લક્ષ્મી અને ભૂમે વિગેરેનો ઉદ્ધાર કરે છે तमद्भुतं बालकमम्बुजेक्षणम्-એ શ્લોકમાં **અંબુજ**-કમલ સમાન **ઈક્ષણ**-નેત્ર જેમને છે. અથવા **અંબુજા**-લક્ષ્મી જેમનાં નેત્રમાં રહેલી છે. અથવા **અંબુજાનો** લક્ષ્મીનો ઇ-કામ, તે જ **ક્ષણ**-સુખ જેમને છે, અથવા અંબુજામાં ઇ-ક્ષણ સુખ જેમને છે. भगवानेव सौन्दर्यसार०-ભગવાન જ સર્વ સૌન્દર્યના સાર સ્વરૂપ અનુરૂપ અંગોને ધારણ કરે છે." એમ શુકદેવજીનું વચન છે. "गोप्यस्तपः किमचरन् यदमुष्यरूपम्० (૧૦-૪૦) ગોપીજનોએ એવું શું તપ કર્યું કે, લાવણ્યના સારરૂપ અનુપમ-અન્યથી મેળવી શકાય નહિ તેવા રૂપને પોતાના નેત્રથી પાન કરે છે." એમ પુરની સ્ત્રીઓના વચનથી ભગવાનનું સ્વરૂપ સર્વ સૌન્દર્યમાત્રના સારરૂપ છે. તે સ્વરૂપમાં પણ મુખારવિંદ મુખ્ય છે, સૌન્દર્યમાત્રનું આશ્રયસ્થાન છે. "द्रक्ष्यामि नूनं सुकपोल०-(૧૦-૩૮-૯)—સુંદર કપોલ-નાસિકા-મંદહાસ્ય સહિત જોવું-લાલકમલસમાન લોચન જેમાં છે એવા વાંકડા કેશથી વીંટાયેલા પ્રભુના મુખને હું જોઇશ." कर्हि द्रक्ष्यामि तद्वक्त्रम्-કયારે સુંદર નાકવાળું પ્રસન્ન નેત્રવાળું, સ્મિત ઝરતું પ્રભુનું મુખ હું નિરખીશ" એમ ઉદ્ધવજીનાં તથા નંદરાયજીનાં વચનથી સિદ્ધ થાય છે. મુખારવિંદમાં પણ દયામૃતનું સિંચન કરનાર, રાસલીલાના આનંદથી ભરેલાં, વેણુગાનના સુખમાં લીન થઈ પરાધીન બનેલાં નેત્રથી તો એથીયે વિશેષ રીતે મુખ્ય છે. માટે "मुकुलायमाननयनाम्बुजं विभोः—કંઈક મીંચાતા નયન કમલવાળું, મુરલીનાદ મકરંદથી ભરેલું, દર્પણ જેવા દેખાતા કોમલ ગાલવાળું પ્રભુનું મુખારવિંદ મારા મનમાં પ્રકટ હો" એમ (જયદેવ કવિ) લીલા શુકે ગાયું છે. પોતાન નયનોથી સુંદરતાના લેશથી રૂપ-યૌવન અને સૌંદર્યના ગર્વવંતા ગોપીજનને ભગવાને પોતાને આધીન બનાવ્યાં છે. માટે તેઓ "पुष्करेक्षण"—કમલનયન એમ કહીને સ્તુતિ કરે છે.

ભગવાનનાં નેત્રોમાં જ અદેય—ન દાન કરાય તેવા – પદાર્થને દાન કરવાની ચતુરાઈ રહેલી છે. "पश्यन्ति सस्मितमुखम्—દયાસહિત અવલોકન જેમાં છે, એવું પ્રભુનું મંદ મંદ હસતું મુખ વ્રજભક્તો જુવે છે." તેથી જ નગરની સ્ત્રીઓએ કહ્યું છે રાત્રિના

આરંભમાં પ્રિયના પધારવાથી ઇષ્ટની પ્રાપ્તિ થતાં અવલોકન, રસસિંચન અને હાસ્ય થતાં પરવશ બનતાં ચંચલ નયનોથી અવધિ વિનાના રસભાવનાં અંકુરો જેમને સ્ફુર્યાં છે એવાં એ વ્રજાંગનાઓમાં મહાન્ આનંદ પ્રકટ થાય છે. પ્રભુનાં નયન કમલ સમાન છે, તેમ વિશાલ છે. નેત્રની વિશાલતા એ પણ પ્રભુનું લક્ષણ ગણાય છે. શ્રીઆચાર્યચરણોએ "प्रसन्नवक्त्रं नलिनायतेक्षणम्"—અહિઆં ભક્તોને ફલનું દાન કરવા પ્રસન્નમુખ અને કમલ સમાન વિશાલ લોચન જેમને છે, એમ કહ્યું. શ્રીમહાભારતમાં ઉપસંહાર કરતાં "वासुदेवं स्मरन् विद्वान् पुण्डरीकायतेंक्षणम्— શ્રદ્ધા રાખી પ્રસન્ન થઈને બુદ્ધિયુક્ત વિદ્વાને કમલદલ સમાન વિશાલલોચન પ્રભુનું સ્મરણ કરતાં કરતાં મહાભારત સાંભળવું જોઈએ. વિષ્ણુસહસ્ત્ર નામમાં "पद्मनाभः सुलोचनः — કમલ જેમની નાભિમાં છે અને સુંદર જેમનાં લોચન છે." એમ બે નામો પણ ભીષ્મ જણાવે છે. એથી ભગવાનના નેત્રમાં ક્રૂર દૃષ્ટિ નથી. બીજા દેવોને કમલ સમાન નેત્ર હોય ખરાં, પરંતુ અનુપમ સૌન્દર્ય, નિરવધિ કૃપાથી પૂર્ણ, વાત્સલ્યભાવથી ભરપૂર તે હોતાં નથી. તેથી દેવોનું **પુંડરીક્ષ** એવું નામ, રૂઢ નથી. પરંતુ તે નેત્રોમાં જ સર્વોત્તમ ગુણ સમાયલા હોવાથી પુંડરીકાક્ષ કહેવાય છે બ્રહ્માદિ દેવોમાં કંઈક અંશરૂપે તે ગુણ આવેલા હોવાથી તે પુંડરીકાક્ષ તરીકે પ્રસિદ્ધ નથી. વેદ ઇતિહાસ વિગેરેમાં **પુંડરીકાક્ષ** તો ભગવાન જ છે. વરાહાદિ અવતારોમાં પણ કમળનેત્રપણું, શ્યામપણું, દર્શાવ્યું છે. ભગવાને પોતે જ પોતાનું કમલનેત્રપણું પ્રકટ કર્યું છે. "तमालनोलम्" વિગેરે ભાગવતનાં વચનોમાં તે જ આશય જણાય છે. ચંદ્રમૌલિશંકરે રામાયણમાં "पुष्कराक्ष महाबाहो—હે કમળનયન! હે મહાબાહો! હે મહાવક્ષઃસ્થળવાળા! હે પરંતપ!" એમ અર્ધા શ્લોકથી સ્તુતિ કરતાં જ ભગવાન રામચંદ્ર પ્રસન્ન થયા. આથી કમલનેત્ર—પદ્મનયન—પુંડરીકાક્ષ એવું નામ કહેતાં જ ભગવાન પ્રસન્ન થઈ જાય છે એમને એ નામ અત્યંત પ્રિય છે. "राजीवाक्ष महाद्युतिम्—કમળલોચન મહાકાંતિમાન રામચંદ્ર ભગવાનને ભરતજી વંદન કરે છે. ભક્તો કમળદલલોચન પ્રભુનાં મુખારવિંદની નિરંતર ભાવના કરે છે. તેમનાં નેત્રમાં ભક્તને જોવાની ઝંખના છે. માટે જ "मधोर्वनं भक्तदिदृक्षया गतः: ભક્ત ધ્રુવને જોવાની ઇચ્છાથી જ ભગવાન મધુવનમાં પધાર્યા છે. પ્રભુની નેત્ર વિગેરે અંગોની તુલના કોઇ સાથે થઇ શકે એમ નથી. સર્વ અંગ અનુપમ—અતુલ છે. જેથી "चारुप्रसन्नवदनम्" અત્યંત સુંદર પ્રસન્નમુખ સુંદર હાસ્ય, સુંદર ભ્રુકુટિ—નાક—કાન—ગાલ—લાલઅધર વિગેરે સુંદર, સુંદર જ છે. ઉપમા આપી શકાય તેમ ન હોવા છતાં ભક્તની સરળતાપુરતાં જ કમળનયન—મુખચંદ્ર વિગેરે શ્રીશુકદેવજીએ આપેલાં લક્ષણ આદર કરવા યોગ્ય છે. શ્રીઆચાર્યચરણોએ "प्रफुल्लराजीवविलोचनाय—ખીલેલ કમળ વિશાળ લોચનવાન ભગવાનને વંદન" એમ સ્તુતિ કરી છે. પ્રભુના કટાક્ષ પ અમૃતનું પાન કરીને જ રમા—શ્રીસ્વામિનીઓ અને નારદ વિગેરે બધાયે ભક્તોના જીવન નભે છે પ્રહ્લાદ વિગેરે ભગવદીયો પણ પ્રભુનાં નેત્રોને કમલ સાથે સરખાવે છે. अन्तर्वहिः श्यामलमञ्जनेत्रम् અંતર અને બહાર શ્યામાયમાન કમલનયન ભગવાન પોતાના ભક્તોની ઇચ્છા પૂર્ણ કરવા રૂપવાન બની અનુગ્રહ કરે છે.

પ્રભુનાં કમલનયનને નિરખીને વૃન્દાવનમાં વિહરતાં પશુ અને પક્ષીઓ પણ ભગવદીય થયાં છે. "गुणगणार्णमनुगत्य हरिण्यः—(૧૦—૩૫—૧૯)...ગુણગણના ભંડારરૂપ ભગવાનને અનુસરી મૃગલીઓ ગોપિકાઓની પેઠે ઘરની આશાઓને છોડી ભક્ત થઈ છે. પ્રભુ ઉગ્ર નેત્ર ધારણ કરે તો ભક્તો ભયભીત થાય માટે તે નિરન્તર સૌમ્ય—શાંત નેત્રકમલ ધારણ કરે છે. "वीक्षन्तेऽरहरहः प्रोता मुकुन्दवदनाम्बुजम्—શોભાયમાન દયાર્દ્ર સ્મિત સહિત દૃષ્ટિની વૃષ્ટિ કરતાં પ્રભુને પ્રસન્ન થઈ ભગવદીયો તેમનાં વદન કમલને નિરખે છે." એમ શ્રીશુકદેવજી ગાય છે. પ્રભુનાં

કૃપા કટાક્ષથી જોવાતાં તેઓ ભગવલ્લીલામાં પ્રવેશ પામવાને યોગ્ય થાય છે. “ मयि प्रसाद-मधुरैः० धन्येयमद्य०- (૧૦-૧૮)—પ્રસન્નતાથી મધુર લાગતા બંસીનાદને અનુસરનારા કટાક્ષોથી મારા પર કૃપા કરો, આ પૃથ્વીને ધન્ય છે, આપનાં ચરણોને સ્પર્શ કરતાં, નખોથી ચુંટાતાં તૃણ-ઔષધિઓ-લતાઓ-વૃક્ષો-નદીઓ-પર્વતો-પશુઓને પક્ષીઓ ને પણ ધન્ય છે. દયાપૂર્વક અવલોકન કરવાથી ગોપીજનો બન્ને ભુજાઓના મધ્યમાં-હૃદયમાં જે મને ધારણ કરે છે. જેમની સ્પૃહા લક્ષ્મી પણ રાખે.” એમ બલદેવજી પ્રત્યે ભગવાન કહે છે. આથી પરમાનંદમય પુરુષોત્તમ કમલનયન હોવાથી જ ભક્તોને આશ્રય કરવા યોગ્ય છે. “ गच्छन् पथि०—માર્ગમાં જતાં મહાભાગ્યવાન ભગવદ્-ભક્ત કમલનેત્ર ભગવાન્‌માં પરમભક્તિને પામતાં આ પ્રકારે ચિંતન કરવા લાગ્યા ” એમ સાત્ત્વિક ભક્તિનું નિરુપણ કરતાં શુકદેવજીએ કહ્યું છે. રસાત્મક પુરૂષોત્તમ દ્વિભુજ છે એમ “ दत्ताभयं च भुजदण्डयुगम्- અભય આપનાર બે ભુજાઓ છે, ” એમ ગોપીજન ગાય છે. નિત્યયૌવનમાં રહેનાર જ કમલનયન હોય છે. રમા-લક્ષ્મીના વક્ષઃસ્થલના કુંકુમથી અંકિત ગોપીજનના નેત્રરૂપ ભ્રમરના કમલ સમાન ભગવાનનું યૌવન અને કમલ નયનપણું એ બન્નેય સ્વાભાવિક છે, તેથી કપિલદેવજીએ “सन्तं वयसि कैशोरे-નિરન્તર કિશોર અવસ્થામાં રહેનાર” એમ કહ્યું છે. અત્યંત બાલ્યસ્વરૂપથી આરંભી કિશોર અવસ્થાના ભગવાનના સ્વરૂપો છે. “ किशोरौ श्यामलौश्वेतौ ” એ વાક્યમાં દર્શાવ્યા પ્રમાણે એથી અધિક વય પ્રભુનું કોઈપણ સ્થાનમાં નિરૂપણ કર્યું જ નથી. **દ્વારકા અને વૈકુંઠ વિગેરેમાં પણ ભગવાન કિશોર અવસ્થામાં જ વિરાજે છે.** લક્ષ્મીતંત્રમાં લક્ષ્મીપતિનું વર્ણન કરતાં લક્ષ્મીજી “ युवा कुमारः ” એમ જ કહી વર્ણવે છે. વ્યાપિવૈકુંઠમાં વસતાં શ્રુતિઓનું અને રાસરસિક ગોપાલ પરમાત્માનું પણ નાના પ્રકારના રાસમાં રસોન્મત્ત ગોપિકાઓના મધ્યમાં વિરાજતા “ किशोराकृतिरच्युतः— કિશોરાવસ્થામાં જ રહેલા અચ્યુત— શ્રીકૃષ્ણ ભગવાન છે.” એમ બ્રહ્માના વચનથી બ્રહ્માદિ દેવોથી પૂજ્ય હોવા છતાં, સર્વથી આદિ હોવા છતાં નિત્ય યૌવન સ્વભાવવાળા પ્રભુ કમળનયન છે અને પરમશાંત છે તેવું તેમનું સ્વરૂપ સહજ છે. પોતાના ભકતોને અભય આપનારૂં છે. શ્રીમદાચાર્યચરણોએ ‘ नयनं मधुरम् ’ એમ કહી તેમના નેત્રની મધુરતા ગાઇ છે.” “ विदग्धगोपाङ्ग०-પરમ ચતુર ગોપાંગના સંગમથી સર્વ અંગમાં જેમને ચિહ્ન છે” એમ લીલા શુકદેવજીનું વચન પ્રભુનું નિત્ય યૌવન કમળનયનપણું પ્રકટ કરે છે. “ आपत्सु शरणः આપત્તિઓમાં વિશાળલોચન ભગવાન શ્રીકૃષ્ણ જ શરણે છે ” એમ હરિવંશમાં ગોકુલવાસીઓનું વચન છે. એટલે કમળનયન જ દુઃખનું નિવારણ કરનાર અને સર્વ કામનાઓ પૂર્ણ કરનાર છે. “ यस्मिन् भगततो नेत्रान्- શરણે આવનાર ભકત ઉપર અત્યંત દયાદષ્ટિની વૃષ્ટિ કરતાં ભગવાનનાં નયનોમાંથી હર્ષનાં અશ્રુબિંદુઓ પડ્યાં” એમ મૈત્રેયજીએ કહ્યું છે. આથી ભકતના ક્લેશને જોઈ ભગવાનના નયનોમાંથી દયાનાં આંસુ સ્રવે છે. રસમય દયા એ જ્ઞાનદષ્ટિ ભગવદીયા છે. એ ભકિત સાધનાર પાંચમો પુરુષાર્થ છે. એમ શ્રીસુબોધિનીમાં પણ નિરૂપણ કરે છે આ પ્રમાણે પ્રથમ દર્શાવેલા પ્રમાણોથી પુષ્ટિ.ભકિત જ શ્રી પુરુષોત્તમના નેત્રને જ આધીન છે. માટે કમળનયન શ્રી હરિ જ પ્રેમભકિતનો મુખ્ય વિષય છે. “ पश्यति सस्मितचारुतरा०—કંઈક બીજાં અતિ સુંદર ગોપીજનને સ્મિત મંદમંદ હસતાં પ્રભુ નિરખે છે.” એ ગીતગોવિંદના વચનથી પૂર્ણઆનંદનું દાન પણ કમળનેત્રનું કાર્ય છે. ભગવાન પોતાના કમળનેત્રથી જ પૂર્ણાનંદનું દાન કરે છે માટે શરણે આવેલા ભકતોએ કમળલોચન ભગવાનને જ અનુસરવું જોઇએ એમ સુંદર રીતે સિદ્ધ થાય છે.

ભગવાનનું પદ્માક્ષત્વરૂપ નિરૂપણ કરતું બીજું દર્શન સમાપ્ત.

દર્શન ૩ જું. (ભગવાન્ કૃપાસાગર છે)

કૃપા સમુદ્ર ભગવાન્ યશોદાપુત્ર માધવ !
ગોપીઓના પ્રાણનાથ ! મને રક્ષો નિરંતર—૧

ભગવાન્ કારણ વિના કૃપાવાન્ છે ? અથવા કોઈ કારણથી કૃપા કરે છે ? આ પ્રશ્નમાં કારણ વિના કૃપા કરે છે એમ માનીએ તો સર્વને મોક્ષ થાય. કોઈ કારણથી કૃપા કરે છે એમ હોય તો પ્રભુની બીજામાં સમાનતા થઈ જાય. આથી સ્વાભાવિક રીતે જ ભગવાન્ કૃપાળુ છે. એમાં કારણ કે ન કારણ કંઈ જ નથી. પ્રભુનો એ સહજ ધર્મ છે. સ્વાભાવિક જ એ એમનું લક્ષણ છે. તે કૃપા મુક્તિને યોગ્ય હોય તેના ઉપર જ થાય છે. એટલે કંઈપણ દૂષણ નથી. પૂજન સ્તવન વિગેરે કરવાથી કૃપા થાય છે એમ માનીએ કૃપાનું કારણ જ છે એમ ન કલ્પવું. સન્માર્ગમાં પ્રવૃત્તિ થવી એ પણ પ્રભુની કૃપાનું જ કાર્ય છે. શ્રુતિ સૂત્ર વિગેરે પ્રમાણોથી ભગવાનની કૃપા ન હોય તો ભગવાનના માર્ગમાં પ્રવેશ જ ન થાય.

જીવો પ્રકૃતિ—માયાના સંસર્ગથી દોષવાન્ થયા છે. તેઓ ભગવાનના શરણને યોગ્ય કેમ થાય ? તેનામાં ઘણાં અપરાધો હોવાથી પ્રભુની કૃપા કેમ થાય ? તેનું સમાધાન કરે છેઃ—દીનદયાળુ પ્રભુ પરાધીન, અજ્ઞાન, પોતાની વિભૂતિરૂપ જીવોના અપગધનો વિચાર જ કરતા નથી, “ન સ્મરત્યપકારાણાં શતમ્૦—જીવો પોતાના આત્મરૂપ હોવાથી તેમનાં સેંકડો અપરાધોનું પ્રભુ સ્મરણ પણ કરતા નથી અને થોડા જ કરેલા ઉપકારથી પોતે પ્રસન્ન થાય છે.” એમ રામાયણમાં કહ્યું છે. આત્મરૂપ ભગવાન્ પોતાના અંશરૂપ જીવોની ઉપેક્ષા કરતા નથી કેમકે તેમનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય પ્રભુમાં છે જ. ભગવાનની કૃપા બીજાની પેઠે નિષ્ફળ થતી નથી. પોતે સ્વાભાવિક સુહૃદ્ હોવાથી તેમ દયાના નિધિ હોવાથી તેમની કૃપા અનિત્ય પણ નથી. “हरिर्देहभृतामात्मा-શ્રીહરિ દેહધારી જીવમાત્રના આત્મારૂપ છે. પોતે પરમેશ્વર છે. તેમનાં ચરણને શરણ જનાર મનુષ્યોનું અવશ્ય કલ્યાણ થાય છે. તે પ્રભુ જીવમાત્રને પ્રિય છે. માટે જરાપણ ભયનું કારણ નથી.” વિગેરે નારદજીનાં વચનોથી ભગવાન્ ઉપાધિ વિના સમર્થ ઈશ્વર હોવાથી, સર્વ જીવોના આત્મારૂપ હોવાથી, અભય આપનાર હોવાથી તેમનું સહજ કૃપાળુપણું પ્રસિદ્ધ છે. પ્રલય સમયે સંહારલીલા પણ પોતાના કર્મના ફળને ભોગવવાથી થાકી ગયેલા જીવોને વિશ્રાન્તિ આપવા માટે જ અંગીકાર કરેલી છે. એટલે તેમાં પ્રભુની કૃપાલુતા છે.

પરલોકપ્રાપ્તિ

તેમ નરકપ્રાપ્તિમાં પણ ભગવાનની કૃપા નથી એમ ન સમજવું, કારણ કે નરકનો ભય ન હોય તો સ્વર્ગ-વૈકુંઠ વિગેરેમાં આસક્તિ થાય નહિ, અને સન્માર્ગમાં જીવોનો પ્રવેશ થાય નહિ. નરક વિગેરે સૃષ્ટિ ધર્મવ્યવસ્થા કરવા પ્રભુએ પ્રકટ કરી છે. “લાલને તાડને માતુઃ— માતા લાડ લડાવે માર મારે એ એની જેમ કૃપા છે તેમ પરમાત્માની સુખ દુઃખ વિગેરે દર્શાવવામાં કૃપા જ છે એમ જાણવું. એમ સત્પુરુષો કહે છે. અંધકાર ન હોય તો સૂર્યની ખ્યાતિ ક્યાંથી હોય ! સામો વાદ કર્યા વિના પ્રતિપાદન કરવા યોગ્ય વસ્તુની પ્રસિદ્ધિ જ ન થાય. નરકાદિમાં દુઃખ હોવાથી જ ભગવન્ત્કૃપાની પ્રસિદ્ધિ છે. એટલા માટેજ યથાયોગ્ય કાર્ય કરનાર, પરમ કલ્યાણરૂપ, નિર્દોષ પૂર્ણ ગુણરૂપ, દિવ્ય દેહને ધારણ કરનાર, પાપને હણનાર શ્રીહરિએ

પોતાની કરેલી ધર્મમર્યાદાનું પરિપાલન કરવા પાપના ફલરૂપ નરક અને પુણ્યના ફલ સ્વર્ગ પ્રકટ કર્યું. તથા ભગવત્સંબંધી અજ્ઞાનના ફલરૂપ સંસાર અને ભગવદીય જ્ઞાનના ફલરૂપ પોતાના આધારસ્થાન વૈકુંઠને પ્રકટ કર્યું છે. બ્રહ્મલોક પણ સ્વર્ગલોકની અંદર ક્રમમુક્તિમાં આવી જાય છે. વૈકુંઠ લોક પરમ મુક્તિરૂપ છે, નિત્ય છે, સ્વર્ગલોક-મહર્લોક વિગેરે ઉત્તરોત્તર ગતિઓ નિત્ય નથી.

એક વાર ભગવાનના નામનું ગ્રહણ કરવાથી કીર્તન કરવાથી નરકનાં દુઃખો દૂર થાય છે. એમ ભગવાન વિગેરે ગ્રન્થોમાં સ્પષ્ટ હોવાથી સરલ સાધનરૂપ પોતાના નામના કીર્તનદ્વારા ભગવાન્ ઉદ્ધાર કરે છે. એ એમનું કૃપાપણું પ્રસિદ્ધ છે. નામ કીર્તનથી પ્રભુ કેવલ દુઃખ દૂર કરે છે, એટલું જ નહિ, પરંતુ સ્વર્ગ, વૈકુંઠ વિગેરેની પ્રાપ્તિ પણ કરાવે છે. અશ્વમેધ વિગેરે કોટિયજ્ઞોથી જે ફલ સાધ્ય થાય નહિ, તેવું પોતાની પ્રાપ્તિરૂપ ફલ માત્ર સ્વનામના ઉચ્ચારણરૂપ સરલ સાધનથીજ આપે છે. જેથી ભગવાન્ પરમ કૃપાધીનતા-દયાના સાગર છે. મહાભારતમાં "अश्वमेधसहस्राणाम्०- હજારો અશ્વમેધ કરતાં ફલ ન મળે, ને ફલ મારો ભક્ત મેળવે છે. આપને નમસ્કાર કરું છું" એટલુંજ મારો ભક્ત શ્રધ્ધાથી બોલે તે ચાંડાલ હોય તોયે નિત્ય એવા વૈકુંઠ લોકોને પામે છે નારદપુરાણમાં "येन केनाप्युपायेन०— જે કોઈ ઉપાયથી અવિનાશી નારાયણને સ્મરણ કરતાં પાપીના ઉપર પણ તે પ્રસન્ન થાય છે. તેમાં જરાએ સંશય નથી" પદ્મપુરાણમાં ભૃગુમહર્ષિનાં વચન છે કે—" स्मरणादेव कृष्णस्य० શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં જ પાપીઓને પણ મુક્તિ થાય છે." મહાભારતમાં વ્યાસનું વચન છે કેઃ— "सर्वान् कामान्० શ્રીકૃષ્ણના નામનું સ્મરણ કરવાથી આ ત્રિલોકમાં સર્વ મહાન કામનાઓ પ્રાપ્ત કરે છે," આ સર્વ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે, પોતાના નામ કીર્તનરૂપ લઘુસાધનથી પોતાના પદનું દાન પણ ભગવાન કરે તે તેમની કૃપાનું જ કાર્ય છે. પરમકૃપાળુ હોવાથી પ્રભુએ વેદો પ્રકટ કર્યા છે. મુદ્‌ગલ-નારદ વિગેરે પોતાના ભક્તોએ કરેલા નામ કીર્તનનું શ્રવણ કરતાં પ્રભુએ સર્વ નારકી જીવોનો ઉદ્ધાર કર્યો છે. અને તેમને સ્વવૈકુંઠ ધામમાં લીધા છે.

કપટ વેષથી વિષમય સ્તન આપનારી પૂતનાને મર્યાદાનું ઉલ્લંઘન કરી, પોતાની સાયુજ્ય મુક્તિનું દાન કરીને ભગવાને અપારકૃપા સિદ્ધ કરી છે. "कं वा दयालुं शरणं व्रजेम" આવા અત્યંત કૃપા નિધાન ભગવાનને છોડી કોને શરણે જઈએ?" શિશુપાલ પૌંડ્રક આદિને મુક્તિનું દાન કર્યું, એ પણ પૂર્ણ કૃપા જ છે. રાજસૂય યજ્ઞમાં દ્વેષ કરનાર શિશુપાલને યોગીઓ જેની ઇચ્છા કરે તેવી સિદ્ધિ આપી, એ તમે પ્રત્યક્ષ જોયું છે. તે પ્રભુના વિરહને કોણ સહન કરે, સ્ત્રી-શૂદ્ર-ચાંડાલ-ભિલ્લ વિગેરેને પ્રભુએ પોતાના ભક્તિમાર્ગમાં અધિકાર આપ્યો છે. ते वदन्त्यति चरन्ति०-તે શૂદ્ર-હૂણ-ભિલ્લ વિગેરે પાપી જીવો હોવા છતાં દેવમાયાને જાણીને તરી જાય છે. તો અદ્‌ભુત પરાક્રમી-ભગવાનના ભક્તો-સદાચારી-નીતિપરાયણ શાસ્ત્રના જ્ઞાનવાળા જીવો-પ્રભુના સેવકો માયાને કેમ ન તરી જાય? અર્થાત્ પશુ જેવા તરી જાય તો ભગવત્પરાયણ રહેનાર તરે કેમ નહિ? અવશ્ય તરે જ. એમ બ્રહ્મા જણાવે છે.

ભગવાનના આવિર્ભાવનું-પ્રકટ થવાનું કારણ પણ ભગવાનની કૃપા જ છે. પ્રભુની કૃપા મેળવવામાં કાલ-કર્મ અને ગુણ વિગેરેનું પ્રયોજન નથી. આથી શાંડિલ્ય સૂત્રમાં જણાવે છે કેઃ—"मुख्यं तस्य कारुण्यत्वञ्च दिव्यं स्वशक्तिमात्रोद्भवात्—ભગવાનની કૃપા જ મુખ્ય છે. અને તે દિવ્ય હોઈ, પોતાની શક્તિથી જ ઉત્પન્ન થાય છે. "स्वशान्तरूपेषु०-પોતાના શાંત રૂપ દેવો બીજારૂપોથી દુઃખી થાય, ત્યારે પર અને અપરના ઈશ્વર પરમાત્મા જન્મ રહિત હોવા છતાં

અગ્નિની પેઠે વારંવાર પ્રકટ થાય છે. "द्रक्ष्याम गां द्यां च तवानुकम्पा—આપના અનુગ્રહથી-કૃપાથી જ પૃથ્વી અને સ્વર્ગને ધન્ય છે, એમ અમે જોઈએ છીએ." वयं च सर्वे-આપનાથી રક્ષણ પામતાં અમે સર્વ-સાતે ભુવનોને જાણીએ છીએ. વિગેરે વચનોથી શંકર-બ્રહ્મા-સનકાદિકોને ભગવાનની કૃપાથી જ ધન્યપણું પ્રાપ્ત થયું છે. "तव वरद !-હે વરદ !-વર આપનાર દેવાધિદેવ ! આપના પરમ અનુગ્રહથી મારી કોઈ નિદ્દા કરે તેને હું ગણતો નથી." એમ શ્રી શંકરે કહ્યું છે. આ પ્રકારે ભગવાનના અંશરૂપ અને કલારૂપ હોવાથી શિવ-બ્રહ્મા-ઇન્દ્ર-કુબેર-યમ-ચંદ્ર-સૂર્ય-વાયુ-અગ્નિ-વરુણ વિગેરે દેવો, નારદ-સનક-સનંદન-વ્યાસ-પરાશર-માર્કંડેય-શુક વિગેરે મહામુનિઓ તથા બીજા પણ મહાત્માઓ તથા સત્પુરુષોના ઉપર ભગવાનની સહજ દયા રહેલી છે. એમ વેદપુરાણોમાં વારંવાર કહ્યું છે. તે અત્યંત યોગ્ય જ છે. જીવોમાં વ્યાપિવૈકુંઠાદિ પદને પમાડનારી ભગવાનની કૃપા જ સ્પષ્ટ છે.

સાધનોમાં પ્રભુનાં કીર્તન-નમન-સ્તુતિ-પૂજનની પેઠે ભૂત દયાને પણ દર્શાવી છે. જેથી "दयया सर्वभूतेषु० तस्मात् सर्वेषु भूतेषु दयां कुरुत० महतां बहुमानेन दीनानामनुकम्पया०-સર્વ પ્રાણીમાત્ર પર દયા રાખવાથી જનાર્દન ભગવાન પ્રસન્ન થાય છે. માટે સર્વ પ્રાણી ઉપર દયા કરો, આસુરભાવ છોડીને સ્નેહ કરો, એથી ભગવાન પ્રસન્ન થશે, મહાન્ પુરુષોને બહુમાન આપતાં અને દીનજનો ઉપર દયા કરતાં તથા સર્વ ઉપર સમાન ભાવે વર્તન કરતાં ભગવાન સર્વાત્મા પરમાત્મા પ્રસન્ન થાય છે. ભગવાન પ્રસન્ન થતાં પ્રાકૃત ગુણોથી પુરુષ મુક્ત થાય છે. તેમ જ બ્રહ્મપદ-મોક્ષને મેળવે છે." વિગેરે વચનોથી સિદ્ધ થાય છે કે, ભગવાનની કૃપા એ સાધારણ અલ્પ ફળ નથી. વૈકુંઠ વિનાના તુચ્છ ફળનું દાન કરવામાં ઇન્દ્રાદિ દેવોને ભગવાને યોજ્યા છે.

બ્રહ્મા અને શિવને ભગવાનના ભજનનો ઉપદેશ કરવા ભગવન્માર્ગમાં પ્રભુએ આગળ કર્યા છે. તેજ પ્રમાણે નારદ-સનકાદિકો ભક્તિમાર્ગનો ઉપદેશ કરવા યોજાયા છે. શ્રીકૃષ્ણને પ્રીતિપાત્ર થતાં વ્યાસરૂપી પ્રભુ મહાભારતાદિ અનેક ગ્રંથોને પ્રકટ કરી પોતાનું કાર્ય અપૂર્ણ છે, એમ માની પ્રમેયબળને પુષ્ટિ આપતું ભાગવત શાસ્ત્ર રચીને મહાદેવના અંશથી ઉત્પન્ન થયેલા બ્રહ્મર્ષિઓના સમૂહથી સેવાતા પોતના પુત્ર શ્રી શુકદેવજીને ભણાવ્યું. તેમણે પરીક્ષિતનો ઉદ્ધાર કરવાને મહામુનિઓની સભામાં પોતાનું દયાળુપણું પ્રકટ કર્યું. આથી જ "करुणयाह पुराणगुह्यम् દયા લાવી ગૂઢ પુરાણ-શ્રી ભાગવત કહ્યું" એમ સૂતે જણાવ્યું.

ભગવાનના ભક્તોની પણ મહાન કૃપા થાય છે. તો પ્રભુની કૃપામાં મહત્તા હોય એમાં કહેવાનુંજ શું ! સાધન વિના ભક્તોનો ઉધ્ધાર કરવો એ કૃપા વિના બીજી રીતે ન ઘટી શકે. એજ પ્રભુકૃપાની મહત્તા છે. કરોડો સાધનથી અસાધ્ય એવું પણ ફલ ભગવાન પોતાની કૃપાથી ક્ષણવારમાં સાધે છે. "जनो वै लोके (१०-२९-१२-१३)-અવિદ્યાના કામકર્મોથી ઉંચનીચ ગતિમાં ભમતા જીવો પોતાની ગતિને જાણતા નથી, એમ માની પોતાના બંધુઓનાં મનમાં સંકલ્પને કામોને-મનોરથોને પૂર્ણ કરવા સર્વ દ્રષ્ટા મહાકરુણાવાન ભગવાન સર્વ વ્રજવાસીઓને પોતાના વૈકુંઠ લોકોને દર્શાવ્યો. કે જે તમથી પર સત્ય જ્ઞાન સ્વયં પ્રકાશમાન સનાતનરૂપ છે. મુનિઓ ગુણોનો ત્યાગ કરી, જેમને સમાધિમાં જુએ છે. આવા વૈકુંઠ લોકનું દર્શન પ્રભુએ કંઈ પણ સાધન વિના માત્ર કૃપાથીજ કરાવ્યું છે. એમાં ભગવાનનું ઐશ્વર્ય કારણરુપ છે. જ્ઞાનમાં તો અન્ય ઉપાય શોધવાનું સામર્થ્ય જોઈએ. પરમાત્મા તો સર્વદ્રષ્ટા છે-સર્વ વસ્તુને નિરંતર પ્રત્યક્ષ જુએ છે. એમને બીજાં સાધનની પણ અપેક્ષા નથી. એટલે વ્રજભક્તોનાં મનોરથોની સિદ્ધિ માટે આ

પ્રકારે વિચારવા લાગ્યા કે;-આમને સાધનમાં યોજવા કે મર્યાદાનું ઉલ્લંઘન કરી ફલ આપવું? જો સાધનમાં હું યોજું તો તેમને ક્લેશ થાય, એમ માની કૃપા કરી બીજું વૈકુંઠ દર્શનરૂપ ફલ આપવાનોજ વિચાર કર્યો.

વૈકુણ્ઠ દર્શન કૃપાથી કરાવ્યું, આ લોકમાં જે ઉત્પન્ન થાય છે. તે સામાન્ય રીતે પોતાની ગતિ જાણતા નથી. એ પોતાની ગતિનું જ્ઞાન થાય તો દોષ દૂર કરી તે ગતિને મેળવવાનો ઉપાય કરે. પછી શાસ્ત્રીય સાધન કરે, પછી આત્માની પ્રાપ્તિ થાય, પછી ભગવાનનું જ્ઞાન થાય, ત્યાર પછી મારા સ્થાનનું દર્શન થાય. આટલું કરતાં તો તેમનાં કરોડો વર્ષ વહી જાય, તો પણ ભગવલ્લોકનું દર્શન ન થાય. પહેલાં તો એઓ અધિકારિજ નથી. કારણકે તેમને અવિદ્યા વ્યાપીને રહી છે. એમ વિચારી પરમ દયાદૃષ્ટિએ પોતાનું વૈકુંઠ પદ વ્રજભક્તોને દર્શાવ્યું. તેમાં વિરાજમાન ભગવાનનાં દર્શન કર્યાં. પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન કરનાર તેઓને ભગવલ્લોકનું દર્શન થાય, તેમાં આશ્ચર્ય જેવું કંઈજ નથી. ભગવાનનાં ધામો ઘણાં, તેમાંયે વ્યાપિ વૈકુંઠલોક તો તમથી અજ્ઞાનથી પર છે. પ્રકૃતિથી પણ પર છે. પ્રભુએ માયાના પટને ખોલી વ્યાપી વૈકુંઠપદ દશાવ્યું છે. એ પદ-સ્થાન અક્ષરરૂપ છે. ભગવાન શ્રીકૃષ્ણ પરમ ઈશ્વર છે, એમ જ્યારે એમનાં અન્તઃકરણમાં નિશ્ચય થયો, ત્યારે તે લોક અક્ષરરૂપ હોવા છતાં પ્રકટ થયો. એમ ન હોય તો તે લોક પણ કૃત્રિમ થઈ જાય. આ લોકનું સ્વરુપ સત્ય-જ્ઞાન અને અનન્ત છે. તેને દેશ કાલ વિગેરેનો જરાપણ બાધ નથી. કેવલ જ્ઞાનરૂપ છે. એ વૈકુંઠ ધામ તે સર્વ વેદાન્ત-સિદ્ધ જ્યોતિર્મય બ્રહ્મ જ છે. સ્વયં પ્રકાશમાન, કરોડો સૂર્ય કરતાં પણ અધિક દેદીપ્યમાન સનાતન, અનાદિ, સિદ્ધ, સ્વાભાવિક રીતે સર્વભવનસમર્થ એવું તે અક્ષર વૈકુંઠ ધામ છે. જેમાં બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે. એ બ્રહ્માનંદથી વિશેષ આનંદ ભજનમાં છે. તેનું સ્વરૂપ દર્શાવવા ભગવાને બ્રહ્માનંદમાંથી ઉદ્ધાર કરી શ્રીવ્રજાંગનાઓને ભજનાનંદનું દાન કર્યું છે.

પ્રભુ પોતે કૃપાથી જ દામોદર થયા. પોતાની માતાના શરીરમાં પ્રસ્વેદ થતાં માલા અને વેણી સરી પડતાં બહુ શ્રમ થયો છે, એમ માની પોતે સર્વસમર્થ હોવા છતાં બંધાઇ જવાને કૃપા કરી, તેથી "ભક્તને આધીન હું છું" એમ દર્શાવ્યું. રાસમંડલમાં અતિ વિહારથી થાકી જતાં ગોપીજન ઉપર દયા લાવી હસતાં હસતાં તેમનાં મુખોને પોતાના શ્રીહસ્તથી દયાનિધિ શ્રીકૃષ્ણે લૂંછ્યાં. એ સર્વ પ્રસંગો પ્રભુની કૃપા દેખાડનારા છે. અર્જુનનું સારથિપણું કરવું, ગાયોનો ઉદ્ધાર કરવો; ગિરિરાજ ગોવર્ધનના તટ પર ગોચરણ લીલા કરવી, પશુ-પક્ષી તથા ભિલ્લ સ્ત્રીઓને વેણુનાદથી આનંદ આપવો, ભક્તની કોટિમાં પ્રવેશેલા ભીષ્મને સાયુજ્ય મુક્તિ આપવી, એ સર્વ ભગવાનની કૃપા જ છે. ભીષ્મ કહે છે કેઃ—"अथाप्येकान्तभक्तेषु હે રાજન્! એકાંત ભક્તો ઉપર પ્રભુની કેવી કૃપા છે, તે તું જો, 'પ્રાણોનો ત્યાગ કરવાના સમયમાં સાક્ષાત શ્રીકૃષ્ણ મને દર્શન આપવાને પધારેલા છે." ચક્રથી ગ્રાહનાં મુખને ફાડી નાંખી ભગવાને ગજેન્દ્રનો ઉદ્ધાર કૃપાથી જ કર્યો. વધને યોગ્ય હોવા છતાં રામચંદ્ર ભગવાને વિભીષણ વિગેરે રાક્ષસોનું કૃપાથી જ પરિપાલન કર્યું. તેમ કૃપાથી જ સુગ્રીવાદિક વાનરોનો ઉદ્ધાર કર્યો." सुरोऽसुरो वाथ नरोथ वानर :–દેવ દૈત્ય નર કે વાનર ગમે તે હોય તોપણ મનુષ્યરૂપે પ્રકટ થયેલા પરમેશ્વર શ્રીરામચંદ્રનું ભજન કરે છે. તેઓ સર્વ અયોધ્યાવાસીઓ તેમની કૃપાથી સ્વર્ગમાં ગયા હતા. અરે પોતેજ તેમને સ્વર્ગમાં લેઈ ગયા હતા." એ બધું પ્રભુનું કૃપા કાર્ય જ છે. દેવોનાં કાર્ય સિદ્ધ કરવા ભગવાને વરાહાદિરૂપ લેઈ તેમનાં દુઃખને દૂર કર્યાં છે.

“ यत्तेऽनुतापविदितैः ”—આ શ્લોકનાં શ્રીસુબોધિનીમાં શ્રીમદાચાર્યચરણ ઉપદેશ કરે છે કે, જ્યારે જીવાત્મા બહુકાલ સુધી ફરતાં ફરતાં અત્યંત ક્લેશ પામે છે. ત્યારે ભગવાનની કૃપા તેના ઉપર થાય છે. પોતાના આનંદનો અનુભવવા યોગ્ય ક્લેશ પામે, ત્યારે એ ક્લેશ ભગવાનેજ કર્યો હોય છે. પ્રભુની કૃપા એવો ભગવદાનંદ મેળવવાને સંતાપ ઉત્પન્ન કરે છે. “ प्रणतवत्सलः ” વિગેરે શ્રીશુકદેવનાં વચનો પ્રણામ કરનાર ભક્તો ભગવાન્‌ના કૃપાપાત્ર થાય છે. એમ સિધ્ધાન્ત દઢ કરે છે. “ प्रणताश्रयणम् ” “ नृशरण्यम् ” “ करुणार्णवम् ” વિગેરે નારદનાં વચનો પ્રણામ કરનારને આશ્રય આપનાર. મનુષ્યને શરણ રાખનાર, કૃપાના સમુદ્ર ભગવાન્ છે. એ પ્રાણી માત્રના બંધુરૂપ ભગવાનનો સર્વજનોએ તેમાંયે ખાસ ભક્તોએ તો એમનો આશ્રય કરવામાં દઢજ વિશ્વાસ રાખવો. “ પોતાના આત્માને પ્રભુને નિવેદન કરનાર ભગવદીયોએ ચિંતા કદાપિ ન કરવી. પુષ્ટિ પુરુષોત્તમ કોઈ દિવસ તમારી લૌકિક ગતિ કરશે નહિ. માટે તાદશી-ભગવાનનો સાનુભવ કરનારા ભગવદીયોની સાથે નિરંતર આત્માનિવેદનનું સ્મરણ સર્વ પ્રકારે કર્યા કરવું. ભગવાન્ સર્વેશ્વર સર્વના આત્મારૂપ હોઈ પોતાની ઇચ્છા પ્રમાણેજ કરશે.” એમ નવરત્નમાં શ્રી આચાર્યચરણે સ્પષ્ટ આજ્ઞા કરી છે. ભકિતવર્ધિનીમાં પણ “ हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ”—ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વ રીતે રક્ષણ કરશે. એમાં સંશયનથી એમ સમજી ભગવન્માર્ગમાં દઢ રહેવું.

“ इभराडिव भिन्नसेतु : ” એ વચન પ્રમાણે શ્રી ગોપીજનોનો ઉધ્ધાર કરવા માટે ગજરાજની પેઠે સેતુ-મર્યાદાનો ભંગ કરીને અપાર કૃપા વરસાવી. નંદરાજકુમારની કૃપા ઉપમા વગરની-અનુપમ છે. તેની તુલના થઈ શકે તેમ છેજ નહિ. બ્રહ્માદિ દેવો પણ તેને વર્ણવી શકે તેમ નથી. છતાં દીનબંધુ શ્રીગોપીજનવલ્લભનું કૃપામૃત પામવાને ભકતોને દીનતા એજ એક મુખ્ય સાધન છે, બીજું નથી તેથી જ આચાર્યચરણોએ “ नहि साधनसम्पत्या हरिस्तुष्यति कर्हिचित्-સાધન સંપત્તિથી કોઈ દિવસ ભગવાન્ સંતોષ પામશે નહિ.” પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન એક માત્ર દીનતાજ છે. એવી દીનતાથી સંતુષ્ટ થયેલા ભગવાન્ સર્વ દુઃખ દૂર કરેછે.

“ तन्नः प्रसीद वरदेश्वर० આ શ્લોકનાં શ્રી સુબોધિનીમાં ભગવાનને પ્રસન્ન કરવામાં સાધન શું! એમ પ્રશ્ન કરી સમાધાન કરતાં હે વરદેશ્વર! એમ કહે છે. જે વર આપે છે તે લોકોનાં ક્લેશને જાણીને જ, માટે તે દયાળુ છે. નહિ તો તપ કરવા છતાં વર ન આપે, એવા વર આપનારાઓમાં શ્રેષ્ઠ-સમર્થ અત્યંત દયાળુ પ્રભુ તમે છો; તે દ્વારા સર્વ દુઃખને તમે શાંત કરો છો. અમે બહુ ક્લેશ પામ્યા છીએ. ક્લેશ પણ તપની પેઠે એક સાધન છે. “ प्रादुरासं वरदराट् ” એ વાક્યનો આશય એજ છે. દયાથી જ ભગવાન વસુદેવ દેવકીજીને ત્યાં પુત્રરૂપે પ્રકટ થયા છે. દયાથી જ ભગવાને વ્રજવનિતાઓમાં લીલાની યોગ્યતા પ્રાપ્ત કરી છે. “ वासांसि ताभ्यः प्रायच्छत् ” -તેમનાંથી સંતોષ પામી કરુણાલુ પ્રભુએ તેમનાં વસ્ત્ર તેમને પાછાં આપ્યાં. સાક્ષાત્ સ્વરૂપાનંદને પામનારાં શ્રીસ્વામિનીઓનાં પોતાના વિહારથી ઉત્પન્ન થયેલાં શ્રમનાં જળબિંદુઓને પોતાનાં શ્રી હસ્તનો સ્પર્શ કરી દૂર કરે છે. “ तासामतिविहारेण ” એ ફળ પ્રકરણનાં શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણની અપાર કૃપા સ્પષ્ટ દર્શાવી છે. આથી સિદ્ધ થાય છે કે, ભક્તબંધુ શ્રીકૃષ્ણનું-શ્રીપુરુષોત્તમનું કૃપાસમુદ્રપણું એ મુખ્ય લક્ષણ છે.

ત્રીજું દર્શન સમાસ.

દર્શન ૪ થું. (ભગવાન્ મુરલીધર છે)

મુરલીગાન રસિક ! ગોપીજન પ્રિય ! પ્રભો !
કૃષ્ણ ! પૂર્ણાનંદ દાતા ! મને આપ પ્રસન્ન હો—૨

મુરલીધર ભગવાન જ પૂર્ણ આનંદનું દાન કરનાર છે. "बर्हापीडं नटवरवपुः" એ શ્લોકના શ્રીસુબોધિનીમાં શ્રીમદાચાર્યચરણ નામ લીલારૂપ વેણુનાદનું નિરૂપણ કરે છે કેઃ—"વેણુનાં રન્ધ્ર-છિદ્ર સાત છે. સુધા દેવભોગ્યા, ભગવદ્ભોગ્યા અને સર્વાભોગ્યા એમ ત્રણ પ્રકારની છે. સર્વાભોગ્યા સુધા લોભરૂપ અધર પર સ્થાપન કરેલી છે. તેનો સાક્ષાત્ અનુભવ થતો નથી, એટલા માટે કાનથી જ પીવા યોગ્ય બને છે તે સુધા સર્વને ભગવદીયપણું પ્રાપ્ત કરાવે છે. એ આનંદ જ છે. તે પ્રકટ થઈને દ્રવીભૂત થતાં બ્રહ્માનંદથી અધિક આનંદના સર્વ સારરૂપ છે. તે કોઈ સાધનથી પ્રાપ્ત થતી નથી માટે નાદબ્રહ્મમાં યોજવા, તેને નદનું ઉત્પત્તિ-સ્થાન-વેણુના છિદ્રોમાં પૂરી છે." રૂપલીલાનું વિવેચન પ્રથમ દર્શનમાં જ ઉદાહરણરૂપે આપ્યાથી ફરી અહિં વિસ્તાર કરતા નથી. રાસપંચાધ્યાયીના વિવરણમાં ભગવાને પણ 'ता रात्री : એ શ્લોકમાં 'मयेमा रंस्यथ क्षपा :' એ શ્લોક પ્રમાણે જે રાત્રિઓ વરદાનમાં આપેલી, સ્ત્રીઓના રમણ માટે તે રાત્રિઓને ગ્રહણ કરી. તે આધિદૈવિક છે. તે રાત્રિઓ પૂર્ણ હોવાથી તે સર્વ પૂર્ણિમાની રાત્રિઓમાં સ્થાપન કર્યું. ઋતુ પણ શરદ્ પ્રકટ કરી, તેના કાર્યરૂપે પુષ્પોને ય પ્રકટ કર્યાં. એમ રસને ઉદ્દીપન કરનાર સર્વ સામગ્રી સિદ્ધ કરીને પોતાના આનંદને પ્રકાશ કરનાર કામના પિતામહ-દાદા એટલે કામની ઉત્પત્તિ સંકલ્પથી થાય, એ એનો પિતા, (સંકલ્પ મનથી થાય એટલે એ) મન એનો પિતામહ કહેવાય, એમ કામનો પિતામહ-મન પ્રકટ કર્યું. તે સર્વ રાત્રિઓમાં પોતાનો સંકલ્પ પણ જાગ્રત થવો જોઈએ. એમાં વેણુ સહાયરૂપ થશે. ત્યારપછી કામનું વર્ણન હોય. માટે તેવા પ્રકારનું મન પ્રકટ કર્યું." આ પ્રમાણે શ્રીકૃષ્ણના જ્ઞાનનું દાન કરનાર આચાર્ય ચરણે નિરૂપણ કર્યું હોવાથી પૂર્ણાનંદરૂપ રસલીલામાં પણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને વેણુની અપેક્ષા છે. માટે બંસીધર ગોપાલપણું એ પરબ્રહ્મનું મુખ્ય લક્ષણ સિદ્ધ થાય છે.

અથર્વણોપનિષદ્માં "क्वचित् गोकुलवृन्दाकानन०—કોઈ વખત ગોકુલ વૃન્દાવનમાં સંચરતા ગોપ વેષધારી કલ્પદ્રુમના ફળોથી રચેલી ચિત્ર વિચિત્ર તટ ભૂમિમાં શ્રીયમુનાના જલતરંગના સંગવાળા પવનથી ચલાયમાન કેશ વડે સુંદર ગંડસ્થલ-ગાલની કાંતિથી દેદીપ્યમાન કુંડલની પ્રભા વડે અનુભવમાં આવતા ડાબા સ્કંધ ઉપર ડોલતા મુકુટના મહામણિ વડે શોભતા, મુરલી-વેણુના છિદ્રો ઉપર અતિ ચંચલ કરકમલની અંગળીઓને આધીન જુદા જુદા સ્વરના આલાપની મધુરતાથી-મીઠાશથી મોહ પામતી વ્રજ વનિતાઓના કટાક્ષરૂપ કમળોથી સેવન કરાતા ભગવાન શ્રીકૃષ્ણ છે." એમ તત્ત્વસૂત્રના ભાષ્યમાં શ્રીમદાચાર્ય-ચરણોએ નિરૂપણ કર્યું છે.

ગોપાલ તાપની ઉપનિષદ્માં "गोपवेषमभ्राभम्० ગોપવેષધારી કલ્પદ્રુમનો આશ્રય કરનાર શ્રીકૃષ્ણ એમ, કહીને "सत्पुण्डरीकनयनं० द्विभुजं वेणुमुद्राढ्य०-સુંદર કમલનયન મેઘશ્યામ વીજળીના જેવાં પીળાં વસ્ત્ર ધરનાર, બે ભુજાઓથી શોભતા, વનમાલા ધરનાર ભગવાન શ્રીકૃષ્ણ પરમેશ્વર છે. છે કેઃ—"वेणुवादनशीलाय-वेणुवादविनोदिने—વેણુનાદ કરવાનો જેમનો સ્વભાવ છે, વેણુનાદ

કરવામાં જેમને વિનોદ-આનંદ થાય છે. એવા પ્રણામ કરનારને પાલનાર ભગવાન શ્રીકૃષ્ણને વારંવાર નમસ્કાર.” વિગેરે વચનોથી પ્રભુ વેણુદ્વારા જ ભક્તોને સ્વાધીન કરે છે.

શ્રીમત્પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ્વરજીએ “वेणुस्वनामोदितगोकुलाय-વેણુનાદથી ગોકુલને પ્રસન્ન કરનાર શ્રીકૃષ્ણને પ્રણામ” એમ જણાવ્યું. ગીતગોવિંદમાં “नामसमेतं कृतसंकेतं वादयते मृदुवेणुम्-નામ સહિત સંકેત કરતા વેણુનાદ પ્રકટ કરે છે.” એમ કહ્યું. “मधुपतिरवगाह्य चारयन् गाः બલદેવજી તથા ગોપબાળકો સાથે ગાયોને ચરાવતા મધુપતિ-ભગવાન શ્રીકૃષ્ણે વેણુ વગાડી.” એમ (ભા. ૧૦-૧૯) કહ્યું. એટલે દેવોને પોતાનું સ્વરૂપ જણાવવાને-સ્મરણ આપવાને, ગાયોને બોલાવવા અને શ્રી સ્વામિનીઓને પૂર્ણ આનંદનું દાન કરવા ભગવાન વેણુનાદ કરે છે.” એમ શ્રીઆચાર્યચરણોએ વિવેચન કર્યાથી વેણુધરપણું પૂર્ણ બ્રહ્મનું મુખ્ય લક્ષણ છે.

બ્રહ્માએ “यन्मित्रं परमानन्दं पूर्णं ब्रह्म सनातनम्-પરમાનંદરૂપ સનાતન પૂર્ણ બ્રહ્મ જેમના મિત્ર છે,” એમ વર્ણવ્યું છે. પ્રભુને વેણુનાદ અત્યંત રૂચિકર છે, ભોજન સમયે પણ વેણુને દૂર રાખતા નથી. “बिभृद्वेणुं जठरपटयोः—કટિ ઉપરનાં વસ્ત્રોમાં વેણુને ધારતા, “वेत्रविषाणवेणुलक्ष्मश्रिये-લાકડી, શિંગ અને વેણુના ચિહ્નોથી શોભતા” “वेणुक्वणन्त०-વેણુનો નાદ કરતા.” અહિં વેણુનો નાદ શાંતરસ છે. ભગવાન તે દ્વારા બ્રહ્મામૃત પ્રકટ કરે છે. ગોપાલ બાળકો તેમની કીર્તિનું ગાન ગાય છે. એ ભક્તિરસ છે. આ પ્રમાણે સર્વ રસયુક્ત ભગવાનનું દર્શન કરતાં છતાં, વારંવાર દર્શનની ઇચ્છાને સૂચન કરતી દૃષ્ટિઓ રાખીને સર્વ પ્રાણીઓ સ્થિર બની જાય છે; એમ આચાર્યચરણે વિવેચન કર્યું “क्वचिद्वेणून् वादयतः-કોઈ સમય વેણુ વગાડતા” એમ કહ્યું છે. અહિં છિદ્રોના ઘણા ભેદ છે. તેથી અહિં ‘वेणून्’ એમ બહુવચન છે. એટલે મસ્તકમાંથી શ્વાસરૂપે નીસરતા અનેક પ્રકારો જણાવ્યા. બાળલીલાના પ્રસંગમાં તેમ વત્સોનું પાલન કરવામાં બહુ પ્રકારે વેણુઓ સમય પ્રમાણે ભગવાન વગાડે છે. આથી કૃષ્ણ રહસ્ય નામના ઉપનિષદ્માં “रुद्रो येन कृतो वंशः-જે ભગવાને રુદ્રને વેણુરૂપ કર્યા છે.” એમ વેણુનું શિવરૂપ કહ્યું. સંમોહન તંત્રમાં “मुरली वेदरेचका મુરલી વેદને બહાર કાઢે છે,” એટલે તે વેદરૂપ છે. નાદ બ્રહ્મરૂપ છે. “सैव सः सा स एवास्ति वंशी तत्प्रेमरूपिणी-શ્રીરાધા એ જ શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ એ જ રાધા, અને તે બન્નેના પ્રેમરૂપ બંસી-મુરલી છે, એમ સ્કં. પુ ભા. માહાત્મ્યમાં કહ્યું છે. આમ બંસીને અનેકરૂપે કહી, તેથી વિરોધ નથી. કેમકે, એના અનેક પ્રકારો સમય પ્રમાણે ભગવાને પ્રકટ કર્યા છે. એમ આચાર્ય ચરણોએ સપ્રમાણ વ્યવસ્થા કરી છે.

મુરલીધરપણાની પેઠે મોરમુકુટધરવાપણું પ્રભુનું મુખ્ય લક્ષણ છે.

ગો. તા. ઉપનિષદ્માં “बर्हापोडाभिरामाय-મોરમુકુટ વડે સુંદર, ભાગવતમાં “बर्हापोडम० એમ શુકદેવજીના વચનમાં “नृत्यन्मयूरानुकरणम्०-નાચતા મોરનું અનુકરણ કરતો મુકુટ જેમણે ધારણ કર્યો છે. એમ શ્રીઆચાર્ય ચરણોએ વર્ણવ્યું છે. જેથી રસાત્મક પુરુષોત્તમનું વેણુધરપણાની મોરમુકુટ ધરવાપણું પણ મુખ્ય લક્ષણ છે. માટે જ “मयूरपिच्छच्छविशोभिताय-મોરપિચ્છની કાંતિથી શોભતાને” એમ કહ્યું. ભીષ્મે પણ વિષ્ણુ સહસ્રનામમાં “शिखण्डी-મોર પિચ્છધારી” એમ ભગવાનનું નામ આપ્યું છે.

વેણુનો અર્થ

ક્ષુદ્ર-તુચ્છ વિષયાનંદ અને અક્ષર બ્રહ્માનંદ એમ બન્ને આનંદ કરતાં અધિકમાં અધિક આનંદ પરમ પૂર્ણાનંદ વેણુથી જ મળે છે. तन्माधवो वेणुरणयन्-બલરામ વડે યુક્ત પોતાનો યશ

ગાનાર ગોપોથી વિંટાયેલા માધવ વેણુનાદ કરે છે.” અહિંસા લક્ષ્મીના સાથે ક્રીડા કરવાને પોતાના શબ્દ બ્રહ્મસ્વરૂપના સંવાદના અર્થને પ્રકટ કરતા ભગવાન, એમ જણાવ્યું. વેણુ શબ્દમાં ‘व+उ+अणु’ એમ ત્રણ શબ્દ છે. વ=એટલે બ્રહ્માનંદ અમૃત સ્વરૂપાનંદ ઉ=કામ-વિષયાનંદ એ બન્ને આનંદ જેનાથી અણુમાત્ર છે. બીજા બધા આનંદને ભૂલાવે તેવો વેણુનો આનંદ છે. એનો નાદ થતાં વિષયી જીવો અને મુક્ત જીવો પ્રભુના સમિપ આવે છે. આથી વેણુનાદ કરવાના સ્વભાવવાળા ભગવાન શ્રીકૃષ્ણ જ પૂર્ણ છે.

અંશ-કલા-પૂર્ણાવતાર?

મત્સ્યાદિ અવતારો પુરુષોત્તમસ્વરૂપ હોવાથી માત્ર શ્રીકૃષ્ણ જ પૂર્ણ છે એમ કેમ કહો છો? એનું સમાધાન કરે છે:—“एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्-મત્સ્યાદિ અવતારો પુરુષોત્તમના અંશકલારૂપે છે. પરંતુ શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન છે.” આ વચનથી શ્રીકૃષ્ણ પૂર્ણ ભગવાન છે. બીજા મત્સ્ય-વારાહ-નૃસિંહ-વામન વિગેરે શ્રીકૃષ્ણની અંશકલાના અવતારો છે. જો કે, અંશકલા અવતારોમાં ધર્મીરૂપે તો ભગવાન શ્રીકૃષ્ણ જ છે. કૃષ્ણ સ્વરૂપમાં સાક્ષાત્ શ્રી અંગની વિશેષતાને લીધે દૃશ્ય સ્વરૂપનું જ પૂર્ણ બ્રહ્મપણું છે. શ્રીમદાચાર્ય ચૂડામણિ બ્રહ્મસૂત્રના ભાષ્યમાં “यत्राऽसौ संस्थितः कृष्णः स्त्रिभिः शक्त्या समाहितः-શક્તિ સહિત ચતુર્વ્યૂહ સ્વરૂપે સાક્ષાત પ્રભુ વિરાજે છે. શ્રી ભાગવતમાં પુરુષના અંશાવતારો કહીને ભૂભાર હરણ કરનાર રામકૃષ્ણનો પણ અવતાર કહે છે. પછી एते चांशकलाः पुसः०—બીજા અંશકલારૂપ હોઈ શ્રીકૃષ્ણ તો સાક્ષાત ભગવાન છે, એમ સ્પષ્ટ જણાવે છે એટલે સર્વ અવતારોમાં ભગવાન શ્રીકૃષ્ણ જ શ્રેષ્ઠ છે. પ્રથમ કહી ગયા તે રીતે તો સર્વ અવતારોની સમાનતા જણાય છે એમાં એક મુખ્ય અને બીજા ગૌણ, એવું નથી. વળી પરમાત્મા “निष्कलं निष्क्रियं० (શ્વે. ઉ. ૬-૧૯) એ શ્રુતિ પ્રમાણે તો આકાર રહિત છે. તેમાં એક અંશ અને બીજો અંશી, એવું કેમ કહેવાય? એ શંકાનું સમાધાન કરે છે કે:—“सत्वमस्याः प्रिया मूर्तिः, विशुद्धसत्त्वं० શુદ્ધ તત્ત્વ એ એની પ્રિય મૂર્તિ છે. વિશુદ્ધ સત્ત્વ એ આપનું શાંત ધામ છે. આ બે વાક્યથી અપ્રાકૃત-અલૌકિક ભગવાનના સ્થાન ભૂત સત્ત્વનામે ભગવદ્‌ધર્મરૂપ કોઈ વસ્તુ છે. જેવા રૂપે ભગવાન કાર્ય કરવા ઇચ્છે તેવા તેવા રૂપે તેને પ્રકટ કરી, તેમાં પોતે આવેશ કરી, લોઢાના ગોળામાં અગ્નિની પેઠે તે તે કાર્ય કરે છે. જે જે અવતારમાં એ રીતે આવિર્ભાવ થયો હોય, તેને અંશ કહેવામાં આવે છે. ત્યાં શરીરનું સત્ત્વપણું હોવાથી તેમાં આવિર્ભાવ પામેલું બ્રહ્મ જ છે. માટે એવા શરીર ધારીની અવતાર તરીકે ગણના થતાં તેમાં જ એક અંશનું અંશત્વ હોવાથી તે અંશ કહેવાય છે. પણ આધારના ભજનની અપેક્ષા વિના પોતે જ સાકાર શુદ્ધ બ્રહ્મ ભક્તોના ઉદ્ધાર માટે પ્રકટ થાય, તે સ્વયં પૂર્ણ ભગવાન જ કહેવાય છે. એ જ તેમની સર્વ શ્રેષ્ઠતા છે.

સર્વ તરફ હાથ-પગ-મુખવાળું અપ્રાકૃત-સ્વરૂપ છે, એમ સ્પષ્ટ દર્શાવવા બાલ ભાવથી આવિર્ભાવ પામી જુદી જુદી લીલાઓ કરે છે. તેથી જેવી જેવી લીલા કરવાની હોય તેવું બાલ્ય-પૌગંડ-વગેરે અવસ્થાવાળું તે તે રૂપ નિત્ય જ છે. આમ સમજવામાં ભગવાનના સચ્ચિદાનંદમય સ્વરૂપમાં વિરોધ આવે છે. એમ ન કહેવું. કારણ કે, સત્ત્વપણુ ભગવાનનો જ ધર્મ કહેવાય, તે સચ્ચિદાનંદ સ્વરૂપ જ છે. જેથી એમાં વિરોધ છે જ નહિ. મંત્ર કે તંત્ર વિગેરેથી આવેશ થતાં જે રૂપો પ્રકટ થાય, તે તો વિભૂતિરૂપ છે. આ પ્રમાણે

(૩-૨-૨૮) ભક્તિહંસ ગ્રંથમાં વિવેચન કર્યું છે. "प्रकाशाश्रयवद्वा तेजस्त्वात्" એ બ્રહ્મસૂત્ર પ્રમાણે પ્રકાશના આશ્રય રૂપ સૂર્યાદિ ગ્રહો પ્રકાશથી જુદા નથી, તેમ ભગવાનનો આશ્રય કરનારા ધર્મ ભગવાનથી જુદા નથી, પણ સચ્ચિદાનંદરૂપ છે. હીન અધિકારીઓને તે તે ફલનું દાન કરવા ઐશ્વર્ય વિગેરે રૂપે ત્યાં ત્યાં પણ તે જ તત્ત્વ રહ્યું છે.

શંકા—[illegible] શુદ્ધબ્રહ્મનું અનેકપણું તમે જ કહ્યું માટે મત્સ્યાદિ સ્વરૂપોમાં અધિષ્ઠાનપણે સત્ત્વસ્વરૂપજ રહેલું છે. એમ કહેવું ઠીક નથી. એમ ન કહેતાં બ્રહ્મનો નિરાકાર સ્વભાવ પણ સિદ્ધ થાય છે. માટે સત્ત્વના અધિષ્ઠાનથી પ્રાકટ્ય કહેવું સર્વથા અયોગ્ય છે, આ સંદેહ દૂર કરે છેઃ— સત્ત્વનું અધિષ્ઠાન પ્રમાણ સિદ્ધ હોઈ, તેને દૂર કરાય નહિ શ્રુતિમાં કહ્યું છે કે,—यदेकमव्ययव्यक्तमनन्तरूपम्—જે એક અવ્યક્ત અને અનન્ત રૂપવાળું બ્રહ્મ છે. શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય ભક્તિના નિમિત્તથી થયું છે. તે અનેક પ્રકારથી થાય. જેથી તે તે ભક્તિને અનુકૂલ તેવું તેવુ પ્રાકટ્ય ભગવાન કરે છે. સર્ગલીલાના કાર્યમાં અધિકાર પામેલા ભક્તો બીજામાં આસક્ત હોય છે. તેમનો સ્નેહ ઉપાધિને લીધે ગૂઢ રહેલો હોવાથી, તેમને સારૂં મત્સ્યાદિરૂપો પણ તેવો ભાવ પ્રકટ કરે છે. પરંતુ જેઓ કેવળ ભગવાનના સ્વરૂપમાંજ આસક્ત હોય છે. તેમને સારૂં ઉપાધિના અંતરાય વિના પોતે જ પ્રકટ થાય છે. આથી પ્રભુના નિરાકારપણાની શંકાજ શાંત થાય છે. જેમ ઉપાધિયુક્ત સ્નેહ કરનારાઓ માટે મત્સ્યાદિરૂપોનું પ્રાકટ્ય પ્રમાણ સિદ્ધ છે. તેમ નિરુપધિ શુદ્ધ સ્નેહ કરનારાઓને સારૂં વ્રજપતિ શ્રીકૃષ્ણચંદ્રનું પ્રાકટ્ય પણ પ્રમાણ સિદ્ધ જ છે. ઉપાધથી રહિત શુદ્ધ સ્નેહ કરનારાઓનાં વિષયમાં ભગવાનનું પ્રાકટ્ય સર્વ શ્રેષ્ઠ છે. મત્સ્ય વિગેરે રૂપો ઉપાધિયુક્ત સ્નેહ કરનારાઓ માટે જ પ્રકટ કરેલા હોવાથી તે તેવા પ્રકારનાં એટલે સત્ત્વાધિષ્ઠાન યુક્ત છે, એમ નિશ્ચય થાય છે. અહિં ગુણભેદનું પ્રયોજન નથી. તેથી સર્વ વેદાંતનો મુખ્ય વિષય પર બ્રહ્મ—શ્રીકૃષ્ણ જ છે. એમ નિઃસંદેહ સિદ્ધ થાય છે. એમ આ પ્રમાણે પૂર્ણબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું મુરલીધરપણું મુખ્ય લક્ષણ છે.

દર્શન ચોથું સમાપ્ત.

દર્શન પાંચમું.

(ભગવાન ગોપીજનવલ્લભ છે)

ગોપીજન—પ્રાણનાથ! ગોકુલેશ રમાપતિ!
વેણુગોપાલ! ગોવિંદ! મને રક્ષો કૃપાનિધિ ॥૧॥

ભગવાનનું શ્રીગોપીજનવલ્લભપણું સહજ છે કે આગંતુક છે? આ પ્રશ્નમાં પહેલાં આગન્તુક ગણીએ તો વ્યાપિવૈકુંઠમાં રહેલી શ્રુતિઓએ મૂલરૂપનાં દર્શનની પ્રાર્થના કરી, ત્યારે ભગવાન નિત્ય લીલામય પોતાના સ્વરૂપનું પ્રાકટ્ય કર્યું તે ન કર્યું હોત? પણ પૂર્વ સિદ્ધ ગોપિકાઓનાં સંબંધને જાણીને જ પોતે પુરુષોત્તમની લીલાને યોગ્ય ગોપીપણાની પ્રાર્થના કરી. એટલે ભગવાનની કૃપાથી સારસ્વત કલ્પમાં શ્રીભાગવતની રાસપંચાધ્યાયીની રીતે નિત્યલીલામાં તેમનો પ્રવેશ થયો છે. એમ બૃહદ્વામન પુરાણમાં બ્રહ્મનાં વચનથી નિશ્ચય થાય છે. ભગવાનની લીલા નિત્ય છે. એમ પ્રથમ દર્શનમાં પ્રમાણ તથા ઉદાહરણો આપીને નિરૂપણ કર્યું છે. તેથી ભગવાનનું ગોપીજન-

વલ્લભપણા રૂપ લક્ષણુ સહજ છે. ગો. તા. ઉ. માં "कृष्णो वै परमं दैवतम्—શ્રીકૃષ્ણુ જ પરમ દૈવત છે. ગોવિંદપ્રભુથી મૃત્યુ ભય પામે છે. ગોપીજનવલ્લભના જ્ઞાનથી એ સર્વ જાણી શકાય છે. શ્રીગોપીજનવલ્લભ જ ભુવનોને ધારણુ કરે છે." વિગેરે વચનોથી ભગવાનનું સ્વાભાવિક ગોપીજનવલ્લભપણું સિદ્ધ થાય છે. "एवं शशांकांशुभिराजिता निशा०—આ ફલ પ્રકરણના શ્લોકના સુબોધિનીમાં શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કેઃ—શશાંક–ચંદ્રમાનાં કિરણોથી [illegible]ભાયમાન રાત્રિ, તે રાત્રિઓમાં ભગવાને રમણુ કર્યું. આ પ્રકાર તો નિરંતર લીલારૂપ જ છે. એ સંબંધમાં કોઈના ક્યાંયે વિરોધ નથી.

આ પ્રમાણે રમણ કરવાનું શું કારણ ? એ શંકાનું સમાધાન કરે છેઃ—કે તે ભગવાન **સત્યકામ**–સત્ય છે, **કામ** જેમનો એવા છે. એવાં જ **સત્ય**–કામા ગોપીજનો **સહિત** તે **સત્યકામ છે. તેમની તે પ્રમાણે પ્રાર્થના** કરી, એટલે ક્રીડામાં ભગવાને સત્ય જ કામ સ્થાપન કર્યો. એ **કામ ક્ષીણુ નથી તેમ અસદ્** વિષયની વાસનાવાળો પણ નથી થયો. **સર્વ** રીતે શરણુ આવેલાં નિત્ય સંબંધવાળાં પોતાની **સાથે** અંતરથી વિલાસ પામેલાં, **સર્વ** પ્રકારે **પ્રેમમાં આસક્ત,** ગોપીજનોના સંબંધમાં લેશ પણુ શંકાને સ્થાન નથી. આગળ મર્યાદાભંગ જોવામાં આવે છે. તે રસનું પોષણુ કરવા પુરતું **જ** છે. શ્રીગોપીજનો એ પ્રકારનાં છે. પ્રભુની લાલસા રાખનારાં **અને** નિત્ય સંબંધવાળાં, એ એમાં શ્રીસ્વામિનીજી વિગેરે જે ગોપી છે, **તેમનો** ભગવત્સંબંધ અનાદિ–અનંત–સિદ્ધ જ છે. એટલે તે નિત્ય જ છે. લાલસાવાળા ગોપીજનનો સંબંધ કહેવાતો આદિ હોવા છતાં પણુ અંત વિનાનો–અનંત છે. "ये त्यक्तलोकधर्मार्थाश्च, तल्लिप्सूश्च सदा कृष्णः, ध्रुवासो अस्य०—જે મારે માટે લોક ધર્મોને ત્યાગ કરનારાં છે, તેઓને હું ધારણુ કરું છું, પ્રભુમાં લાલસા રાખનારાં નિત્ય પ્રેમાનંદ સ્વરૂપ ગોપિકાઓનો પ્રભુએ પોતાનાં નિત્ય એવા નિજજનોમાં **સમાવેશ** કર્યો. એ **સર્વ** નિત્ય હોવા છતાં અયોગ્ય જનોની દૃષ્ટિમાં નિત્ય દેખાતાં નથી, એ પ્રભુની સ્તુતિ કરનારા ભગવદીયો નિત્ય છે." વિગેરે ભાગવત મહાત્મ્ય **અને** શ્રુતિના વચનોથી લાલસા રાખનારા ભક્તોનો પણુ નિત્ય લીલામાં પ્રવેશ થાય છે. એટલે તે નિત્ય હોવાથી **અનંત** છે. "अहो यूयंस्म पूर्णार्था: (૧૦–૨૩), वन्दे नन्दव्रजस्त्रीणाम् (૬૩), आसामहं चरणरेणुजुषाम् (૬૧), તમે ભગવાન વાસુદેવમાં **મન અર્પણુ કર્યું છે તેથી આપ સર્વ** ગોપીજન લોકપૂજ્ય અને પૂર્ણુ **અર્થ**વાળા થયા છો. નંદરાયજીના વ્રજમાં **વસતી સ્ત્રીઓનાં** ચરણુરેણુઓને હું વંદન કરું છું; વૃંદાવનના તૃણુલતા–**ઔષધિઓમાં** કોઈપણુરૂપે **પ્રકટ થઈ શ્રીગોપાંગનાચરણોની** રજને સેવનાર થાઉં." વિગેરે ઉદ્ધવજીના વચનોથી ભગવાનની પ્રિયાઓ–ધન્ય ગોપીજનો રમા–લક્ષ્મીની પેઠે ભગવત્સ્વરૂપના આનંદથી પૂર્ણુ છે. તેથી તેઓ ભગવત્સમાન જ છે. પ્રાકૃત નથી. લૌકિકે નથી, એટલા માટે "स्त्रीरत्नैरन्वितः प्रीतैः (૧૦–૩૩–૨) આ શ્લોકનું વિવેચન કરતાંઃ—એ જીવો છે અને ભગવાન આનંદમય છે. એમની પરસ્પર **સમાનતા** નથી, તો રસોત્પત્તિ કેમ થાય ? એ શંકાનું સમાધાન કરે છે કે, તે સર્વ વ્રજાંગનાઓ ભગવત્સમાન જ હોઈ સર્વ રીતે કૃપાપાત્ર થયાં છે. આથી ગોપીપતિ ભગવાન શ્રીકૃષ્ણુ જ સેવ્ય છે. ફલદાન કરનાર છે. ભા. માહાત્મ્યમાં "यत्र भागवतं पद्यं,—જ્યાં ભાગવતનો એક શ્લોક અર્ધ શ્લોકનો જ પાઠ કરવામાં આવે ત્યાં પણુ ગોપીજન સહિત ભગવાન વ્રજપતિ વિરાજે છે, એમ કહ્યું. ગોપીપતિના પ્રેમમાર્ગને પ્રવર્તાવનાર શ્રીમદાચાર્યચરણુ પણુ શ્રીપુરુષોત્તમનું સ્વરૂપ છે. તેથી શ્રીવિઠ્ઠલનાથપ્રભુએ "શ્રીવલ્લભ" નામ ગાયું છે. "याः श्रुत्वा तत्परो भवेत् (૧૦–૩૩–૩૭) જે ભગવાનની લીલાઓને સાંભળી મનુષ્ય ભગવત્પરાયણુ થાય છે. એમ કહી શ્રીશુકદેવજી પણુ

ગોપીપતિની ભક્તિ પ્રવર્તાવે છે. આ પ્રમાણે પુષ્ટિભક્તોનો આશય સફલ જ છે. ગોપીપતિની લીલાઓનું ધ્યાન કરનારા કીર્તન કરનારા અને સાંભળનારા ગોપીપતિની કૃપાથી ગોપીરૂપ પામીને નિત્ય લીલામાં પ્રવેશ કરે છે. “स्त्रियो वा पुरुषा वापि—સ્ત્રીઓ કે પુરુષો સ્વામિભાવથી ભગવાનને હૃદયમાં ધારણ કરે તેઓ ગોપિકાઓની ગતિ પામે છે, એમાં સંદેહ નથી.” એમ બૃહદ્વામન પુરાણમાં બ્રહ્માના વચનથી સર્વાત્મભાવ વડે જે ભગવાનનું ભજન કરે તેનો ભગવાન અવશ્ય અંગીકાર કરે છે. અમારા કરેલા “**ભગવન્નામ દર્પણ**” ગ્રંથમાં ભગવલ્લીલાની પ્રાપ્તિમાં કીર્તન મુખ્ય સાધન છે. એમ અનેક ઉદાહરણથી નિરૂપણ કર્યું છે. એટલે આગળ વધુ વિવેચન કરતાં અહિ જ વિરમીએ છીએ.

સર્વાત્મભાવવાળાં ગોપિકાઓને નિત્ય દેવોને પણ દુર્લભ રાસલીલારૂપ સ્વરૂપાત્મક પૂર્ણાનંદનું દાન ભગવાન કરે છે. બીજાંને તેમ નથી. “नायं श्रियोंग उ नितान्तरतेः प्रसादः (૧૦–૪૭–૬૦) નિરંતર અત્યંત પ્રીતિ કરતાં લક્ષ્મીને આ પ્રસાદ–આનંદ ન મળ્યો, કમલની સુગંધિથી દેદીપ્યમાન સ્વર્ગની દેવીઓને પણ આ આનંદ ન મળ્યો, તો બીજી સ્ત્રીઓને કયાંથી જ મળે, (૬૩) રાસોત્સવમાં શ્રીકૃષ્ણના ભુજદંડથી કંઠગ્રહણ કરતાં પોતાના આશિષો–મનોરથોને પૂર્ણ કરતા વ્રજાંગનાઓને તેવો પૂર્ણ આનંદ મળ્યો છે (૬૨) જે ગોપીજન લક્ષ્મીએ સેવેલા, બ્રહ્માદિક દેવો અને પૂર્ણકામ યોગેશ્વરોએ પૂજેલા ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણારવિંદને રાસમંડળમાં પોતાના સ્તનોપર સ્થાપીને, ભેટીને, પોતાના હૃદયમાં રહેલા કામતાપને દૂર કરતાં હતાં (૫૯) વ્યભિચાર દોષથી દુષ્ટ વનચરી આ સ્ત્રીઓ કયાં ? અને પ્રભુ શ્રીકૃષ્ણ ઉપર તેમને આ પ્રકટ થયેલા ભાવો કયાં ? અજ્ઞાન હોય તો પણ પોતાને અનુસરનાર ભક્તનું સર્વસમર્થ ભગવાન્ યોગ્ય ઔષધિનો રાજા અમૃત જેમ પાન કરનારનું પરમશ્રેય કરે છે તેમ પ્રભુ પણ પરમશ્રેય કલ્યાણ કરે છે. પૃથ્વીમાં ગોપાંગનાઓજ શરીરધારી છે કે જેમણે સર્વના આત્મારૂપ પરમાત્મા શ્રીકૃષ્ણમાંજ પોતાના ભાવો અત્યંત રૂઢ કર્યા છે “गोप्यो लब्ध्वाच्युतं कान्तम् (૩૩–૧૫), ताभिः समेताभिरुदारचेष्टितः (૨૯–૪૩–૪૬) एवं परिष्वङ्गकराभिमर्श० (૩૩–૧૭), ગોપીજનો લક્ષ્મીને–પ્રિયતમ એવા અચ્યુત શ્રીકૃષ્ણને પામી બે હાથે કંઠને ગ્રહણ કરીને ગાન કરતાં વિહાર કરવા લાગ્યાં. પ્રિયનાં દર્શન પ્રસન્ન મુખવાળાં, એકત્ર મળેલાં ગોપીજન ઉદાર ચરિત્રવાળાં ઉદાર હાસ્ય થતાં દંતરૂપ કુંદપુષ્પોમાંથી કિરણો જેમને ચમકી રહ્યા છે એવા અચ્યુત શ્રીકૃષ્ણ નક્ષત્રોથી વિંટાયેલા ચંદ્રમાની પેઠે વિશેષ શોભવા લાગ્યા. આ પ્રકારે આલિંગન–હસ્તસ્પર્શ–સ્નેહદષ્ટિ–ઉદાર વિલાસ અને હાસ્યથી રમાપતિ ભગવાન વ્રજરમણીઓ સંગે, જેમ બાળક દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જોઇને રમે, તેમ રમણ કરે છે. આ શુકદેવજીનાં વચનોથી તથા “द्वात्रिंशेन्तर्गोपिका नाम्० (શ્રી. સુ. પૃ. ૧૭૯) બત્રીસમાં અધ્યાયમાં ગોપિકાઓના અંતરમાં ભગવાન શ્રીહરિએ પોતાનો આનંદ પૂર્યો. જેથી જ ભગવાન પૂર્ણાનંદ કહેવાય છે. અંતરમાં પ્રવેશેલા પ્રભુ મુખ–વાણી દ્વારા બહાર પ્રકટ થઈ, કાન–શ્રવણદ્વારા ફરીથી પ્રવેશ કરે, ત્યારે સ્થિર થાય છે. એમ શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણનું શ્રીગોપીજનવલ્લભ–પણું મુખ્ય લક્ષણ છે.

જીવ માત્રના ભર્ત્તા–પતિ ભગવાન જ છે. તેમાંયે સ્ત્રીઓના સ્વામી તો પોતે જ છે. વળી તે સ્ત્રીઓ અન્ય સંબંધવાળી હોવાથી પણ દોષયુક્ત છે આથી તે સ્ત્રીઓના પોતે પતિ થાય એ ઘણું જ વિલક્ષણ છે. તે સ્ત્રીઓ મહાપુરૂષો કરતાં અધિક શ્રેષ્ઠ છે. નારદ વિગેરે ભકતો ભગવાનમાં ભાવવાળા છે, તો પણ જે ભાવ સ્ત્રીઓમાં છે, તે તેમાં નથી, એટલુંજ નહિ

પરંતુ વ્યભિચારાદિ સર્વ દોષ રહિત શ્રીલક્ષ્મીમાં પણ તે ભાવ નથી. ઉદ્ધવજી આ પોતાનો અનુભવજ કહે છે. બીજાને આવો ભાવ સાંભળવામાં જ ન આવે, તો હોય જ ક્યાંથી ? માટે ભાવભરેલાં ગોપિકાઓ સર્વોત્તમ છે. “ बर्हापीडम्–એ શ્લોકમાં ગોપિકાઓના ભાવરૂપ ભગવાન તેમને કરોડો કામદેવ કરતાં સુંદર સ્વરૂપ કરી તેમનાં ઉપભોગ સારૂં પ્રકટ થયા. શ્રીકૃષ્ણ શબ્દનું એજ તાત્પર્ય છે. ” એમ શ્રીઆચાર્યચરણે વિવેચન કર્યું. જો કે બ્રહ્માદિ દેવોમાં ભાવ છે, તો પણ પહેલાં કહ્યા, તેવા શ્રીકૃષ્ણમાં તેવો ભાવ ક્યાં છે ? ભગવાન બ્રહ્માદિક દેવો માટે ગોપીજનની પેઠે તેમના ઉપભોગ સારૂં પ્રકટ થયા નથી. એજ અહિંઆં વિલક્ષણપણું છે. અહિં કૃષ્ણનું સ્વરૂપ અનુભવથી સમજાય તેવું છે. એટલે તે લોક અને વેદમાં અપ્રસિદ્ધ છે. અપ્રાકૃત–અલૌકિક છે. આત્મા તો સર્વને પ્રિય હોય છે, કારણકે, આત્માને લીધે જ સર્વપ્રિય થાય છે. અહિં તો તેથી પણ વિલક્ષણ છે. કે પોતાના આત્મા કરતાં પ્રભુ તેમને અતિપ્રય છે, એવા પ્રિયતમ પરમાત્મા પર આ તેમનો ભાવ છે. તેમને આત્મા માટે ભગવાન પ્રિય છે, એમ નહિ. પણ ભગવાનને અર્થે આત્મા પ્રિય છે. ભગવાન નિયામક–સ્વામી, પોતાના આત્માનું હિત કરનાર છે. એમ માની બ્રહ્માદિ દેવોને પ્રિય થાય છે. ગોપિકાઓને તેમ નથી. તેમને તો ભગવાનને માટેજ પોતાનો આત્મા છે. અને તેથી તે પ્રિય છે. આવો તેમનો રૂઢ ભાવ છે. તે સહજ છે, લોક વેદ વિગેરેથી ઉત્પન્ન થયેલો નથી–લોકવેદાતીત તેમનો ભાવ છે. બીજાઓમાં આવા ભાવનો અભાવ છે. એટલે છેજ નહિ. એટલે શ્રીવ્રજાંગનાઓનો ભાવ પ્રમાણ–પ્રમેય સાધન અને ફલથી પણ સર્વોત્તમ છે.

શંકા—ભગવાન્ ઈશ્વર છે એવું ગોપિકાને જ્ઞાન નથી, તો આવો ભાવ લૌકિક જ કહેવાય, તેને અધમજ કહેવો જોઇએ, તો બ્રહ્માદિકથી ઉત્તમ તો ક્યાંથી જ કહેવાય ? આમ શંકા કરીને સમાધાન કરે છેઃ—અહિંઆં ફલની અધિકતા નથી. આવું ગોપીજનમાં જ બન્યું છે. બીજે નહિ. આ ઈશ્વર છે એમ જ્ઞાની શાસ્ત્રાર્થ દ્વારા જાણી સેવનાર ભક્તને શું ભગવાન શ્રેય કરે છે ? અર્થાત્ નથી જ કરતા. તેમને તો પ્રભુના જ્ઞાનથી–વચનથી–ભક્તિ વિગેરે ભગવદ્ધર્મોવડે જ સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય છે. સ્વયં ભગવાન્ સાક્ષાત્ પધારીને પ્રમેયબલથી કંઈ શ્રેય કરતા નથી ? કોઈ સમય અત્યંત ભક્તિથી ગજેન્દ્રની પેઠે પુરુષાર્થનું દાન કરે. તો પણ ઔષધનો રાજા–અમૃતની પેઠે શું શ્રેય કરી શકે ? ન જ કરે, एका तदंघ्रिकमलम्-(૩૨–) સારી રીતે તપી રહેલાં એક ગોપીજને ભગવાનનાં ચરણકમલને સ્તનોપરે સ્થાપન કર્યો. એ રીતે વિરહાગ્નિનો સંતાપ અને હૃદયમાં રહેલા કામરોગને શાંત કરવા ભગવાનના એકેએક અંગને હૃદયાદિસ્થાનોમાં સ્થાપન કરે છે. એવું બ્રહ્માદિદેવોને સંભવતું નથી. કારણકે તેઓ ઈશ્વરથી નિરંતર ભય પામે છે. શ્રીગોપીજનોમાં આવું સર્વ થતાં છતાં ભગવાનનું સ્વાતંત્ર્ય કે મુખ્યતા નથી. પરંતુ ગોપિકાઓજ સ્વતંત્ર અને મુખ્યપ્રધાનરૂપે છે. જેજેમ ઔષધિનો તાપ રોગ દૂર કરવા પુરતોજ ઉપયોગ છે, તેની મુખ્યતા નથી. મુખ્યતા પુરુષની છે. જેમ રોગ દૂર થયા પછી ઔષધ પોષક અને રસયુક્ત હોય તો યથેચ્છ ભોગ સિદ્ધ થાય, તેમ વિરહતાપ શાંત થયા પછી ઇચ્છા પ્રમાણે ભોગ થાય, એમ જણાવવા અહિં **અગદરાજ**પદમાં **રાજ**શબ્દ મુકેલો છે. અથવા સાક્ષાત્ શ્રેય–કલ્યાણ જે ગોપીજનોનું કર્યું, તેવું શું બીજાનું કરે છે શું ? અર્થાત્ નથીજ કરતા, એમ પદની યોજના કરવી. બીજા રાગમાત્રને–સર્વસ્નેહને ભૂલાવી દે તેવો આ રસ છે. સાક્ષાત્–પ્રત્યક્ષ શ્રેયરૂપ–કલ્યાણમય છે. બીજાને આવા રસનું દાન કર્યું જ નથી. જ્ઞાની–વિદ્વાન્ મનુષ્યનું શ્રેય ભગવાન કરે છે, એ ખરું પણ પોતાને ભજનાર હોય તોજ શ્રેય કરે છે. “विरचितचाटुवचनम्–મીઠાં મીઠાં વચન

બોલતા અનુકૂળ કૃષ્ણને હે રાધે! તું અનુસાર." એમ ગીતગોવિંદના વચન પ્રમાણે ભગવદ્ભજન પછી પોતાનું ભજન થાય છે, એટલે પ્રભુ અનુકૂલ થઈને પોતાને અનુસરે છે. તેવું બ્રહ્માદિ દેવોને ફલ નથી. અથવા આ સર્વ પદોમાં કાકૂક્તિ જાણવી કે, શું જ્ઞાની મનુષ્યનું શ્રેય ઈશ્વર કરે છે? અર્થાત્ નથી કરતા–એટલે કરવુ, ન કરવુ, અને વિરુદ્ધ કરવું એ સર્વમાં સમર્થ જ ઈશ્વર છે, છે, બ્રહ્માદિ દેવોમાં આ પ્રમાણે સ્વરૂપ પ્રકટ કરી ફલ આપતા નથી. આ ગોપીજનમાં તો પોતાનું પૂર્ણકામપણું આત્મારામપણું વિગેરે સ્વરૂપ અને સ્વકીય ધર્મથી વિરુદ્ધ ફલનું દાન કરે છે. બ્રહ્માદિકોમાં વાણીની મર્યાદાથી વિરુદ્ધ પણ પ્રભુ આચરતા નથી. માટે પોતાને ભજનાર જ્ઞાનીનું શું શ્રેય કરે છે? એમ પહેલાંની પેઠે કાકૂક્તિ છે. બીજાનું જે શ્રેય કરે છે તે શું જ્ઞાનીને કરે છે? નહિ જ. પરંતુ અવિદ્વાન્ અજ્ઞાનીને તેના જ્ઞાનને અનુસરી શ્રેય કરે છે. પ્રભુનું સ્વરૂપ આનંદમય છે. તે આનંદ અનુભવથી જાણી શકાય છે. વાણી કે નેત્રથી તે સમજાતો નથી. બ્રહ્માદિપુરુષરૂપે હોવાથી તેમને આનંદનું દાન નથી. તેમને ભગવાનને વિષે તેવી ભાવનાથી. એટલે સાક્ષાત અનુભવ નથી. એ એમનું અજ્ઞાનપણું છે. માટે તેમને ગોપીજનની પેઠે શ્રેય–કલ્યાણ–સર્વોત્તમ ફલ આપ્યું નથી. અને શ્રીગોપીજનોને તે ફલ મલ્યું છે. એ તો સર્વત્ર પ્રસિદ્ધ છે. શ્રેયનો વિસ્તાર એટલે એક તેમાં જ ચિત્ત પરોવવું, તેને જ માટે સર્વ પ્રયત્ન કરવો. પ્રભુએ ગોપિકાઓ માટે તેવો જ યત્ન કર્યો છે, "त्वमसि मम भूषणं त्वमसि मम जोवनम्–તું જ મારૂં તુજ મારૂ જીવન તું જ મારા સંસારસાગરનું રત્ન, તું જ અનુકૂલ થાય તેવો મારો નિરન્તર પ્રયત્ન છે, એ ગીતગોવિંદના ગીતથી ભગવાને જ વ્રજભક્તોને ભજ્યાં છે. એવું ધન્ય કોણ હોય? કોઈ જ નહિ. પહેલાં કહ્યા પ્રમાણે બ્રહ્માદિ દેવો અને સતત સહવાસવાળાં શ્રીલક્ષ્મી પણ ધન્ય નહિ. બ્રહ્માદિ દેવો સાથે ભગવાન્ એકાસને વિરાજતા નથી. એક શયનમાં શયન કરતા નથી. પ્રભુનું દર્શન પણ તેઓને દુર્લભ છે. શ્રીગોપીજનોને તો હૃદયરોગ દૂર કરવા ઔષધનો રાજા–અમૃતની પેઠે સર્વ રીતે પ્રભુ ઉપયોગી–અનુકૂળ થયા છે. માટે તેમનામાં અને બ્રહ્માદિદેવોમાં બહુ જ અસમાનતા છે–ફરક છે. અત્યંત રતિપ્રીતિ જેમાં છે એવાં શ્રીલક્ષ્મીજી છે. તેમને પ્રભુ નિરંતર પ્રીતિનું દાન કરે છે, છતાં આ'વો પ્રસાદ–આનંદ તેમને પણ આપ્યો નથી. પોતે ઇન્દ્ર તથા ઉપેંદ્રના ભાવવાળા હોવા છતાં, અને રમણીઓનાં સંગમાં રમણ કરવા છતાં, સ્વર્ગની દેવાંગનાઓને પણ આ પ્રસાદ–આનંદ આપ્યો નથી. કમલના સુગંધ જેવી સુંદર સુગંધિયુક્ત કાંતિ જેમની છે કે, જેમાં કમલનો ભ્રમ થઈ જાય. તેવી સુંદર દેવીઓને આ'વો આનંદ આપવો સંભવે, કારણ કે, ભગવાન્ કમલપ્રિય છે. કમલના સમૂહમાં જેમનું પૂજન થતું હોય. તેમ કોઇ સમય તેઓમાં સ્થિતિ કરે છે. આમ છતાં તેમને–દેવાંગનાઓને આ આનંદ મેળવવામાં અધિકાર નથી. તે તે અવતારોમાં બીજાનો સંબંધ થાય પણ આ પ્રસાદ તો તેમને કયાંથી જ મળે? અર્થાત્ ન જ મળે.

આ'વો પ્રસાદ કયો? એનું શું સ્વરૂપ કહેવાય? એવો સંદેહ થાય તો દૂર કરે છે:—એ પ્રસાદ એજ છે કે, ભગવાને કંઠને ગ્રહણ કરી જેમની આશાઓ–(મનોરથો) સફલ કરી છે. કોઈ સમય અનેક રૂપો કરી ભગવાન્ રમણ માટે રસાવિષ્ટ થાય છે. તેમાં યે ગોપસ્ત્રીઓ સાથે–દહિં વેચવા ખુલ્લી રીતે ફરનારીઓ સાથે પ્રભુનો પ્રસંગ જ કયાંથી થાય! મહાન્ દેવો યોગીઓ ઘણી ઘણી પ્રાર્થના કરે ત્યારે ભગવાન્ મહાન્ કાર્ય હોય તોજ એકરૂપ ધારણ કરે. પરંતુ ગોપીજનને માટે અનેક રૂપધરી સર્વોત્તમ આનંદ આપ્યો. અનેક પ્રકારના રસને પ્રકટ કરીને આનંદ આપ્યો. તેથી સિદ્ધ થાય છે કે, ગોપીજન જેવાં કોઈ સ્ત્રીઓ જ નથી, અને આ'વો

કોઇ પ્રસાદ-આનંદ જ નથી. માટે "आसामहो चरणरेणुजुषाम्—એમ કહીને ઉદ્ધવજી તૃણ-લતા-અને ઔષધિઓની પેઠે તેમનાં ચરણરજની સેવનાની ભાવના પ્રકટ કરે છે. અહો!! હું એમનો દાસનો પણ દાસ થવાને યોગ્ય નથી. જે તેમનાં ચરણરજને વાંછે છે. તે જ તદીય-તાદૃશી કહેવાય છે-યોગ્ય થાય છે. વૃન્દાવન અત્યંત શ્રેષ્ઠપણું આપનાર અને ભક્તિ પ્રકટ કરનાર છે અહિં જ્ઞાનનો ઉત્કર્ષ કે શ્રેષ્ઠતા નથી. કેવળ ભગવાનના ભક્તોનાં ચરણરજનું જ સર્વોત્તમપણું છે. જે ચરણારવિંદ સર્વને પૂજ્ય-આરાધના કરવા યોગ્ય છે. તે તેમનાં સંતાપને દૂર કરવામાં યોજાયું. તાપમાં પૂજ્યને ઉષ્ણતા લાગે પૂજ્યનો સ્પર્શ પણ ન થવો જોઇએ, છતાં અહિં તો અંગ ઉપર ધરે છે. વિશેષ તો આ છે કે, લક્ષ્મી જેનું પૂજન કરે છે. જે લક્ષ્મી સર્વ રીતે સર્વને ફલરૂપ છે. તે અહિં પોતાનું ઇચ્છિત મેળવવા જેને પૂજે છે. પોતાની ઇચ્છા પ્રમાણે પ્રભુનો વિનિયોગ કરવાને લક્ષ્મી શક્તિમાન નથી. વળી બ્રહ્માદિકો-પૂર્ણકામ યોગેશ્વરો અને સિદ્ધો કે, જે સર્વ જ કરવાને શક્તિમાન છે, સર્વ પુરુષાર્થને પામ્યા છે-સર્વ સાધનોને પોતાને આધીન કરનારા છે-તેઓ પણ ઉત્તમ ફળ મેળવવા જેનું પૂજન કરે છે. પૂજન બહારની અવસ્થામાં થાય છે. આતો આત્મામાં હૃદયમાં તેનું ધ્યાન કરી પછી બહાર પૂજન કરે છે, તેવું આ ચરણારવિંદ છે. તે પણ ફલરૂપ સદાનંદ શ્રીકૃષ્ણનું. સર્વસ્થાનમાં પ્રસિદ્ધ, સ્વતંત્ર ફળ આપનારૂં, સ્વતંત્ર ભકિતમાર્ગને પ્રવર્તાવનારૂં, સર્વસમર્થ ભગવાનનું સ્વતઃસંબધથી પણ શ્રેષ્ઠ, રાસક્રીડામાં રતિશ્રમ દૂર કરવા વીજણાના વાયુની પેઠે-ચંદનની પેઠે જે ચરણને માની રહ્યાં છે એવા ચરણકમલને ગોપિકાઓ સ્તનો ઉપર સ્થાપન કરીને તાપને ત્યાગ કરે છે. ધૈર્યથી અથવા ઉદ્ધતાઇને લીધે આ અયોગ્ય કર્યું છે, એમ નથી. ભગવાને પોતે જ તેમના વક્ષઃસ્થલ પર પોતાના ચરણને પધરાવે છે. ભગવાન તેમને અત્યંત આધીન છે. માટે ગોપીજનના સંતાપને એકદમ શાંત કરવા પોતાના ચરણને ત્વરાથી તેમનાં સ્તન પર સ્થાપન કર્યું. પછી તેમને આલિંગન આપી પોતાને વશ બનાવી ગોપિકાઓએ તાપને દૂર કર્યો. **એટલા માટે જ શ્રીગોપીજન પ્રમેયબળથી-પ્રમાણબળથી સર્વથી ઉત્તમ શ્રેષ્ઠ છે.** (૬૪) તેવાં વ્રજલલનાઓને નમસ્કાર કરવાનો પણ અમારી યોગ્યતા નથી. પરંતુ નંદરાયજીના વ્રજની વનિતાઓના ચરણરેણુઓને જ વારંવાર વંદન કરૂં છું. એમનાં ચરણરેણુઓની યોગ્યતા પણ અમારામાં નથી. એવા સર્વથી શ્રેષ્ઠ મહાન ચરણરેણુ ફળરૂપ છે. માટે તેમને વંદન હો.

વ્રજાંગનાઓની ચરણ જ આવી ઉત્તમ કેમ? એ પ્રશ્નનો ઉત્તર આપે છે. आसां हरिकथोद्गीतं—જેમનું ગાવામાં આવતું હરિકથાનું ગાન-એટલે હરિકથાની ઇચ્છાથી-અથવા હરિકથાથી ઉચ્ચ સ્વરે ગવાતું જેમના સંબંધવાળું ગીત ત્રણે ભુવનને પવિત્ર કરે છે ગીતમાત્રથી જ પવિત્ર કરે છે. ગંગા કરતાં પણ સર્વોત્તમ છે. એમાં ગુણોનું સાધન કે બાધ કંઇપણ નથી. એમ જણાવવા ત્રણે ભુવન એમ કહે છે. આ પ્રમાણે આચાર્યચરણોએ વિસ્તારથી વિવેચન કર્યું હોવાથી રાસલીલાને પ્રકટ કરતું ગોપીજનવલ્લભપણારૂપ ભગવાનનું સ્વરૂપ પ્રભુ-પર બ્રહ્મના ભક્તોએ અત્યંત સેવનીય-સેવવા યોગ્ય છે, એમ સુંદર રીતે સિદ્ધ થયું.

પાંચમું દર્શન-સમાપ્ત.

* * *

દર્શન ૬ ઠું

(ભગવાન નિ:સાધનજનનો ઉદ્ધાર કરનાર છે.)

નિ:સાધન ફલાત્મા હે! ગોકુલેશ રમાયતે !
નંદપુત્ર! મહાયોગિન્! પુરુષેશ નમું તને ॥ ૧ ॥

નિ:સાધનજનના ઉદ્ધારક ભગવાન છે. એ એમનું મુખ્ય લક્ષણ છે. આ સંબંધમાં શ્રુતિ અને ભાગવતનાં વચન પ્રમાણ છે. બન્ને પ્રમાણોથી આ લક્ષણ સિદ્ધ થાય છે. (ઉપનિષદ્ ૩-૨-૩) नायमात्मा प्रवचनेन लभ्यः—આ પ્રવચન કરવાથી નથી મળતો, બુદ્ધિથી અથવા બહુ શ્રવણ કરવાથી નથી મળતો. એ જેને વરે અંગીકાર કરે-પ્રભુ જેનો સ્વીકાર કરે તેને જ મળે છે. તેમ “ केवलेन हि भावेन०—કેવળ ભાવથી જ ગોપીજન-ગાયો-પશુ-પક્ષીઓ બીજા મૂઢ બુદ્ધિના લોકો-નાગો અને સિદ્ધો-મને સત્વર પામ્યા છે. તથા જે યોગથી-સાંખ્યથી, દાન-વ્રત-તપ અને યજ્ઞથી તથા વ્યાખ્યાન સ્વાધ્યાય અને સંન્યાસથી યત્ન કરતાં છતાં મને પામતો નથી. આ પ્રમાણે અનુક્રમે શ્રુતિ તથા ભાગવત-ભગવદ્વાક્યોથી સિદ્ધ થાય છે કે, ભગવાન નિ:સાધનજનનો ઉદ્ધાર કરે છે.

કેવળ ભાવથી જ ભગવાન મળે છે. તો તે ભાવ પણ એક સાધન જ છે? એટલે નિ:સાધન જીવોનો ઉદ્ધાર કરવાપણું પ્રભુમાં કયા રહ્યું ? આ શંકાનું સમાધાન કરે છે કે:—વ્રજ ભક્તોનો અને ગાયોનો ભગવાનમાં ભાવ છે. તે યોગ-સાંખ્યાદિ સાધનોથી સિદ્ધ થયો નથી, પ્રત્યક્ષ પ્રકટ થઇને ભગવાન અકારણ કરુણાનિધિ શ્રીનંદરાજકુમારે પોતાના સ્વરૂપ બલથી પોતાનો અનુભવ કરાવવા ફલરૂપે તે ભાવ તેમનામાં પ્રકટ કર્યો. એટલા માટે જ “ यन्न योगेन० ”આ વચન ઘટી શકે છે. એવો ભાવ સાંખ્ય યોગાદિ સાધનોથી સાધ્ય થતો નથી. મૂઢ બુદ્ધિ લોકો-નાગો-પશુઓ-પક્ષીઓ-વૃક્ષો એ સર્વમાં કયાં સાધન છે? માટે જ નિ:સાધનના ઉદ્ધારક ભગવાન છે. જો ભાવ પણ ન હોય, તો તે જડજ કહેવાય. વિષયોમાં-સુંદરતા વિગેરેમાં તેઓનું જે આકર્ષણ થાય છે, તે ભાવનો ઉદય થવાથી જ થાય છે. અહિ નિ:સાધન એટલે શાસ્ત્રીય સાધન જેમને નથી, તેવા જીવો કેવળ જડને ઉદ્દેશી નિ:સાધન સમજવાનું નથી. ફલ પ્રાપ્તિ ચેતન વિના જડમાં તો સંભવી જ ન શકે, માટે ચેતનવાળાઓને જ ફલપ્રાપ્તિમાં અધિકાર છે. અપાર કૃપાનિધિ ભગવાન શ્રીકૃષ્ણ સ્વ-સ્વરૂપના બળથી તામસ જીવોનો ઉદ્ધાર કરે છે. માટે જ શ્રીમદાચાર્યચરણ જણાવે છે કે ये भक्ता : शास्त्ररहिता : ० જે ભકતો શાસ્ત્રજ્ઞાનથી રહિત સ્ત્રી-શૂદ્ર-દ્વિજ બંધુઓ વિગેરે સર્વનો ઉદ્ધાર કરનાર શ્રી કૃષ્ણ જ છે. તેમાંયે સ્ત્રીઓનો તો પ્રભુ વિશેષે કરીને ઉદ્ધાર કરે છે. **બ્રહ્મસૂત્રના ભાષ્યમાં પણ ક્રિયાથી સાધી શકાય તેવું જ્ઞાન અને ભક્તિ છે. તે બન્નેથી મર્યાદા મુકિત મળે છે. તે બે સાધનથી રહિત ભક્તોને સ્વસ્વરૂપ બળથી-પ્રયોગ બળથી પોતાની પ્રાપ્તિ કરાવે એ જ પુષ્ટિ અનુગ્રહ કહેવાય છે.** તેથી કરીને મર્યાદા માર્ગમાં અંગીકાર કરેલા જીવોને જ્ઞાન અને ભકિતરૂપ સાધનદ્વારા ભગવાન ફળ આપે છે. અને પુષ્ટિ-અનુગ્રહ માર્ગમાં સ્વસ્વરૂપ બળથી જ ફળ આપતા હોવાથી એ શુદ્ધ પરબ્રહ્મનું મુખ્ય લક્ષણ છે. માટે જ પૂતનાની મુક્તિનું ઘટી શકે છે. પ્રમેય બળથી જ ભગવાને તેને મુકિત આપી છે. એમ (સ્કં. ૨-૭) “ तोकेन जीवहरणम्० એ શ્લોકમાં સૂચવ્યું છે. પ્રમેય શુદ્ધ બ્રહ્મ જ હોય, અંશમાં તેવી મુક્તિ આપવતું સામર્થ્ય નથી હોતું. માટે સાધન વિના સાધ્ય કરવાથી-મુકિત આપવાથી તે શ્રીકૃષ્ણ સાક્ષાત્ પુરુષોત્તમ જ છે.

ભગવાન જ મુક્તિ આપવા આવિર્ભાવ પામ્યા છે-૧૦-૨૬ના શ્રી સુબોધિનીમાં સચ્ચિદાનંદ રૂપથી પ્રકટ થયા છે. એટલે કોઈ પુરુષ જે તે પ્રકારથી ભગવત્સંબંધ પામે તે જ મુક્ત થાય. જ્ઞાન અને ભક્તિનો પ્રભુના પ્રાકટ્ય સારૂં ઉપયોગ કરવાનો છે. એ પ્રાકટ્ય કે આવિર્ભાવ બીજા કોઇ પ્રકારે સિદ્ધ થાય, તો જ્ઞાન ભક્તિનો ઉપયોગ નથી. અહિ તો ભગવાનનો આવિર્ભાવ સ્વતઃ જ સામાન્ય રીતે મુક્તિદાન કરવા સારૂં જ થયો છે. પ્રભુનો આવિર્ભાવ સ્વેચ્છાથી-ભક્તિથી અથવા જ્ઞાનથી થાય છે. ભગવાનના અવતારનો સમય ન હોય તો આવિર્ભાવના બે જ કારણ ભક્તિ અને જ્ઞાન છે. અવતાર દશામાં તે બન્નેનું પ્રયોજન નથી. જેમ વર્ષાકાળમાં જળ બધે સુલભ રીતે મળે ત્યારે કુવા કે નદીઓનો ઉપયોગ નથી. અવતાર દશામાં જ્ઞાન અને ભક્તિ વિના પણ ભગવાન મળે. મનુષ્ય અત્યંત શ્રેય કરવા, પ્રાણી માત્રને મોક્ષ આપવા, ભગવાન પ્રકટ થયા છે. માટે આ પ્રાકટ્ય અત્યંત શ્રેય સારૂં પ્રભુનું પ્રાકટ્ય છે.

ભગવાન અવિનાશી-અવિકારી હોવાથી કૃતિથી-કર્મથી સાધ્ય નથી. તેમ અપ્રમેય અવધિરહિત-અનંત-ન જાણી શકાય તેવા-અજ્ઞેય હોવાથી જ્ઞાન વડે સાધ્ય નથી. દેહાદિકના સેવનદ્વારા ભજનીય-સેવવા યોગ્ય ન થાય. જો કે, લીલા સારૂં જે જે સાધનની અપેક્ષા હોય, તો તે પણ સર્વ તેમનું જ છે. આથી સાધન પ્રકાર વડે અન્યનો ઉપયોગ પણ નથી. કારણ કે, સ્વ-પોતાનું અને પર-બીજાનું પ્રયોજન પ્રભુને નથી. જો સાધનની અપેક્ષા ભગવાનને નથી, તો તે મુક્તિ ન જ આપે, એટલે ભગવાનનું પ્રાકટ્ય પ્રયોજન વિનાનું-નિષ્ફળ ગણાય. તેમ ન થાય તે માટે જે કંઈ ઉપાયથી જે કોઈ મનુષ્ય પ્રભુસંબંધ પ્રાપ્ત કરે, તેને જ મુક્તિ થાય. એથી જ શ્રીમદ્ભાગવતમાં (૧૦-૨૯-૧૫) "कामं क्रोधम्-કામ-ક્રોધ-ભય-સ્નેહ-મૈત્રી આ છ સાધનોમાંથી ગમે તે પ્રકારે ભગવાનનો નિત્ય સંબંધ કરનાર તન્મય થઈ જાય છે. न चैत्रं विस्मयः कार्यः (૧૬)—અજન્મા યોગેશ્વરના પણ ઈશ્વર ભગવાન શ્રીકૃષ્ણમાં એમ બને, એમાં તમારે આશ્ચર્ય પામવું નહિ. પ્રભુનો કોઈ પણ રીતે નિત્ય સંબંધ થતાં મુક્ત થવાય છે. મોક્ષ મેળવવામાં જે કંઈ જ્ઞાનાદિ સાધનનો ઉપયોગ થાય, એ સર્વ ભગવાનમાં જ છે. જો જ્ઞાન વિના મોક્ષ ન થાય, એમ જાણે તેને જ્ઞાન સિદ્ધ હોવાથી ભગવાન મુક્તિ પણ આપશે. આ સંબંધમાં બીજો કોઈ સંદેહ થાય, તો જાણવું કે, તેણે પ્રભુનું માહાત્મ્ય જાણ્યું જ નથી. માટે ભલે તે સંશય રાખે, તમારે તેમ ન કરવું જોઈએ. કારણ કે ગર્ભમાં જ તમે (પરીક્ષિતે) તેમનું માહાત્મ્ય જાણ્યું છે. જોયું છે. નિર્દોષ ભગવાનમાં સર્વ સંભવે છે.

દોષોનું મૂળ જન્મ હોય છે. ભગવાનનો જન્મ નથી. માટે એ નિર્દોષ છે. પ્રભુ વિના સર્વનો જન્મ છે, જન્મપામનારાથી મુક્તિ મળતી નથી. કેમકે બન્ને જન્મપામનારા હોવાથી સમાન છે. વળી જે સાધનમાં તત્પર હોય છે, તે મુક્ત થાય છે. મનનું સર્વ રીતે શાંત થવું એ સાધન છે. એવું યોગથી થાય છે. તેવા યોગના નિયમક-સ્વામી ભગવાન જ છે. જે કોઇ બીજાનોયે મોક્ષ થાય, તે પણ ભગવાનની ઇચ્છાથી જ થાય. કારણ કે યોગ વિગેરે સાધનોના નિયામક તો પ્રભુ જ છે. સદાનંદ-ભગવાન શ્રીકૃષ્ણ ફળરૂપ છે. જે કોઈ મુક્ત થાય તે તેમને જ પ્રાપ્ત કરે, એટલે સાધનોથી પણ એજ પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે જ પ્રભુ અહિં પ્રત્યક્ષ પોતે જ સંબંધ કરે છે. જેથી સાધન વિના ગમે તે કારણથી પણ ભગવત્સબંધ થતાં મુક્ત થવાય, તેમાં અયુક્ત કંઇ જ નથી, સર્વ સુંદર રીતે યોગ્ય જ છે. વળી જેથી આ જોવામાં આવતું સર્વ જગત પણ મુક્તિ પામશે. સાક્ષાત્ અથવા તો પરંપરાથી ભગવાન સર્વને જ મુક્ત કરશે. આગળ શ્રીમદ્ભાગવતમાં "स्वमूर्त्यैति० એ બે શ્લોકોમાં નિરૂપણ છે. "गोकुलं त्वहृन्यापृतम्॥ निशि शयानम्० (સુ. ૬. પ્ર.

પૃ. ૨૧) દિવસે ગૃસ્થાશ્રમના કામમાં અને રાત્રિએ શયન કરતું-નિદ્રા પામતું ગોકુલ છે.” એ પ્રમાણે સર્વ સાધનથી રહિત છતાં ગોકુલ ભગવાનમાં લીન રહે છે. આસક્ત છે, આગળ આગળની લીલાના રસનો અનુભવ થવા સારૂં ભગવાન વારંવાર જુદા જુદા પ્રકારે લીલાનો અનુભવ કરાવે છે. અચિંત્ય, અનંત શક્તિમાન્ પરમાત્મા એમ કરે, એમાં શું આશ્ચર્ય? આ લીલાનું વર્ણન કરતાં શ્રીશુકદેવજી ભગવલ્લીલામાં સ્થિર થયા છે. એમને બીજું અનુસંધાન જ નથી. તેથા यत एतद्विमुच्ये, ‘यान्ति,’ વિગેરે વર્તમાન કાલના પદો મુકી વર્તમાનતું જ સૂચન કરે છે. એટલે તે પણ આ સમયે આ લીલાનો અનુભવ કરે છે. એ પ્રકારે સર્વ નિઃસંદેહ છે-નિર્દોષ છે. એવું શ્રીમદાચાર્યચરણોએ નિરૂપણ કર્યું છે. ટિપ્પણીમાં શ્રીવિઠ્ઠલપ્રભુએ “ निःसाधन–फालात्मायं पादुर्भूतोऽस्ति गोकुले० –નિઃસાધનજનના ફલરૂપે આ શ્રીકૃષ્ણ ગોકુલમાં પ્રકટ થયા છે. માટે અમે સર્વ રીતે નિશ્ચિત છીએ,” એમ દર્શાવ્યું છે. જેથી નિઃસાધનજનનો ઉદ્ધાર કરનાર શ્રીગોકુલપતિ ભગવાન જ ભજનીય-સેવનીય છે. એમ સારી રીતે સિદ્ધ છે.

દર્શન ૬ ઠ્ઠું સમાપ્ત.

દર્શન ૭મું

(ભગવાન્ પોતે ઉદ્યમ કરી નિજજનોનું રક્ષણ કરે છે.)

કરી ઉદ્યમ શ્રીકૃષ્ણ! રક્ષો ગોપીજન પ્રિય!
નંદરાજકુમાર શ્રી—પુરાણ—પુરુષોત્તમ ॥ ૧ ॥

નંદરાજકુમાર શ્રીકૃષ્ણ-શ્રીપુરાણ પુરુષોત્તમ-ભગવાન પોતે શ્રમ લેઈ રક્ષણ કરે છે. એ લક્ષણનો વિચાર કરે છેઃ—આ લક્ષણ શ્રીકૃષ્ણમાં જ છે કે બીજા વામન-રામ-નૃસિંહ વિગેરે ભગવાનના સ્વરૂપોમાં પણ છે? અથવા અંશકલારૂપ બીજા દેવોમાં છે? આ ત્રણ પ્રશ્ન પૈકી ત્રીજો પ્રશ્ન એટલે બ્રહ્માદિ દેવોમાં આ લક્ષણ નથી. “ सृजामि तन्नियुक्तोऽहम् (૨-૬-૧૧) તે પ્રભુના આધીન રહી તેમની આજ્ઞા પ્રમાણે હું સૃષ્ટિ કરૂં છું. અને શંકર સંહાર કરે છે. ત્રિશકિતને ધારનાર એ પરમાત્મા પુરુષરૂપે વિશ્વનું રક્ષણ કરે છે.” એમ બ્રહ્માનાં વચનથી ઇન્દ્ર શંકર અને બૃહસ્પતિ વિગેરે દેવો ભગવાનની પ્રેરેલી બુદ્ધિથી ભગવદિચ્છા પ્રમાણે લોકરક્ષાદિ કાર્યમાં જોડાયા છે. એ પૂર્ણ સ્વતંત્ર નથી. માટે તેઓમાં એ લક્ષણ સંભવે જ નહિ. બીજા રામ-વામન-નૃસિંહાદિ અવતારો ભગવાનનું સ્વરૂપ છે. એટલે તેમાં આ લક્ષણ ઘટી શકે, તો પણ મુખ્ય રીતે આ લક્ષણ શ્રીનંદરાજકુમારમાં જ ઘટે છે. મથુરાદિક લીલામાં પ્રધાનપણું પ્રકટ કર્યું છે. શ્રીશુકદેવજીના વચનોમાં પોતે ઉદ્યમ કરીને રક્ષણ કરવાપણું શ્રીકૃષ્ણનું નિરૂપણ કર્યું છે. એ પ્રથમ શ્રીગોપિકાઓ એ જ અનુભવ્યું. માખણની ચોરી કરવા રૂપ ક્રીડામાં દર્શાવ્યું, સર્વયજ્ઞના ભોકતા, પૂર્ણકામ-સર્વમાં સમર્થ ઈશ્વર-સર્વલોકને પાવન કરનાર, સર્વ ધર્મના રક્ષણ કરનાર પરમાનંદરૂપ ભગવાન શ્રીકૃષ્ણે ગોપીજનોએ પ્રાર્થના કર્યા પછી માખણચોરલીલા કરી છે. એમ નથી. “ कृष्णस्य गोप्यो रुचिरम्० (૧૦-૮) શ્રીગોપીજનોએ શ્રીકૃષ્ણની કુમારાવસ્થાની ક્રીડા-ચપળતા માખણ ચોરવા રૂપ લીલાને જોઈ એમની માતા શ્રીયશોદાજીની પાસે આવી, પ્રભુનાં સાંભળતાં જ કહી. આથી પોતે જ ઉદ્યમ કરીને શ્રીગોપીજનોને પોતાને આધીન કર્યા. ગાયો પોતાના રક્ષણની પ્રાર્થના કરવાનું જાણી શકે નહિ, છતાં પોતે ઉદ્યમ કરીને તેમનું પાલન કર્યું. ગાયોને ચરાવવા તેમની પાછળ પાછળ વ્રજમાંથી આપ પધારતા હતા.

ગાયોની સેવા કરવી, દહીં વેચવું ઇત્યાદિક લૌકિક વ્યાપારમાં આકુળ-વ્યગ્ર બનેલાં વ્રજાંગનાઓ ભગવાનને યોગ્ય રસમાર્ગને જાણતાં ન હતાં, પરંતુ ભગવાને પોતે જ ઉદ્યમ કરી વેણુગાન સંભળાવી રાસલીલાને યોગ્ય બનાવ્યાં, પોતાના સ્વરૂપમાં આસક્તિ પ્રકટ કરીને તે દ્વારા તેમને વશ કર્યાં. "सह पशुपालबलञ्श्चुकूजवेणुम्० (અ. ૨૨) ગોપાળ બાળ અને બળદેવસહિત ભગવાને વેણુનાદ કર્યો" તેમનાં વસ્ત્રો હરિએ હરીને પાછાં આપ્યાં, વિગેરે ભગવાનની લીલા એ જ સિદ્ધ કરે છે. આ આશય શ્રીમદાચાર્યચરણો એ શ્રી સુબોધિનીમાં વિસ્તારથી વર્ણવ્યો છે. અહિં તો દિશામાત્ર જ સૂચન કર્યું છે. વળી ભગવાને કાલીયનાગને બ્રહ્માદિકને દુર્લભ એવી પોતાના ચરણારવિંદ રજની પ્રાપ્તિ કરાવી અને ગરુડનો ભયદૂર કર્યો. એ પોતાના જ ઉદ્યોગથી કર્યું છે. વૃક્ષ-પશુ-પક્ષી વિગેરેને પોતાના જ ઉદ્યમથી સ્વાધીન કર્યાં "वनलतास्तरव० (અ. ૩૩) વનલતા-તરુઓ ભગવાનને વાયુ ઢોળતા હોય શું? એમ પુષ્પ ફળથી ભરપૂર થઇ પ્રસન્ન થઇને મધુધારાઓ પ્રકટ કરતાં હતાં, આ રીતે ભગવાનના આ લક્ષણનું જ પ્રતિપાદન કરે છે. ગોકુલમાં વસનારાઓને અન્ય દેવોનો સંબંધ દૂર કરી ઇન્દ્રના ગર્વનો ભંગ કરતાં ભગવન્માર્ગમાં પ્રવેશ કરાવવો, બ્રાહ્મણપત્નીઓને અને તેમના પતિઓને કૃપાપાત્ર બનાવવા, એ સર્વ ભગવાને પોતે જ ઉદ્યમ કરીને કર્યું. સૈરંધ્રી ભગવાનને યોગ્ય નથી છતાં તેને બોલાવી, તેનું ચંદન અંગીકાર કરી, લક્ષ્મી સમાન બનાવી પોતાની કરી. માલીનું ઘર રાજમાર્ગમાં ન હોતું, પણ એક શેરીમાં હતું, તેમ તેણે કોઇ દિવસ ભગવાનને પોતાને ઘેર પધારવાની પ્રાર્થના પણ કરી ન હતી. તો પણ પોતે જ ભગવાન તેને ઘેર પધારી તેને કૃપાપાત્ર કર્યો. પોતે જ પ્રયાસ કરીને પાંડવોને શાંતિ આપવા અક્રૂરને મોકલ્યા અને ગોપિકાઓને શાંત કરવા ઉદ્ધવજીને મોકલ્યા. એ બધું ભગવાને પોતાના ઉદ્યમથી કર્યું છે. જો એમ ન કરે તો, કાલ-કર્મ-પ્રકૃતિ-પુરુષ-મહત્તત્ત્વ વિગેરેને પ્રભુનો અનુગ્રહ ન હોય તો, તે કાર્ય કરવાને શક્તિમાન જ ન થાય પ્રકૃતિમાં લીન યયેલા જીવોને ઇન્દ્રિય દેહાદિનું પણ સ્વતંત્ર રીતે ભગવાનનું કાર્ય છે. આ પ્રમાણે પોતે જ ઉદ્યમ કરી રક્ષક થાય છે. આ એમનું લક્ષણ છે-સહજ સ્વભાવ છે. પ્રાર્થનાની પ્રેરણા કરનાર બુદ્ધિના પ્રેરનાર પ્રભુજ છે. એટલે પોતેજ ઉદ્યમ કરીને રક્ષણ કરવાપણું શ્રીકૃષ્ણનું મુખ્ય લક્ષણ છે. એમ સારી રીતે સિદ્ધ થાય છે.

દર્શન સાતમું સમાપ્ત

દર્શન ૮ આઠમું

(ભગવાન પોતે બોલાવી પુષ્ટિઆનંદ આપે છે)

વેણુગાનસુધા કૃષ્ણ! મને બોલાવી આપશો,
ગોપીજન પ્રિયપ્રાણ! પુષ્ટ્યાનંદકર! પ્રભો!—૧

આ દર્શનમાં વેણુગાનની મધુરતાથી પોતે બોલાવી પુષ્ટિસુખનું દાન કરવાનું પ્રભુનું લક્ષણ વિચારે છે:—ભવવાનનું આ લક્ષણ નિત્ય જ છે કે, કોઇક સમયેજ આવે છે? એમ સંદેહ થતાં તેનું સમાધાન કરે છે:-ભગવાનનું આ લક્ષણ નિત્ય જ છે, કવચિત્ આવતું હોય હોય એવું આગંતુક નથી. કારણકે; ભગવદ્ધર્મ આગન્તુક નથી. ભગવાનની લીલાને કાલમાયાનો અન્તરાય કે બાધ આવતો નથી, તે કાલમાયાથી પર છે.

અવતાર દશામાં કેટલાક જીવોનો ઉદ્ધાર કરવામાં આ લક્ષણને પ્રભુ પ્રકટ કરે છે. તેમાં-યે ગોકુલમાંજ શ્રીકૃષ્ણસ્વરૂપે જ આ લક્ષણ દર્શાવ્યું છે. **શંકા**-ભવવલ્લીલાના સ્થાનરૂપ એ ગોકુલ કાલમાયામાં આવી જાય છે, માટે કોઇક સમયે જ ભગવાન આ લક્ષણ બહાર પ્રકટ કરે છે. જેથી એ આગંતુક છે? એમ કહેવું યોગ્ય નથી. ગોકુલ વિગેરે સ્થાન નિત્ય જ છે, એ આપણે પ્રથમ દર્શનમાં જણાવી ગયા છીએ. એટલે આ લક્ષણ આગંતુક નથી, પણ નિત્ય જ છે. ભગવાને જેમાં નિવાસ કર્યો છે એવું ગોકુલ નિત્ય છે. એટલું જ નહિ પણ ભગવદ્ભજનના પરિણામથી ઉત્પન્ન થયેલા પ્રભુના અનુગ્રહને લીધે ગોકુલલીલામાં પ્રવેશેલા ભકતોમાં પણ આ લક્ષણ પ્રભુએ પ્રકટ કર્યું છે. આવો અનુગ્રહ અત્યંત દુર્લભ છે.

ભકતોને આ લક્ષણનો અનુભવ કેમ થાય? એમ કહેવામાં આવે તો કહે છે કે:—પ્રભુના શ્રીહસ્તકમલમાં ખેલતો વેણુ ભગવત્સ્વરૂપરૂપે હોવાથી તે વેણુરૂપ શ્રીમત્પ્રભુચરણનાં વચનામૃત ઉપર જીવન જેમનું છે. એવા હાલના આપણા જેવા ભકતોને પણ આ લક્ષણનો અનુભવ પ્રત્યક્ષ થાય છે. "वेणुस्वनामोदितगोकुलाय—વેણુનાદથી ગોકુલને ગાયોના ટોળાને પ્રસન્ન કરનાર ગોપીજન વલ્લભને નમન હો;" એમ શ્રીઆચાર્યચરણોનાં વચનથી ગાયોમાં પણ પ્રભુએ આ લક્ષણ પ્રકટ કર્યું. હાલના ભકતોને પણ ભગવાન લીલાસાયુજ્ય કરાવે છે. કેમકે ભગવાનનું સ્વરૂપ નિત્ય જ છે. પદ્મપુરાણમાં "पालिता गोपसुन्दर्यः स कृष्णः क्वापि नो गतिः—જેમણે ગોપસુંદરીઓનું પાલન કર્યું છે તે શ્રીકૃષ્ણ હજુ પણ કયાંયે ગયા નથી અહિં જ વિરાજે છે." એમ નારદજીનાં વચનથી વેણુગોપાલની ઉપાસના કરનાર ભકતોનાં મનોરથોને હજુ પણ પૂર્ણ કરે છે. એમ જ્ઞાન આપવા સારૂં વેણુગીત, રાસપંચાધ્યાયી વિગેરે કથાઓનું શ્રીશુકદેવજીએ વર્ણન કર્યું છે. વળી આ પોતાનું લક્ષણ ભગવાને દેવીઓ-ગાયો-પશુઓ-વૃક્ષો-લતાઓ-પક્ષીઓ-મેઘો-બ્રહ્માદિદેવો-ગોપિકાઓ તથા હરિણીઓમાં પણ પ્રકાશ કર્યું છે. આ પ્રકાર ફળપ્રકરણમાં ગોપીજનોએ ગાયેલા ગોવિદભગવાનના ગુણગાનમાં વિસ્તારથી વર્ણવ્યો છે.

હાલના ભક્તોએ વેણુગાનના શ્રવણનો આનંદ મેળવવા શું કરવું.

"चिन्ता कापि न कार्या, "सदा निरस्तकुहकम्० કદાપિ ચિંતા ન કરવી, જેમાં દેશકાલનો પ્રતિબંધ નથી એવું નિત્ય પરમ સત્ય સ્વરૂપનું અમે ધ્યાન ધરીએ છીએ." વિગેરે પ્રકારે ભગવાનને ભકતોનો ઉદ્ધાર કરવામાં કાલ કે દેશ બાધક થતો નથી. આવા ઘોર ખલ ધર્મ યુકત કાલિકાલમાં પણ ભગવાન ઉદ્ધાર કરી શકે છે. "कृष्णश्चेत् सेव्यते भक्त्या कलिस्तस्य फलाय हि—જો ભકિતથી શ્રીકૃષ્ણને સેવવામાં આવે તો કલિયુગ સફલ જ થાય છે. તેને તે અંતરાય કરતો નથી. એમ શ્રીઆચાર્યચરણોનો આશય છે. એટલે વેણુનાદના માધુર્યથી ભકતોને બોલાવી ભૂત-ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાલના ત્રિવિધ ભકતોને ભગવાન પુષ્ટિ રસનું દાન કરે છે. એટલા માટે જ લીલાશુકે "लीलामुरलीरवामृतम्०—મારી સમાધિમાં વિઘ્ન કરવા લીલામાં થતું વેણુનાદરૂપ અમૃત-માધુર્ય મને કયારે મળે?" એમ પહેલા અનુભવેલા પ્રભુના વેણુનાદના સુખની-આનંદની પ્રાર્થના કરી છે. "मुरलीरवतरलीकृतमुनिमानसनलिनम्०—મુરલીના નાદવડે મુનિઓનાં મનકમલોને ડોલાવનાર" છે. સમાધમાં આરુઢ થયેલાઓની સમાધિને છોડાવનાર એવું વેણુનાદનું સુખ-આનંદ હોય છે. "ओंकारार्थमुदीरयन् विजयते वंशीनिनादः शिशोः—ઓંકારના નાદને સઘળે પ્રસારતો શ્રીબાલકૃષ્ણનો વેણુનાદ વિજય પામે છે." એમ શ્રીલીલાશુકે કહ્યું છે. જેથી જિજ્ઞાસુ ભકતોને પોતાના જ્ઞાનનો ઉપદેશ ભગવાન્ વેણુ દ્વારા કરે છે. એમ સ્પષ્ટ જણાય છે.

“ श्रीर्देवी वेणुमाश्रित्य रेमे कृष्णमुखाम्बुजे—શ્રીલક્ષ્મીદેવીએ વેણુમાં નિવાસ કરીને શ્રીકૃષ્ણના મુખ-કમળમાં રમણ કર્યું.” ભગવાનના અધરામૃતને મુરલીરૂપ લક્ષ્મી સેવે છે.

આથી ભગવાન કોઇ સમય લક્ષ્મીરૂપ પણ વેણુ વગાડે છે. એમ જાણવું વેણુગીત વિગેરેમાં પરમાનંદરૂપ ભગવત્સ્વરૂપ જ વેણુ છે. એમ ન હોય તો બ્રહ્માનંદની અલ્પના થઇ જાય. માટે જ એ ભગવદ્રૂપ છે. આ શાસ્ત્રાર્થ વેણુગીત અને યુગલગીતનું વિવરણ કરનાર સ્વયં પુરુષોત્તમશ્રીમદાચાર્યચંદ્રે વિસ્તારથી જણાવ્યો છે. તેથી અહિ વિશેષ જણાવતા નથી. “वेणुनाह्वयति गा : संपयदा हि—તે જ્યારે વેણુનાદ કરી ગાયોને બોલાવે છે.” વિગેરે વચનોમાં દીનજનોના ઉદ્ધારનું કામ પણ ભગવાનનો વેણુનાદ કરે છે, એમ સૂચવે છે. ભગવાનની પ્રાપ્તિના પ્રતિબંધને નાશ કરવા ભગવાનના કરકમલમાં રમી રહેલા વેણુનું ધ્યાન-કીર્તન અને પ્રાર્થના વિના બીજાની અપેક્ષા નથી. માટે મુરલીધર ગોપાળનો આશ્રય કરવો યોગ્ય છે. પુષ્ટિ ભકતોને વેણુ જ ભગવત્સ્વરૂપને પમાડનાર છે. એથી જ मुरलीमुकुन्द—મુરલીધરમુકુંદનું મંદ મંદ મલકતું મુખારવિંદ” છે. એમ ભગવદીયોનાં વચનોની સંગતિ થાય છે.

બ્રહ્મસૂત્રભાષ્યમાં શ્રીઆચાર્યચરણે अनावृत्तिः शब्दादनावृत्तिः शब्दादिति। એ સૂત્રમાં ભક્ત અને જ્ઞાનીઓને સંસારમાં પુનરાવર્તન થતું નથી. એમાં શબ્દ પ્રમાણે છે.” જ્ઞાનીઓને હૃદયની નાડીઓથી ઊર્ધ્વગતિરૂપ જ્ઞાન-વૈરાગ્ય વડે અમૃતત્વ પ્રાપ્ત થાય છે. ભકતોને પુરુષોત્તમ શ્રીકૃષ્ણના વરણથી અમૃતત્વ મળે છે. “यमेवैष वृणुते” એ શ્રુતિમાં ભગવાન જેનું વરણ કરે છે તેને પ્રભુ પ્રાપ્ત છે” એમ સ્પષ્ટ કહે છે. આથી જ્ઞાનીઓનું અક્ષર બ્રહ્મ છે. અને ભકતોનું અમૃતત્વ અક્ષરથી પર શ્રીપુરુષોત્તમ જ છે. તે જ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપના આનંદનો અનુભવ કરી શકે છે. જ્ઞાની અને ભકતની સંસારમાંથી અનાવૃત્તિ-મુક્તિ તો સમાન જ છે, જ્ઞાનીને વૈદિક સાધનથી અક્ષર બ્રહ્મરૂપ અમૃત્વ મળે છે. ભક્તને વેણુનાદની શક્તિથી તેમના સમિપમાં જવાથી સંસારથી મુકત થઈ અમૃતત્વ પ્રાપ્ત થાય છે. એમ ફલમાં અત્યંત વિલક્ષણતા છે. પુષ્ટિભકતોને પ્રભુના કરકમલ અને મુખકમલમાં રમતી મુરલી નિત્ય લીલામાં પ્રવેશ કરાવે છે.

વેણુ આનંદનો અનુભવ કરાવે છે એ જ વેણુ શ્રીવલ્લભનંદનરૂપે પ્રકટ થઈ અમને પોતાનાં કર્યાં છે, વેણુગાનના આનંદથી પ્રભુ પોતે પરવશ બની જાય છે. વેણુગાનથી ઉદ્ધાર પામેલા ભકતો પરવશ થઇ જાય એ એમનું અહોભાગ્ય છે—તેમને ધન્ય છે. શ્રીલીલાશુકે “वस्तुप्रस्तुतवेणुनाद—આ વેણુનાદની-લહરીઓ-ઉર્મિઓના આનંદમાં ઓતપ્રોત કરનાર વસ્તુ છે.” એમ કહ્યું છે તે યોગ્ય જ છે. વળી અત્યંત આનંદમાં આવવાથી શ્રીકૃષ્ણપ્રભુ વેણુનાદ કરે છે. “ हर्षयन् यर्हि वेणुरवेण० (૩૫-૧૨) હર્ષમાં-આનંદમાં આવીને શ્રીકૃષ્ણ જાતે વેણુનાદથી વિશ્વને ગજાવે છે-ભરીદે છે.” એ સ્વામિનીઓનાં વચનથી સિદ્ધ થાય છે. ભકતનું સન્માન કરવાને ભગવાન વેણુનાદ કરે છે. “ दर्शनीयतिलको वनमाली० (૩૫-૧૭) વનમાલાના દિવ્ય ગંધ અને તુલસીના મકરંદથી મદોન્મત્ત બનેલા ભમરાઓએ ઉચ્ચ સ્વરે અનુકૂલ રીતે ગાયેલ ગીતનો આદર કરતો દર્શનીય તિલક-દર્શન કરવા યોગ્ય વસ્તુમાં તિલકરૂપ-ભૂષણરૂપ સુંદર વર વ્રજેશ્વર વેણુનાદ કરે છે, ત્યારે સારસ અને હંસ પક્ષીઓનાં ચિત્ત આકર્ષાય છે. તેથી તેઓ પ્રભુ પાસે આવી મૌન ધારણ કરી, નેત્રો બંધ કરી તેમની ઉપાસના કરે છે.” આ સ્વામિનીઓનાં વચનમાં વેણુનાદથી બોલાવીને તેમને પુષ્ટિસુખનું દાન કર્યું છે “नामसमेतं कृतसंकेतं वादयते मृदुवेणुम्० નામસહિત સંકેત કરતાં

કોમલ વેણુ વગાડે છે." આ જયદેવકહે છે કે નામ લઈ લઈને વેણુ વગાડી રમણસ્થાન સંકેતમાં સૂચવે છે. માટે વેણુગાનની મીઠાશથી બોલાવીને પુષ્ટિસુખનું દાન કરવારૂપ મુખ્ય પ્રભુનું લક્ષણ સિદ્ધ થયું. એમ અમારા શ્રીવેણુગોપાલ ભગવાન વિજયવંત છે.

દર્શન ૮ મું સમાપ્ત.

દર્શન-૯મું

(ભગવાન સર્વ કલ્યાણમય ગુણના રત્નાકર છે)

સદ્‌ગુણ-રત્નના સિંધુ નિત્યાનંદ રમાપ્રિય !
સ્વાનંદદાતા અમને રક્ષજો મુરલીધર—૧

હવે સઘળા કલ્યાણકારક ગુણોના રત્નાકર-સાગર પ્રભુ છે. એ એમનું મુખ્ય લક્ષણ છે. તેનો વિચાર કરે છેઃ—આ ગુણો ભગવાન્‌માં છે? કે બીજામાં છે? ભગવાન્‌માં છે એમ કહો તો તે શાસ્ત્રમાં માન્ય છે. બીજાના કહેવામાં આવે તો તે પક્ષમાં બહુદોષ આવે છે. ભગવાન્‌ની પેઠે બ્રહ્મા-શંકર-ઇન્દ્રાદિ દેવો સદ્‌ગુણ પૂર્ણ હોય તો લક્ષ્મી સ્વયંવરમાં લક્ષ્મીએ તેમને કેમ માન્ય કર્યા નહિ? " नूनं तपो यस्य न मन्युनिर्जयः (૧૮-૮-૨૦) જેને તપ છે. તેમાં ક્રોધનો જય નથી. જેને જ્ઞાન છે, તેને કામનો જય નથી." વિગેરે વચનોથી બીજા દેવોમાં સર્વ સદ્‌ગુણો નથી. એમનામાં ન્યૂનતા છે. એમ માની સકલ સદ્‌ગુણોના રત્નાકર ભગવાનને લક્ષ્મીજી વર્યાં. પોતે પ્રભુ નિરપેક્ષ છે, તો પણ સર્વ સદ્‌ગુણોનું આશ્રય સ્થાન તો એજ પ્રભુ છે. તેજ સર્વમાં વર-શ્રેષ્ઠ છે-વરણીય છે એમ વિચારી સ્વયં રમા-લક્ષ્મી તેમને જ વર્યાં. એમ શ્રીશુકદેવજી નિરૂપણ કરે છે. ભગવાનના કૃપાપ્રસાદથી બ્રહ્માદિ દેવો સદ્‌ગુણોથી અલંકૃત છે-શોભાયમાન થયા છે. તેથી સ્વાભાવિક સદ્‌ગુણોનું રત્નાકરપણું એક શ્રીપુરૂષોત્તમ શ્રીકૃષ્ણમાં જ છે. "एतावतालं ननु सूचितेन"-(૧-૧૮-૨૦).

ભગવાનના સમાન ગુણવાળો કે અધિક ગુણવાળો બીજો કોઈ પણ નથી. એ સંબધમાં આટલું સૂચન પૂર્ણ છે કે; અપેક્ષા નથી જ છતાં પોતાની પ્રાર્થના કરનારા બ્રહ્માદિક દેવોને પણ છોડી લક્ષ્મીદેવી પ્રભુને સેવે છે. વળી બ્રહ્મા-શંકર વિગેરે દેવો પણ ભગવાનના ગુણોને અનુસરનારા છે. " नान्तं गुणानाम्० (૧-૧૮-૧૪)-એ નિર્ગુણ પરમાત્માના ગુણોનો અંતને શંકર-બ્રહ્મા જેમાં મુખ્ય છે, એવા મહાયોગેશ્વરો પણ પામતા નથી." વિગેરે વચનોથી મુક્ત પુરુષો પણ ભગવાનના ગુણગાન કરવામાં તત્પર થાય છે. " असंगनिशितज्ञानानलविधूताशेषमलानाम्. (૫-૩-૧૧) સંગનો ત્યાગ કરતાં તીવ્ર થયેલા જ્ઞાનાગ્નિવડે સર્વ મેલ બળી જવાથી નિર્મલ, ભગવત્સ્વભાવવાળા આત્મારામ મુનિઓને પરમ મંગલના સ્થાનરૂપ આપના ગુણગણની ગાથાકથાઓ કરાવનાર આપ પરમાત્મા છો" આપના ગુણોનો અંતજ નથી. "यो वा अनन्तस्य गुणाननन्तान्० (૧૧-૪-૨) જે અનન્ત પરમાત્માના અનન્તગુણોને ગણવા ઇચ્છે છે તે મંદ બુદ્ધિ છે, કેમકે, ભૂમિનાં રજઃકણો ઘણા કાળે કોઈ પણ રીતે કોઈક ગણી શકે, પણ સર્વ શક્તિઓના નિવાસસ્થાન ભગવાનના ગુણોને ગણી શકાયજ નહિ.

ગુણો ભગવાનથી ભિન્ન-જુદા છે કે, અભિન્ન છે? એ શંકાનું સમાધાન કરે છેઃ—તે **સર્વ** ભગવાનથી અભિન્ન છે. "प्रकाशाश्रयवद्वा तेजस्त्वात् (૩-૨-૨૮) એ બ્રહ્મસૂત્રમાં શ્રીમદાચાર્યચરણે એ ભગવાનના ધર્મો-ગુણો ભગવાનથી ભિન્ન નથી. સૂર્યનો પ્રકાશ સૂર્યથી જુદો નથી, તેમ ભગવદ્દગુણો ભગવાનથી જુદા નથી. સ્વાભાવિક રીતે જ બ્રહ્મના ધર્મો બ્રહ્મમાં જ રહેલા છે. શ્રુતિમાં ભગવાનના ધર્મોને તેજ-પ્રકાશ તરીકે વર્ણવવામાં આવ્યો છે. અને તે બ્રહ્મમાં જ છે તેનાથી ભિન્ન નથી. એમ પ્રતિપાદન કર્યું છે. આથી સકલ સદ્‌ગુણ-સાગર છતાં હેય-ત્યાગ કરવા યોગ્ય ગુણોથી રહિત ભગવાન છે. "ज्ञान-शक्ति-बलैश्वर्य જ્ઞાન-શકિત-બલ-ઐશ્વર્ય વિગેરે શબ્દો ભગવદ્‌વાચક છે. हेयाभावाच्च निर्मलम्-ભગવાનમાં ત્યાગ કરવા યોગ્ય કોઈ ગુણ નથી, એમ વિષ્ણુપુરાણમાં કહ્યું છે, વળી દયા વિગેરે ગુણો પુરુષોત્તમને ભગવચ્છશબ્દથી ઓળખાવે છે" यथा त्वं कृपया भक्त्या० આપ કૃપા-ભકિત-તેજ -યશ અને શ્રી વિગેરે **સર્વ** ગુણોથી વ્યાપ્ત છો. **માટે આપ સર્વ સમર્થ** ભગવાન છો. આ શ્રીભાગવતના વચનથી કલ્યાણમય ગુણોથી જ. જીવોનાં કરતાં ભગવાનની વિલક્ષણતા અને ઉત્તમતા છે.

કોઇ મુકત જીવોમાં ભગવાનના ગુણો આવેશ થતાં, તેમની પણ ઉત્તમતા સિદ્ધ થાય છે. તે ગુણો પણ કલા માત્ર જ છે. પૂર્ણપણે **સર્વ** ગુણોનો આવેશ તેઓમાં પણ થતો નથી. અને તેવા ગુણો કોઈક જ મુક્ત જીવમાં પ્રકટ થાય છે. તેથી જ ગીતામાં કહ્યુ કે:- "न त्वन्यस्त्वत्समोस्ति-अभ्यधिकः कुतोऽन्यः—બીજો કોઇ **આપ સમાન** જ નથી તો અધિકનો કયાંથી જ હોય?" આથી **સર્વોત્તમ** ગુણો પ્રભુમાં જ છે. એ ઐશ્વર્ય વિગેરે ગુણો પ્રભુમાં નિત્ય જ હોય છે. અને પાર્ષદ વિગેરે પ્રભુના સેવકોમાં પ્રભુની ઇચ્છા હોય ત્યાં સુધી જ રહે છે. એમ શ્રીઆચાર્ય ચરણે વિવેચન કર્યું છે. એટલે નિત્ય મુકત જીવો પણ ભગવાનની **સમાન** નથી. તે તેમના દાસ-સેવકો જ છે. ભકતો કૃપાળુ ક્રોધ રહિત વિગેરે તેમનામાં ઘટી જ ન શકે, તેમ લક્ષ્મીપતિપણું-ગોપીપતિપણું-**સર્વેશ્વર**પણું અને **સર્વ**ને ઉપાસના કરવા યોગ્ય-ઉપાસ્યપણું વિગેરે ધર્મોનો-ગુણોનો ભકતોમાં અભાવ જ છે. **માટે સર્વ કલ્યાણકર ગુણોના રત્નાકર ભગવાન જ મુખ્ય છે.**

પ્રભુના અવતારોમાં તેવા ગુણો નથી એમ નહિ માનવું, કેમકે—'बहवो नृप कल्याणगुणाः पुत्रस्य सन्ति ते०-એ રાજન્! તમારા પુત્ર રામચંદ્રમાં બહુ કલ્યાણકારક ગુણો છે. તે જેમ સૂર્યકિરણોથી શોભાયમાન છે. તેમ ગુણોથી રામચંદ્ર અલંકૃત છે." એમ રામાયણમાં હોવાથી **સર્વ** કલ્યાણમય ગુણોના રત્નાકર શ્રીરામચંદ્ર પ્રકટ થયા છે. "ब्रह्मावधार्यात्मगुणानुवादम्० એ શ્રીમદ્ ભાગવતનાં વચનથી વરાહાદિ અવતારોમાં પણ પૂર્ણ ગુણો વડે પ્રાકટ્ય દર્શાવ્યું છે. એ ભગવાનનું લક્ષણ જ મુખ્ય છે. ભગવાન નિર્ગુણ ગુણોથી રહિત છે. એમ કહેવાથી તો જડપણું અથવા તુચ્છપણું સિદ્ધ થઈ જાય. એ ગુણો ઉપાધિથી છે એમ કહીએ તો પ્રભુમાં માયાનો સંબંધ સિદ્ધ થાય. પરંતુ પ્રકૃતિમાં જે ગુણો છે તે પ્રભુએ જ આપ્યા છે. "तत्प्रसादविवृद्धमानोरुमहिमा च योगमाया-પ્રભુની કૃપાથી જેનો પુષ્કળ મહિમા વધ્યો છે એવી યોગનિદ્રા-પ્રકૃતિ-માયા છે." એ પરાશર મુનિના વચનથી ભગવાનની કૃપાથી જ માયામાં તે ગુણો રહ્યા છે. ભગવાનનો લોક માયાથી પર હોઈ બ્રહ્મરૂપ છે. તો સાક્ષાત્ ભગવાનના ધર્મો-ગુણો ભગવદ્‌રૂપ હોય એમાં શું કહેવું? ભગવાનના કલ્યાણમય ગુણોને સર્વ મળી ઘણા કાલ સુધી વર્ણવીએ, તોપણ તેનો અંત ન આવી શકે.

સૂર્યનાં અંશથી ઉત્પન્ન થયેલા કર્ણે મહાભારતમાં કહ્યું છે કે, "वर्षायुतैर्यस्य गुणा न शक्या वक्तुं समेतैरपि सर्वलोकैः० - સેંકડો વર્ષ સુધી **સર્વ** લોક મળીને શંખ-ચક્ર-ગદા અને ખડ્ગધારી વિજયી વાસુદેવના ગુણો તો વર્ણવી શકાય નહિ તેવા છે. તો પણ કેટલાક ગુણો ભીષ્મે

મહાભારતમાં વર્ણવ્યા છે કે, " दानं दाक्ष्यं०—દાન-શાણપણ-શાસ્ત્રજ્ઞાન-શૌર્યાદિ ગુણો પ્રભુમાં નિત્ય છે, એમ વારંવાર કહ્યું છે. " अहमस्यानुजो भ्राता गुणैर्दास्यमुपागतः—હું એમના ગુણોથી દાસ બનેલો એમનો બંધું છું" એમ લક્ષ્મણે રામાયણમાં જણાવ્યું. " गायन् दशशतानन आदिदेवः—શ્રીસહસ્ર-મુખ-શેષ, ભગવાનના ગુણોને હજુ સુધી નિરંતર ગાયાજ કરે છે. તો પણ તેનો પાર નથી" એમ બ્રહ્માના વચનથી આ જ આશય દૃઢ થાય છે. ભગવાનની કૃપારૂપ ગુણથી જ ભક્તોનું જીવન નભે છે. પ્રભુની ઉદારતાથી પુષ્ટિભકતોને રાસલીલામાં પ્રવેશ સિદ્ધ થાય છે. એમની વત્સલતાની ગુણથી જ ભકતોમાં રહેલા દોષોને આપ-વિચારતા નથી. સ્વાભાવિક રહેલા સુહૃદ્ ભાવના ગુણથી જ પોતે ઉદ્યમ કરીને રક્ષણ કરે અને પોતાની શોભા વિગેરે સર્ત્ર ગુણો ગોપિકાઓમાં પ્રકટ કરે છે. તેથી જ " तत्रापि शुशुभे०—તેથી જ વ્રજવનિતાઓના સહિત ભગવાન અત્યંત શોભે છે." એમ ફલ પ્રકરણમાં શુકદેવજીએ કહ્યું છે. ભગવાન સૌભાગ્ય ગુણથી જ નિજજનોના દુષ્ટ અરિષ્ટનું નિવારણ કરે છે. પ્રભુના સદાચાર ગુણથી જ જાતિથી હીન પ્રાણીઓને સુલભ રીતે પ્રાપ્ત થાય છે. ગુહ – જટાયુ – શબરી – સુગ્રીવ – અંગદ વિગેરે હીન જાતિઓનો ઉદ્ધાર ભગવાને અનુગ્રહથી જ કર્યો છે. પોતાના પરમ ઉદાર ગુણથી જ કોશલ દેશના પશુપક્ષીઓને પણ મુક્તિ આપી છે. પોતાના શૌર્યાદિગુણોથીજ મથુરાનગરીના નિવાસીઓને ભગવાને કૃપાપાત્ર કર્યા. चंदनालिप्तमाघ्राय हृष्टरोमा चुचुंब ह—ચંદનથી લેપાયેલા શ્રીહસ્તને વ્રજનાં ગોપીજન ચુંમે છે." આમ પ્રભુના માધુર્યગુણને તો કેવળ વ્રજરમણીઓ જ જાણે છે. ગંભીરતા વિગેરે સર્વગુણોનું પરિજ્ઞાન માત્ર ગોપીજનોને જ છે. કેમકે, ભગવાનની સાથે સાક્ષાત અધિક સંબંધ તો તેમને જ છે. ભગવાનની પૂર્ણકૃપા તેમના પર જ ઉતરી છે. ભવલ્લીલાના સાયુજ્યને પામ્યા પછી ભકતો ક્રમે ક્રમે પ્રભુના સર્વગુણોનો અનુભવ કરે છે. એટલા માટે કૃપા-સૌન્દર્ય-સુગંધ વિગેરે સર્વ ગુણોના પરિજ્ઞાનવડે ભગવાન જ સેવવા યોગ્ય છે. એમ નિશ્ચય થાય છે.

—દર્શન ૯ મું સમાપ્ત—

* * *

દર્શન ૧૦ દશમું

(ભગવાન્ દીનજનરૂપ ચાતકોના મેઘરૂપ છે)

દીન ચાતકના મેઘ પુરાણ પુરુષોત્તમ,
શ્રીગોપી-જનના નાથ! યદુપુત્ર પ્રસન્ન હો;—૧

હવે દીનજનોરૂપ ચાતકોના ભગવાન્ મેઘરૂપ છે. એ લક્ષણનો વિચાર કરે છે:— દીન કોને કહેવા? તેમનું ચાતકપણું કેમ? ભગવાન્ તેઓમાં પોતાનું મેઘપણું કેમ પ્રકટ કરે છે? એ શંકાનું સમાધાન કરે છે—

સર્વાત્મભાવથી સેવન કરનારા, ગોપીભાવને પામનારા એજ ભકતો દીન છે. ભગવદ્ધર્મથી પણ તેમના મનોરથો પૂર્ણ થતા નથી. એટલે ભગવાનનું દર્શન કરવામાં-નિરખવામાં લીન બનેલા તેઓ ચાતકરૂપે છે. શ્રીટિપ્પણીમાં ભગવત્સ્વરૂપ **શ્રીવિઠ્ઠલનાથે** નિરૂપણ કર્યું છે કે, "ભગવાન્

વ્યાપકરૂપે આત્મરૂપે અંતર અને બહાર છે.” એમ શ્રુતિસિદ્ધ હોવા છતાં બહાર અને લોકમાં એ પ્રકટ સ્વરૂપ જ મુખ્ય સેવ્ય છે. અંતરાત્મારૂપ સ્વરૂપ નહિ જ. આમ મર્યાદામાર્ગથી વિલક્ષણતા છે. એમ જણાવવાને અહિં સ્ત્રીઓ મુખ્ય છે. જે મર્યાદામાર્ગમાં કામ મુખ્ય રીતે મુક્તિ મેળવવામાં અંતરાયરૂપ-વિઘ્નરૂપ ગણાય છે, તે જ કામ અહિં ભગવાન સંબંધી હોવાથી મુખ્યફલરૂપ થયો છે. એજ કામ આંતરિકફલરૂપ જેમને છે, એવાં ગોપીજન છે. વળી મર્યાદામાર્ગમાં શાસ્ત્રીયભકિતથી ભગવાનનો આવિર્ભાવ પ્રાકટ્ય છે. અહિં કામને વશ બની દીનતા પામતાં પ્રત્યક્ષ પ્રભુ પ્રેમ છે તે પ્રેમ પણ પ્રેમ–કામશાસ્ત્રને અનુસરીને, નહિ કે વિધિને અનુસરીને “एका भृकुटिमाबध्य०–એક ગોપી ભ્રુકુટિ ચઢાવીને” વિગેરે શ્લોકમાં એમજ કથન કર્યું છે. ભગવાને નિઃસાધનજનોને બ્રહ્માદિથી સાધનોવડે ન પામી શકાય એવા ભજનાનંદને પોતે ગોપીજનને આધીન થઈને આપ્યો છે. માટે એ જ સર્વથી શ્રેષ્ઠ છે.

અથવા આગળ રમણમાં હાથીનું દૃષ્ટાંત આપ્યું. તેથી સ્વયં ભગવાન કામાધીન બની ભકતોના સમિપ પધારે છે. આ રીતિએ કામ પ્રકટ કરતાં પ્રિયમાં પ્રેમ–સ્નેહ સિદ્ધ થાય છે. બીજે એવું નથી. માટે પ્રથમ કહ્યું છે, તે યોગ્યજ છે. આથી સર્વાત્મભાવના લક્ષણથી ભગવાનનું સેવન–ભજનકાર ભકતો ચાતકરૂપ છે. બીજા નથી, એમ સ્પષ્ટ થયું. આ ઉપરથી લોકમાં કંગાલ જેવા જણાતા દીનજનો ચાતક પેઠે ભગવાનનું એક શરણ કરનારા છે, એમ માનવાનું નથી. પુષ્ટિમાં કેવળ ભગવાનમાં જ–ધર્મ–અર્થ–કામ અને મોક્ષ સર્વ ભગવાન જ છે, એમ માનીને બીજા સર્વ સાધન છોડનારા એવા દીન પુષ્ટિભકતો જ ચાતક તુલ્ય હોય છે. તેમને જ ભગવાન પોતાનું અપાર કૃપામૃત વરસાવે છે. તે ખરા દીન છે. માટે મેઘ તુલ્ય છે.

“अदीनलीला०” આ દ્વિતીયસ્કંધના શ્લોક પર શ્રીમદાચાર્યચરણે અદીન એટલે અત્યંત ઉદાર, સર્વ યાચકોને સર્વફલનું દાન કરવામાં સંકોચ વિનાનું મહાન્ ઉદાર, એવું જ લીલાસહિત સુંદર હસવું, તેથી યુક્ત ઈક્ષણ–નિરખવું, તે વડે શોભાયમાન ભ્રૂકુટિઓનાં ભંગથી મહાન્ અનુગ્રહ–કૃપાને સૂચવનારા પ્રભુ છે.” એમ વર્ણવ્યું. ભગવદ્‌ભાવથી પુષ્ટ થયેલાઓને પણ વિપ્રયોગ શૃંગારનો અનુભવ થતાં દૈન્યરસનો નિત્ય અનુભવ થાય છે. એમ દૈન્ય સિદ્ધ થતાં, પ્રકટ પ્રભુનાં પ્રેમ–સ્નેહ સિદ્ધ થાય છે. શ્રીમત્પ્રભુચરણ પણ આજ્ઞા કરે છે કે:–આ બધું કામ–પ્રેમશાસ્ત્રાનુસાર હોય તો જ થાય. “तासामाविरभूच्छौरि:–તે શ્રીગોપિકાઓના મધ્યમાં પ્રભુ પ્રકટ થયા” આ વચનથી પુષ્ટિ પુરુષોત્તમનો આવિર્ભાવ પ્રાકટ્ય એ જ સ્નેહના–પ્રેમના સિદ્ધાંતથી જ થયું છે. માટે પુષ્ટિભક્તો દીનચાતકરૂપ છે. શ્રીનંદરાજકુમાર તેમને મેઘરૂપ થયા છે. વિદ્વન્મંડનમાં શ્રીપ્રભુચરણે શ્રી નંદરાજકુમાર નવીન મેઘ નિજ આનંદ સુધાને વરસાવે છે. “सा तव विरहे दीना–તેમ વિરહે દીના सजलजलदसमुदय०–જલ સહિત મેઘ સમૂહના જેવા સુંદર શ્યામ સંગે વિયોગ થતાં તે લોકની માફક દુઃખિત નથી” વિગેરે ગીતગોવિંદનાં વચનોથી દીનજનોરૂપચાતકના મેઘરૂપ થવાનું મુખ્ય લક્ષણ નંદકિશોર શ્રીકૃષ્ણનું સિદ્ધ થાય છે.

દર્શન દશમું સમાપ્ત.

દર્શન ૧૧ મું

(ભગવાન સફળ અનુગ્રહવાળા છે.)

અમોઘ કરુણાપૂર્ણ! પરમાનંદ વિગ્રહ!
શ્રીકૃષ્ણ! ગોપિકાપુત્ર! હો પ્રસન્ન દયાકર—૧

સફલ અનુગ્રહ એ જ એક જેમનો સ્વભાવ છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણના એ મુખ્ય લક્ષણનો વિચાર કરે છે:—શું ભગવાન પોતાના આ લક્ષણને પ્રકટ કરે છે? આ લક્ષણ આગંતુક છે કે નિત્ય છે? એ શંકાનું સમાધાન કરતાં કહે છે કે:—

ભગવાનનું આ લક્ષણ આગંતુક નથી, પરંતુ નિત્ય છે. કેમકે ભગવદ્ધર્મ સર્વથા નિત્ય છે. એમાં વિઘ્ન કે અંતરાય હોતો જ નથી ક્રોધ વિગેરે જે ધર્મ પ્રભુમાં જોવામાં આવે છે. તે આગંતુક છે. નિત્ય નથી, આરોપણ કરવામાં આવ્યા છે. ભ્રમ બુદ્ધિના લોકો પ્રભુમાં ક્રોધ વિગેરેનો આરોપ કરે છે. તે વાસ્તવિક નથી. "क्रोधोपि देवस्य वरेण तुल्यः, क्रोधोपि तेनुग्रह एव संमतः०-(૧૦-૧૬-૩૪) દેવનો ક્રોધ પણ વરદાન સમાન છે, હે ભગવાન આપનો ક્રોધ પણ અનુગ્રહ જ માન્યો છે." ભગવાનના ક્રોધને કૃપારૂપ માને છે. માટે જ અનુગ્રહ જ કરવાના સ્વભાવવાળા એ પ્રભુનું મુખ્ય લક્ષણ સિદ્ધ થાય છે. ભગવાનના ક્રોધના અંશ વડે પ્રકટેલા શંકરને ભક્તો કૃપાસાગર કહે છે. શંભુનું આવું કૃપાપણું ભગવાનના અનુગ્રહથી જ પ્રાપ્ત થયું છે.

મુખ્ય શંકર-એટલે કલ્યાણ કરનાર તો પ્રભુ-શ્રીપુરુષોત્તમ જ છે. હરિવંશમાં સ્વયં કૈલાસવાસી શિવે "शंकरोऽपि यतो देवस्ततः शंकरतां गतः" તે ભગવાનથી હું મહાદેવ શંકર પણ શંકરપણાને પામ્યો છું" એમ જણાવ્યું છે. 'શિવ' શબ્દ વાચક પણ મુખ્ય નંદકિશોર જ છે શિવ-નારાયણ-અચ્યુત-ગુહ્ય-શક્ર-શર્વ વિગેરે શબ્દો વિષ્ણુસહસ્ર નામમાં વિષ્ણુવાચક-કૃષ્ણવાચક ભીષ્મે કહ્યા છે. તેમ શ્રુતિમાં પણ એ સર્વ શબ્દો પરમાત્મવાચક જ છે. कलौ जनिष्यमाणानां० (૯-૨૪-૬૧) કલિયુગમાં ઉત્પન્ન થનારાઓનાં દુઃખ, શોક અને અજ્ઞાનને નાશ કરવા તથા ભક્તોના ઉપર કૃપા કરવા, સુંદર પુણ્યકારક યશ વિસ્તાર્યું છે. यन्माया० (૫૮) જેમની માયાનું ચરિત્ર પુરુષને ઉત્પત્તિ-પાલન અને નાશ કરનારું થાય છે, અને અનુગ્રહ માયાને દૂર કરી પ્રભુને પ્રાપ્ત કરાવે છે. "तदैव सामृतजला०-(૧૦-૧૬) લીલાથી મનુષ્યરૂપ ધરનાર ભગવાનના અનુગ્રહથી શ્રી યમુનાજી વિષરહિત થઈને અમૃતમય જલવાળાં થયાં "अनुग्रहाय भक्तानाम्० (૧૦-૩૩-૩૭) ભક્તોના ઉપર અનુગ્રહ કરવા મનુષ્ય દેહ ધારણ કરનાર ભગવાન તેવી લીલાઓ કરે છે. તેને સાંભળી મનુષ્ય પ્રભુ-પરાયણ બને છે. "इत्थं सोऽनु ग्रह ' (૧૦-૫૨-૧) આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણથી અનુગ્રહ મેળવી-કૃપા પામી ઇક્ષ્વાકુપુત્ર મુચુકુંદ તેમને નમીને પ્રદક્ષિણા કરી ગુહામાંથી બહાર નીકળ્યા, "अनुग्रहाय संप्राप्तौ-અનુગ્રહ કરવા પધારેલા" વિગેરે શાસ્ત્રવચનો શ્રીકૃષ્ણના સફલ અનુગ્રહ સ્વભાવરૂપ મુખ્ય લક્ષણને સિદ્ધ કરે છે. "अदीनलीला० स आत्मानोऽनुग्रहार्थाय ઉદાર હાસ્યથી નિરખતાં શોભતી ભ્રુકુટિના ભંગવડે અત્યંત અનુગ્રહને સૂચવતા, अनुग्रहावाविरास्ताम्०-(૮-૨૪) નર અને નારાયણ ઋષિઓ પ્રાણી-માત્રને અનુગ્રહ કરવા પ્રકટ થયા છે. यो वै द्रौण्यस्त्रविप्लुष्टः અદ્ભુત કર્મ કરનાર શ્રીકૃષ્ણ ભગવાનના અનુગ્રહવડે હું અશ્વત્થામાના અસ્ત્રથી બળ્યા છતાં મૃત્યુ ન પામ્યો" એમ પરીક્ષિત્ રાજા કહે છે. मयातेऽकारि मघवन्० (૧૦-૨૮-૧૫)

હે ઇન્દ્ર! યજ્ઞનો ભંગ કરી મેં તારા ઉપર અનુગ્રહ જ કર્યો છે. ઇન્દ્ર ઉપર ભગવાનને અનુગ્રહ કરવાનાં કાર્યો દર્શાવ્યાં છે. જો એમનો અનુગ્રહ કરવાનો સ્વભાવ ન હોય તો વ્રજ ઉપર શિલાઓ વરસાવનાર દેવેન્દ્રના ઉપર અનુગ્રહ કરી પોતાનો ભક્ત કેમ કરે ? અને એની જ પ્રાર્થનાવડે પોતાનું ગોવિંદ અને ઉપેન્દ્ર નામ કેમ સ્વીકાર કરે ? શત્રુઓને મુકિત આપી, એ અનુગ્રહ કરવાના સ્વભાવથી જ આપી છે. માટે પરમકૃપાનિધાન ભગવાન ભક્તોએ ભજવા જોઈએ-સેવવા જોઈએ જ.

દર્શન-૧૧મું સમાપ્ત.

દર્શન ૧૨ બારમું

(ભગવાન પ્રગલ્ભતા–મધુરતા–ઉદારતા–સુશીલતા વિગેરે-ગુણોથી સ્વજનને રંજન કરનાર છે.)

પ્રગલ્ભાદિ ગુણે ભક્ત-સ્નેહ હર્ષ વધારતા,
પુંડરીકાક્ષ! ગોવિંદ! મને રક્ષો કૃપાનિધિ.-૧

પ્રગલ્ભતા, મધુરતા, ઉદારતા, ગંભીરતા, સુશીલતા, વિગેરે ગુણો વડે સ્વજનને રંજન કરવાનું પ્રભુનું મુખ્ય લક્ષણ છે. ભગવાન શ્રીકૃષ્ણે ગોકુલ – મથુરા – દ્વારકા વિગેરેમાં આ લક્ષણ પ્રકટ કર્યું છે. એમ શ્રીભાગવતનાં વચનોથી સિદ્ધ થાય છે જેથી ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ છે. મથુરાલીલામાં बलश्च कंसप्रहितम्०– तयोस्तदभुतं वीर्यम्० – ऊचुः परस्परं ते वै० – रूपपेशलमाधुर्य० – उदारहासद्विजकुन्ददीधिति० – भगवानपि गोविन्दः० – કંસે મોકલેલા સૈન્યને મારી નગર શોભાને જોવા લાગ્યા, તે સમયે તેમનું તેજ–પરાક્રમ–ગૌરવ–રૂપ–માધુર્ય–સૌન્દર્ય વિગેરે જોતાં સર્વજનો જાણે આશ્ચર્ય પામ્યા હોય એમ થયું, ભગવાનના રૂપ–માધુર્ય–હાસ્ય–આલાપ–નિરીક્ષણ વિગેરે ગુણોથી જેનું ચિત્ત આકર્ષિત થયું છે, એવી સૈરંધ્રીએ ચંદન આપ્યું, ભગવાન શ્રીકૃષ્ણ યુદ્ધમાં કેશી દૈત્યને મારી વ્રજને આનંદ આપતા થકા પશુઓનું પાલન કરવા લાગ્યા. આ સર્વ શ્રી ભા૦૧૦-૪૧-૪૨-૨૯ અધ્યાયોનાં વાકયોમાં ભગ, વીર્ય, શૌર્ય, સૌન્દર્ય, માધુર્યાદિગુણો સ્વજનોને રંજન કરવા પ્રકટ કર્યા છે, અનંતગુણનિધિ ભગવાન ભક્તોના આનંદ માટે સર્વ ભાવો પ્રકટ કરે છે. એમ સ્પષ્ટ દર્શાવ્યું. ભગવન્માર્ગમાં પ્રવેશ પામેલા ગોપી–ગોપાલ–નંદ–યશોદા–બલદેવ વિગેરે સ્વજનો છે. વસુદેવ–દેવકી–ઉદ્ધવ–અક્રૂર–માળી–કુબ્જા–રુકિમણી–સત્યભામા વિગેરે સર્વ દ્વારકાવાસીઓ, પાંડવો–તેમને અનુસરનારા–સેવકો, બીજા વ્યાસનારદ–સનકાદિક મહામુનિયો, બ્રહ્માશંકર–ઇન્દ્ર વિગેરે દેવો, તથા ભગવાને અંગીકાર કરેલા ભક્તોઃ શ્રીમત્પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથે કૃપામૃતથી પાત્ર કરેલા ભગવાનના સ્વજનો, તે સર્વમાં રસિકશિરોમણિ, શ્યામસુંદર વ્રજવર ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના માધુર્યાદિગુણો વડે નિરંતર પરમાનંદ પ્રકટ કરે છે. નિત્ય મહોત્સવ નિત્યસુખ સ્વજનને સુલભ હોવાથી તે આનંદ તેમને અનુભવમાં આવે છે. લીલોપયોગી ભક્તો જ વિશેષે કરીને ભગવાનના ગુણોના આનંદને ભોગવનાર થાય છે. તેમાંયે ભગવાને તો ઉદારતા શ્રીગોપીજનમાંજ પ્રકટ દેખાડી છે. તેઓને જેવો આનંદ આપ્યો છે. તેવો કોઈને પણ આપ્યો નથી.

“नायं શ્રિયો૦ એ પ્રથમ કહીગયેલા શ્લોકપ્રમાણે આ આનંદ લક્ષ્મીને, દેવીઓને પણ પ્રાપ્ત થતો નથી. મધુરતા વિગેરે ગુણો પણ શ્રીગોપિકાઓમાં જ પ્રભુએ પ્રકટ કર્યા છે.” तत्रैकांसगतं बाहुम्૦–શ્રીકૃષ્ણના ખભા ઉપર રહેલા કમલસમસુગંધિમાન, ચંદનથી લેપાયમાન, બાહુને શુધીને રોમાંચ ધારણ કરતાં એક ગોપીજન ચુંબન કરવા લાગ્યાં. વિગેરે શ્રીશુદેવજીનાં વચનથી પ્રભુનાં સર્વ અંગે અંગ મધુર–અતિ કોમલ અને સુગંધદાર યુક્ત હોવાથી પ્રસન્ન પ્રસન્ન થયાં. આ પ્રમાણે ભગવાન્ સદાનંદ રૂપ હોઈ સર્વ સમાન રસ ઉત્પન્ન કરનાર થયા છે. એમ શ્રીઆચાર્યચરણોએ વિવેચન કર્યું છે. તેથી ગોપીપતિ ભગવાન શ્રીકૃષ્ણ જ ભક્તોએ સેવન કરવા યોગ્ય છે, એમ સુંદર રીતે સિદ્ધ થાય છે.

દર્શન ૧૨ બારમું સમાપ્ત

દર્શન ૧૩ તેરમું

(ભગવાન શ્રીમદ્ભાગવતથી જ જાણી શકાય છે)

શ્રી ભગવાનથી વેદ્ય ગોપીશ! નમું આપને;
વેણુગાન વિષે લોલ મુકુન્દ પરમાત્માને—૧

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીભાગવતથી વેદ્ય–જાણી શકાય તેવા છે. માટે ભાગવત વેદ્યત્વરૂપ ભગવાનનું લક્ષણ મુખ્ય છે. તેનો અહિં વિચાર કરે છે:—वेद्यं वास्तवमत्र वस्तुशिवदम्૦–અહિં શ્રીમદ્ભાગવતમાં વર્ણવેલું વસ્તુ કલ્યાણ કારક હોઈ જાણવા યોગ્ય છે. શ્રીશુકદેવજીનું (૧-૧-૨) વચન છે. તેથી ભાગવત વેદ્ય ભગવાન છે. વેદના પૂર્વ કર્મકાંડમાં ક્રિયાશક્તિ પ્રધાન યજ્ઞમૂર્તિ પ્રભુનું નિરૂપણ કર્યું, વેદના જ્ઞાન–ઉત્તરકાંડમાં જ્ઞાનશકિત પ્રધાન બ્રહ્મસ્વરૂપ પ્રભુનું નિરૂપણ કર્યું. અને શ્રીમદ્ભાગવતમાં ક્રિયા અને જ્ઞાન એમ બન્ને પ્રધાન શ્રીહરિનું–પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું નિરૂપણ કર્યું છે. માટે એ પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસામાં દર્શાવેલાં કર્મ અને જ્ઞાન કરતાં એ બન્ને શકિતઓનું નિરૂપણ કરનારા શ્રીમદ્ભાગવતની વિશેષતા છે. એમ તત્વદીપનિબંધના “यज्ञरूपो हरिः पूर्वकाण्डे૦”—વિગેરે શ્લોકોમાં શ્રીમદાચાર્યચરણોએ દર્શાવ્યું છે:—

વેદ, શ્રીકૃષ્ણનાં વાકયો–ગીતા, વ્યાસસૂત્રો, અને વ્યાસની સમાધિભાષા–શ્રીભાગવત. એમ ચાર પ્રસ્થાન પ્રમાણોમાં મુખ્ય છે. વેદાર્થમાં સંદેહ થાય તો શ્રીકૃષ્ણનાં વાકયોથી દૂર કરવો. તેમાં સંશય થાય તો વ્યાસસૂત્રો વડે દૂર કરવો અને વ્યાસસૂત્રોમાં સંદેહ થાય તો શ્રીમદ્ભાગવતથી નિર્ણય કરવો. એમ ઉત્તરોત્તર પ્રમાણો નિર્ણય કરવામાં મુખ્ય માનવાં. વેદમાં “अपाणिपादः–વિગેરે શ્રુતિઓમાં હાથપગરહિત ભગવાન છે. એમ કહ્યું એટલે સંશય થાય કે:–ભગવાન સાકાર છે કે નિરાકાર છે? ત્યારે ત્યાં શ્રીકૃષ્ણનાં વાકયથી “सर्वतः पाणिपादान्तम्૦ સર્વ તરફ હાથ–પગ જેમને છે. એવા પરમાત્મા સાકાર છે. વેદમાં નિષેધ કર્યો એ લૌકિક આકાર સંબંધમાં છે. કારણ કે, એજ શ્રુતિમાં ગતિ કરવી, ગ્રહણ કરવું, જોવું વિગેરે ક્રિયા દર્શાવી છે–તે ધર્મ રૂપે કહ્યા છે. એટલે ભગવાન નિરાકાર નહિ, પણ સાકાર છે, એમ શ્રી કૃષ્ણનાં વાકયથી નિર્ણય કર્યો.

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः૦–આ શ્રીકૃષ્ણનાં વાક્યમાં જીવને બ્રહ્મસ્વરૂપના અંશરૂપ કહ્યો. એટલે સંશય થાય કે, જીવ વ્યાપક છે. કે અંશ છે? તેનો નિર્ણય ‘उत्क्रान्तिगत्यागतीनाम्; व्यतिरेको गन्धवत्, तद्गुणसारत्वात् तद्व्यपदेशः प्राज्ञवत्” (બ્ર. સૂ. ૨-૩-૧૯-૨૬-૨૯)

વિગેરે વ્યાસસૂત્રોથી કહે છે કે :—જીવાત્મા શરીરમાંથી નીકળી ચંદ્રમાના લોકમાં જાય છે. ત્યાંથી ફરીને પાછો આ લોકમાં આવે છે. એમ શ્રુતિમાં કહ્યું. માટે જીવનું કંઈક માપ સ્વીકારવું જોઈએ. વાળના અગ્રભાગના દશ હજારમાં ભાગ જેટલો જીવાત્મા છે. એમ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં ૫-૯ માં કહ્યું છે. એટલે જીવ વ્યાપક નથી. પણ અંશ-અણુ છે. તેથીજ તેનું દેહમાંથી જવું આવવું થાય છે. અણુ હોવાથી એ શરીરના એક દેશમાં જ રહી શકે, છતાં શરીરમાં વ્યાપક કેમ છે? એના ઉત્તરમાં દષ્ટાંત આપે છે કે :—ચંદન એક શરીરના એક જ ભાગમાં લેપેલું હોવા છતાં સર્વ શરીરમાં જેમ સુખ આપે છે. તાપને દૂર કરે છે. તેમ જીવ એક હૃદય સ્થાનમાં રહેલો હોઈ સર્વ શરીરમાં ચૈતન્ય પ્રસારે છે. પુષ્પથી ખીલેલું વૃક્ષ દૂર હોવા છતાં, તેનો સુગંધ સઘળે પ્રસરે, તેમ જીવનું ચૈતન્ય સર્વ શરીરવ્યાપી હોય છે

સર્વ જગદાદિ ક્રિયા માત્રનું નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ શુદ્ધ બ્રહ્મ જ છે. એમ વ્યાસસૂત્રોનો સિદ્ધાંત છે, છતાં તેના સંદેહનું નિવારણ કરવા “अन्वयादिरतः એ ભાગવતના પ્રથમ શ્લોકનું પ્રમાણ આગળ કરી, બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ અને નિમિત્ત અથવા સર્વકારણના પણ કારણ છે.” એમ સ્પષ્ટીકરણ કરે છે.

સર્વ વેદશાસ્ત્ર તથા ગીતાના ગૂઢ જ્ઞાનના સમૂહનો સાર શ્રીમદ્‌ભાગવત છે. તેથી તેને ‘निगमकल्पतरोः’—વેદ કલ્પવૃક્ષનું ગળેલું ફલ છે. ‘स्वानुभावमखिलश्रुतिसारम्’—પોતાના અનુભવેલા સર્વ વેદોનો સાર છે. ‘सर्ववेदेतिहासानांसारं सारं समुद्धृतम्—સર્વ વેદ ઇતિહાસના સાર સારનો સંગ્રહ છે.” એમ શ્રીવ્યાસજી જણાવે છે. શ્રીમદ્‌ભાગવતના આરંભમાં “यतः कृतः कृष्णसंप्रश्नः० એમ કહી શ્રીકૃષ્ણ સંબંધી પ્રશ્ન કરે છે અને” गोविंद गोपवनिता०—ગોપાંગનાઓ અને વ્રજ ભક્તોથી જેમનું યશોગાન થાય છે, એવા હે ગોવિંદ? તથા “कीर्तनादेव कृष्णस्य०—શ્રીકૃષ્ણના કીર્તનથી જ કલિયુગમાં મુક્તિ થાય છે.” એમ ઉપસંહાર કરે છે. એટલે પ્રારંભમાં અને સમાપ્તમાં શ્રીકૃષ્ણનો જ સંબંધ હોવાથી શ્રીમદ્‌ભાગવતથી જ ભગવાન્ જાણવા યોગ્ય છે. એમ નિશ્ચય થાય છે. **શ્રીકૃષ્ણના સ્વરૂપના જ અંશો મત્સ્ય-વરાહ-વામન વિગેરે અવતારો છે.** એ અવતારોનાં ચરિત્રો શ્રીકૃષ્ણનાં જ માહાત્મ્યને સૂચવનારાં છે. તથા રામાવતારનું ચરિત્ર પણ તેટલા માટે જ નિરૂપણ કર્યું. “कलौ कृष्णं यजन्ति,०—કલિયુગમાં શ્રીકૃષ્ણનું જ યજન કરે છે.” એમ આરંભ કરી “मायामृगं दयितयेप्सितमन्वधावत्”—પ્રિયા સીતાએ ઇચ્છેલા માયા મૃગની પાછળ દોડ્યા. “એમ શ્રીરામચંદ્ર ભગવાનનું સ્મરણ કરીને આ સર્વ અવતારો શ્રીકૃષ્ણનાં જ છે, એમ અભિપ્રાય સ્પષ્ટ કરે છે. આ અર્થ મુખ્ય હોવાથી “नमस्ते रघुवर्याय—આપ રઘુવરને નમસ્કાર કરું છું” એમ અક્રૂરજીએ વ્રજપતિની સ્તુતિ કરવાથી શ્રીમદ્‌ભાગવતવડે જાણવા યોગ્ય વ્રજવર નંદરાજ કુમાર શ્રીકૃષ્ણ જ છે

નંદરાજકુમાર શ્રીબાલકૃષ્ણની મુખ્યતા હોવાથી દ્વારકા મથુરાદિ લીલાઓમાં નંદપુત્રપણાથી જ ભગવાનનું સ્તુતિગાન થાય છે. “रामकृष्णौ परिष्वज्य पितारावभिवंद्य च०—બલરામ અને શ્રીકૃષ્ણે માતા પિતાને આલિંગન કરી વંદન કર્યું” એ શુકદેવજીના વપનથી ભગવાન નંદનંદન છે. “नंदगोपकुमाराय०— નંદગોપના કુમાર શ્રીગોવિંદ પ્રભુને વારંવાર પ્રણામ.” “यमंशाभागेन, आविवेशांशभागेन०—આ વચનોથી વાસુદેવાદિ ચતુર્વ્યૂહ મૂર્તિઓનું પણ અંશત્વ છે—એ પણ ભગવાન શ્રીકૃષ્ણના અંશરૂપ છે. નંદરાજકુમાર શ્રીબાલકૃષ્ણનું જ કેવલ પૂર્ણ પુરુષોત્તમપણું એમ શ્રીકૃષ્ણનું જ્ઞાનદાતા શ્રીઆચાર્યચરણે નિરૂપણ કર્યું છે. આ સિદ્ધાન્ત ભગવત્સ્વરૂપના પરિજ્ઞાનને યોગ્ય ભગવદીયોજ ભગવાનની કૃપા વડે જાણે છે. પૂર્ણાનંદ દાતાપણું. નંદરાજકુમારપણું એ બન્ને ભગવાનનાં લક્ષણ છે. એમ પહેલા અને ચોથા દર્શનમાં નિરૂપણ કર્યું છે.

શ્રીમદ્‌ભાગવતથી જાણવાયોગ્ય ભગવાન શ્રીકૃષ્ણ જ છે. એમ સ્કંધવાર દર્શાવે છેઃ—**પ્રથમસ્કંધમાં**-રથારૂઢ ભગવાન વર્ણવ્યા. તેમાં દારુક જેને સારથિ છે એવા, અર્જુનના સારથિ, પાંડવોના રક્ષક, વૈષ્ણવગર્ભના રક્ષક, શ્રીશુકદેવરૂપ, શ્રીકૃષ્ણ છે, **દ્વિતીય સ્કંધમાં**-હૃદય-કમલમાં વિહાર કરનાર, વ્યાપિવૈકુંઠમાં વિહાર કરનાર, બહુ અવતારી, બ્રહ્મા-નારદ શુક વિગેરેના ગુરુરૂપ, શ્રીકૃષ્ણ છે. **તૃતીય સ્કંધમાં**-વૃક્ષના મૂલમાં સ્થિતિ કરનાર મૈત્રેય અને ઉદ્ધવના ગુરુરૂપ, લીલા કરનાર, આત્માની ક્ષણે ક્ષણે સ્થિતિ કરનાર, શેષશાયી, કાલાત્મા, પદ્મનાભ, ધિપતિ, સનકાદિકોને વર આપનાર, વરાહ રૂપ, કર્દમને વર આપનાર, ગરુડાસન; કપિલરૂપ શ્રીકૃષ્ણ છે. **ચતુર્થસ્કંધમાં**-બ્રહ્મા-શંકર વિગેરે વિભૂતિઓ વડે વીંટાયેલા, ગુરૂપ, ધ્રુવજીને વર આપનાર, પૃથુરાજાએ ચરણપૂજા કરાયેલા, પ્રચેતસોને વર આપનાર, તથા બદ્રીનાથ શ્રીકૃષ્ણ છે, **પંચમસ્કંધમાં**-ઋષભદેવરૂપ, સંકર્ષણ-હયગ્રીવ વિગેરે નવ- પ, બ્રહ્માંડરૂપ શ્રીકૃષ્ણ છે. **ષષ્ઠસ્કંધમાં**-અજામિલને મુક્તિ આપનાર, દક્ષને વર આપનાર, -રક્ષક, વૃત્રાસુરને મુકત કરનાર અને સંકર્ષણરૂપ શ્રીકૃષ્ણ છે. **સપ્તમસ્કંધમાં**-બ્રહ્મા-નારદ- સિંહરૂપ, સર્વધર્મના રક્ષક, શ્રીનારદજીથી ગવાતા, પાંડવપ્રિય શ્રીકૃષ્ણ છે. **અષ્ટમસ્કંધમાં** ગજેન્દ્રને વર આપનાર, મન્વંતરના રક્ષક, વામન-કૂર્મ-ધન્વન્તરી-મોહિની મત્સ્યાદિ રૂપ શ્રીકૃષ્ણ છે. **નવમસ્કંધમાં** - અંબરીષ - ખટ્વાંગાદિ રાજાઓવડે પૂજાતા, રામચંદ્રરૂપ, પરશુરામરૂપ શ્રીકૃષ્ણ છે. **દશમ સ્કંધમાં**-નિત્યલીલાઓના કરનાર, સ્વયંપુરૂષોત્તમ શ્રીકૃષ્ણ છે. **એકાદશ સ્કંધમાં**-માયિક લીલાના કર્તા, જ્ઞાનદ્વારા મુક્તિ આપનાર, સંકર્ષણરૂપ શ્રીકૃષ્ણ છે, અને **દ્વાદશ સ્કંધમાં**-પોતાના કીર્તનથી સર્વનો ઉદ્ધાર કરનાર, કલ્કી-બદરીનારયણરૂપ, વટપત્રમાં શયન કરનાર, શિવ-સૂર્ય વિગેરે દેવોથી માનવા યોગ્યય, શ્રીભાગવત શાસ્ત્રના આચાર્યરૂપ , ફલદાન કરનાર શ્રીકૃષ્ણનું નિરૂપણ કર્યું છે. આ પ્રમાણે બારે સ્કંધમાં શ્રીકૃષ્ણની જ મુખ્યતા હોવાથી શ્રીભાગવતથી જાણવા યોગ્ય ભગવાન છે એ લક્ષણ સિદ્ધ થાય છે. માટે ભાગવતમાર્ગથી ભક્તોએ ભગવાન ભજવા, એમ સ્પષ્ટ છે.

દર્શન ૧૩ તેરમું સમાપ્ત

* * *

દર્શન ૧૪ ચૌદમું

(ભગવાન કીર્તન-શ્રવણ-પ્રેમ વિગેરેથી પ્રાપ્ત થાય છે.)

કેવલ સ્નેહથી સાધ્ય પુરાણ પુરુષોત્તમ,
દેવકી હૃદયાનંદી મને રક્ષો દયાનિધિ--૧

હવે ભગવાનના લક્ષણરૂપ નિધિને પ્રાપ્ત કરવાનું સાધન, શ્રવણ-કીર્તન-સ્મરણ-પ્રેમ વિગેરે મુખ્ય અંજન રૂપ છે.

હિનાધિકારી પ્રણાડી શ્રીભાગવતમાં 'શૃણ્વતાં સ્વકથાં કૃષ્ણઃ૦-(૧-૨-૧૭ થી ૨૨ સુધી) ના શ્લોકોમાં કથાશ્રવણ કરનાર મનુષ્યોના હૃદયમાં શ્રવણ અને કીર્તન, પવિત્ર સત્પુરુષોનું હિત કરનાર ભગવાન વિરાજીને તેમના અંતરની કામાદિ વાસનાઓનો નાશ કરે છે નિરન્તર શ્રીભાગવતના સેવનથી વાસનારૂપ અમંગળ નાશ પામે ત્યારે ઉત્તમ ભગવદીયો જેમનું કીર્તન કરે છે એવા પવિત્ર કીર્તિવાળા ભગવાનમાં નિશ્ચલ ભક્તિ થાય છે. તેથી રજોગુણ અને તમોગુણથી

થનારા કામલોભાદિ ભાવોથી મન પરાભવ પામતું નથી. અને સત્ત્વગુણથી સ્થિર રહી પ્રસન્ન બને છે—શાંત થાય છે. આ પ્રમાણે મન શાંત અને પ્રસન્ન થતાં ભગવદ્‌ભક્તિતા યોગવડે સંગથી મુક્ત થતાં વૈરાગ્ય પામી ભગવત્તત્ત્વનું વિશેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે. પછીથી પોતાના સ્વરૂપભૂત ઈશ્વરનો સાક્ષાત્કાર થતાં, એ ભક્તનાં હૃદયમાં અહંકારરૂપ ગાંઠ તુટી જાય છે, સર્વ સંશયો નાશ પામે છે, કર્મનાં ફળો ક્ષય પામે છે. એટલા માટે જ વિદ્વાનો—જ્ઞાનીઓ ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણને વિષે મનને શુદ્ધિ કરનારી ભક્તિ નિરંતર પરમાનંદથી કરે છે

આ ભાગવતનાં વચનો વડે કથાશ્રવણથી આરંભી ભગવાનની પ્રાપ્તિ હીન અધિકારીઓને આ પ્રણાલી દર્શાવવામાં આવે છે. મધ્યમાધિકારી-વ્યાસ જીના સંવાદરૂપ મધ્યમાધિકારી પ્રકરણમાં-મનન સહિત શ્રવણ ભક્તિવડે હૃદયમાં ભ સાક્ષાત્-કાર થયા પછી સુખ ને આનંદરૂપ કીર્તન-ભક્તિનો આરંભ છે, એમ વ્યવસ્થા કરી સિદ્ધ ક

ઉત્તમાધિકારી પરીક્ષિતરાજા વિગેરે એ તો ગર્ભમાં જ પ્રભુનો સાક્ષાત્ક કરનારા ઉત્તમ અધિકારીઓ શ્રવણ-કીર્તન વિગેરે પણ ફલ રૂપે જ કરે છે. એ ઉત્તમાધિકારી પ્રકરણના વિષયમાં "अल गायत विष्णुगाथाः०-ભગવાન શ્રીકૃષ્ણની કથાઓ કહો" એમ પરીક્ષિતનાં વચનથી નિશ્ચાય થાય છે. "मय्यावेशितवाक्चित्तो०-મારે વિષે વાણી અને ચિત-પરોવનાર, મારા ધર્મમાં આસક્ત રહેનાર એવો તું ત્રણે ગતિઓને ઓળંગી પછી મને પામીશ." એમ એકાદશ સ્કંધમાં ભગવાનનાં વાક્યથી કીર્તન વિગેરે ભગવાનની પ્રાપ્તિમાં મુખ્ય સાધન છે એમ સ્પષ્ટ થયું. "पीतिर्न यावन्मयि वासुदेवे०-શ્રીકૃષ્ણને વિષે જ્યાં સુધી પ્રેમ ન હોય ત્યાં સુધી દેહ અને ગેહના અભિમાનમાંથી મનુષ્ય મુક્ત થતો નથી." એમ ઋષભદેવના વચનથી પ્રેમ પણ પ્રભુપ્રાપ્તિમાં મુખ્ય સાધન છે. તે પ્રેમને જ ભક્તિ શબ્દથી કહેવામાં આવે છે. રાસ પંચાધ્યાયીમાં "भवदायुषांनः०- આપ જેમનાં આયુષ્યરૂપ છે એવાં અમે ગોપીઓ" એમ કહીને શ્રીગોપિકાઓએ દર્શાવેલી પ્રીતિ જ ભક્તોએ શ્રવણ—કીર્તન વિગેરે કરીને મેળવવી જોઇએ. તેવી પ્રીતિથી જ પ્રભુ પ્રાપ્ત થાય અને ભગવત્સંબંધમાં દૃઢ અનુરાગ પણ સિદ્ધ થાય. આ પ્રમાણે હોવાથી ભગવાનના લક્ષણ રૂપ નિધિને મેળવવામાં અને પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત કરવામાં શ્રીભાગવત જ મુખ્ય અંજનરૂપ છે. માટે તેમાં કહ્યા પ્રમાણે ભજન-સેવન કરવું યોગ્ય છે: એમ સર્વ પ્રકારે સુંદર રીતે સિદ્ધ કરવામાં આવ્યું:—

કૃપાએ શાર્ઙ્ગપાણિની રચ્યું પરતત્ત્વાંજન,
પ્રભુના દાસને લાગે સુણી આનંદ દાયક—૨
ભગવાન ગોપિકાપુત્ર પરમાનંદરૂપ એ
હો પ્રસન્ન દયાસિંધુ પ્રેમાળ સ્વજનો વિષે—૩
વનમાલાધર શ્રીમાન કાને ભૂષણ પુષ્પનાં
મને પ્રસન્ન હો કૃષ્ણ, ગોપિકા મધ્ય શોભતા—૪
હૃદયસ્થ દયાસિંધુ પુરુષોત્તમ પ્રેરતા
સ્વતંત્ર સ્વજનાધીન હો પ્રસન્ન મને સદા—૫

પરતત્ત્વાંજનનો અનુવાદ સંપૂર્ણ

पूर्वानुसंधानं ग्रन्थारंभे,—

विषय :—

अस्मिन् ग्रन्थे प्रतिपाद्यं परमतत्त्वं श्रीकृष्णरूपं प्रमेयं श्रीभागवततत्त्वसुबोधिनी–गीता–विद्वन्मंडनसूत्राणुभाष्यादिग्रन्थोक्तैः विविधप्रमाणैः चतुर्दशधा सुदृढमुपपादितमस्ति। लेखे वारंवारं श्रीमदाचार्याणां श्रीप्रभुचरणानां चाभिधानानि सुललितविशेषणैः संयोज्य, मंगलाचरणे प्रकरणान्ते च श्रीविट्ठलनाथचरणपरागोपजीविना ‘तत्प्रियेण’ “तदाज्ञाकिंकरेण” इत्यादिवाक्यैः गुरुभक्तिभावभरितमानसममनेनादर्शि।

निरक्षराधिकृते मुद्रणालये साक्षरसाहित्यमुद्रणसामयिकक्लेशः संशोधकैर्भूयोऽनुभूयते, तथापि मया स्खलितक्षमापनं भवत्सु निवेदितव्यं विवेकाय।

ग्रन्थमुद्रणप्राकट्यविलम्बे हेतू राजकीयप्रतिबन्धो ग्रंथप्रकाशनप्रत्यूहरूपोस्ति सर्वेषां, सौकर्यं संप्राप्य साम्प्रतं गोस्वामिश्रीव्रजरत्नलालजीमहाराजचरणानां सुवर्णजयन्तीमहोत्सवप्रसंगे एतत्प्राकाश्यं नीत्वा परतत्त्वबुभुत्सुकरकमलेषु परतत्त्वाञ्जनं सादरं समर्प्यते भगवदीयदासेनानेन चिमनशास्त्रिणा॥

भाद्रपदशुक्ल ७
सं. २००३

चिमनशास्त्री
सूरत–श्री. बा. शु. महासभा—

ચીમનલાલ શાસ્ત્રીએ સંશોધિત ગ્રન્થો

૧	શ્રીમદ્ભાગવતપ્રકરણવિભાગઃ	૦-૬-૦
૨	શ્રીમદ્ભાગવતાર્થનિબન્ધઃ, સપ્રકાશાવરણભઙ્ગયોજના પ્રક્ષિપ્તાધ્યાયસમર્થનયુતશ્ચ	૨-૦-૦
૩	ચતુઃશ્લોકી	૦-૧૨-૦
૪	શ્રીયમુનાષ્ટકમ્,ચતુષ્ટીકોપેતમ્,	૦-૧૨-૦
૫	,, ગુર્જરાનુવાદઃ	૦-૮-૦
૬	શ્રીવિવેકધૈર્યાશ્રયઃ સર્વટીકોપેતઃ સાનુવાદશ્ચ	૧-૦-૦
૭	ભક્તિમકરંદઃ	૦-૮-૦
૮	બાલબોધઃ-સાનુવાદઃ સર્વટીકોપેતઃ	૧-૦-૦
૯	દ્વિતીયસ્કન્ધસુબોધિનીપ્રકાશઃ	૧-૮-૦
૧૦	સૌન્દર્યપદ્ય-શિક્ષાશ્લોકાઃ-સટીકાઃ	૦-૪-૦
૧૧	પુષ્ટિમાર્ગોપદેશિકા ગુ. ભા-૧	૦-૮-૦
૧૨	પુષ્ટિમાર્ગોપદેશિકા ગુ. ભા-૨	૧-૦-૦
૧૩	,, પૂર્વાર્ધઃ ગુ. ભા-૩	૦-૧૨-૦
૧૪	ભાવસાગરઃ	૦-૧-૦
૧૫	પરતત્ત્વાઞ્જનમ્ સાનુવાદમ્	૧-૦-૦
૧૬	ઉત્સવનિર્ણયસમુચ્ચયઃ સંસ્કૃત વિભાગઃ	૩-૦-૦
૧૭	પ્રશ્નોત્તરમાલિકા	૨-૦-૦
૧૮	શ્રીકૃષ્ણસ્તોત્રરત્નાકરઃ	લલુભાઈ છગનલાલ
૧૯	ષોડશગ્રન્થાનુવાદઃ	
૨૦	પુષ્ટિસુધાકરઃ	
૨૧	અન્તઃકરણપ્રબોધઃ સસર્વટીકઃ	૦-૮-૦
૨૨	નામરત્નં સટીકમ્	૦-૬-૦
૨૩	ભક્તિહેતુઃ સટીકઃ	૦-૬-૦
૨૪	વૃત્રાસુરચતુઃશ્લોકી સર્વટીકાયુતા	૦-૬-૦
૨૫	જલભેદવિચારઃ ગુ૦	૦-૧-૦

મુદ્રક : કાલિદાસ કૃપાશંકર શેલત
મુદ્રણાલય : 'પ્રતાપ' પ્રીં. પ્રેસ, મહાત્મા ગાંધી રોડ, સુરત
પ્રકાશક : ચીમનલાલ હરિશંકર શાસ્ત્રી. મોટા મંદિર, સુરત